દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 61 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ફાલ્ગુન સુદ- ૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 March 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26
ગુરુવાર, ૧૩ માર્ચ ૨૦૨૫ (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ ૫ ૬ ૭ ૮
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ધુળેટી-જુમાની નમાજને લઈને તંગદિલી





**ધુળેટી :** દેહરાદૂનમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ઓફિસમાં યોજાયેલા 'હોળી મિલન' કાર્યક્રમમાં એકબીજાને ગુલાલ લગાડતી મહિલાઓ. (પીટીઆઈ)


**મસ્જિદને તાડપત્રીઃ** ઉત્તર પ્રદેશના શાહજહાંપુરમાં હોળી નિમિત્તે નીકળનારા 'લાટ સાહેબ' સરઘસ દરમિયાન હોળીનો રંગ ન ઊડે એ માટે મસ્જિદમાં તાડપત્રી લગાડવામાં આવી હતી. (પીટીઆઈ)

નવી દિલ્હી : ધુળેટી અને રમજાનમાંની જુમાની નમાજ એક જ દિવસે (૧૪ માર્ચે) હોવાથી દેશભરમાં અનેક ઠેકાણે તંગદિલી જોવા મળે છે અને તે દિવસે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેનું ધ્યાન રાખવા પોલીસ તેમ જ સલામતી દળોને સંવેદનશીલ વિસ્તારોમાં મોટી સંખ્યામાં ગોઠવવામાં આવ્યાં છે.

અયોધ્યા, સંભલ સહિત અનેક શહેરોમાં ધુળેટીની ઉજવણી પછી એટલે કે બપોરના બે વાગ્યા પછી જ જુમાની નમાજ પઢવા હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે સમજૂતી સધાઈ છે., જ્યારે બિહારમાં દરભંગાના મેયરે ધુળેટી અને જુમાની નમાજ વચ્ચે બે કલાકનો તફાવત રાખવાનું નિવેદન કરતાં વિવાદ ઊભો થયો હતો.

આ દરખાસ્ત ઉત્તર બિહારમાં શાંતિ સમિતિની બેઠકમાં મેયર અંજુમ અરાએ મૂકી હતી. પત્રકારો સાથે વાતચીત કરતાં અંજુમે કહ્યું હતું કે મારો અનુરોધ એ છે કે 'જુમા નમાજ'નો સમય મોકૂફ રાખી શકાય એમ નથી. માટે બપોરના બાર વાગ્યાથી બે વાગ્યા સુધી હિંદુઓએ મસ્જિદની નજીકનાં સ્થળોને ટાળવાં જોઈએ. આને

(જુઓ પાનું ૨) ▸▸




મુંબઈ સમાચાર

મુંબઈ સમાચારની ઑફિસ તા.૧૩-૩-૨૦૨૫, ગુરુવારે હોળી નિમિત્તે બંધ રહેવાની હોવાથી તા.૧૪-૩-૨૦૨૫, શુક્રવારે ધુળેટીના દિવસે અખબાર પ્રસિદ્ધ નહિ થાય, તેની વાચકો અને અન્ય લોકોએ નોંધ લેવી.

-વ્યવસ્થાપક.

# સંભલમાં મસ્જિદો તાડપત્રીથી ઢંકાશે

સંભલઃ ઉત્તર પ્રદેશના સંભલમાં હોળીના અવસરે રોડ કિનારે આવેલી મસ્જિદોની સુરક્ષા માટે પોલીસ અને વહીવટીતંત્ર તેને પોલિથીનથી ઢાંકવાની તૈયારીઓ કરી રહ્યું છે. આ માટે ઉચ્ચ અધિકારીઓ દ્વારા તમામ પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જને સૂચનાઓ આપવામાં આવી છે, જેથી તેઓ સમયસર મસ્જિદોને ઢાંકી દે.

હોળી એ હિન્દુ સમુદાયનો મહત્ત્વનો તહેવાર છે. આ અવસર પર લોકો એકબીજા પર રંગ અને ગુલાલ લગાવે છે. બીજી તરફ ચૌપાઈ શોભાયાત્રા પણ કાઢવામાં આવે છે, જેમાં લોકો એકબીજા પર તેમજ અન્ય લોકો પર રંગો ઉડાડે છે.

એએસપી શ્રીશચંદ્રએ જણાવ્યું હતું કે સંભલમાં હોળીની ચોપાઇયોની શોભાયાત્રા જે પરંપરાગત માર્ગ પરથી પસાર થાય છે તેના પર સ્થિત તમામ ધાર્મિક સ્થળોને બંને પક્ષો વચ્ચેની સંમતિના આધારે આવરી લેવામાં આવશે. આ માટેની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને ટૂંક સમયમાં કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

તેમના જણાવ્યા મુજબ, ચોપાઈ શોભાયાત્રાના રૂટ પર આવી ૧૦ મસ્જિદો છે, જેને ઢાંકી દેવામાં આવશે. આ અંગે બંને પક્ષના લોકો સાથે ચર્ચા કરવામાં આવી છે.

(જુઓ પાનું ૨) ▸▸

# મોંઘવારી ઘટી, ઔદ્યોગિક ઉત્પાદન વધ્યું

## વ્યાજદર ઓછા થવાની આશા

નવી દિલ્હી : દેશમાં શાકભાજી અને પ્રોટીનથી સમૃદ્ધ ખાદ્યસામગ્રી સહિત અનેક ચીજોના ભાવ ઘટતાં છૂટક ફુગાવાનો દર ઘટીને ૩.૬૧ ટકા થઈ ગયો છે અને તેને લીધે રિઝર્વ બૅન્ક દ્વારા વ્યાજદરમાં આગામી મહિને ઘટાડો થઈ શકે છે. દરમિયાન મેન્યુફેકચરિંગ ક્ષેત્રે સારી કામગીરીને લીધે ઔદ્યોગિક ઉત્પાદનનો વિકાસદર વધીને પાંચ ટકા થયો હતો.

કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ આધારિત છૂટક ફુગાવો જાન્યુઆરીમાં ૪.૨૬ ટકા હતો અને ફેબ્રુઆરી ૨૦૨૪માં ૫.૦૯ ટકા હતો. ફેબ્રુઆરી ૨૦૨૫નો વર્ષાનુવાર ફુગાવાનો દર ૩.૭૫ ટકા હતો એવી માહિતી નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસે (એનએસઓ)આપી હતી. એનએસઓએ કહ્યું હતું કે જાન્યુઆરી ૨૦૨૫ની તુલનામાં ફૂડના ફુગાવામાં ૨૨૨ બેસિસ પોઈન્ટનો મોટો ઘટાડો જોવા મળ્યો હતો. આ ફૂડનો ફુગાવો મે ૨૦૨૩ પછીનો સૌથી ઓછો છે.

આરબીઆઈએ ફુગાવાની ચિંતા દૂર થતાં ગયા મહિને શોર્ટ ટર્મ લેન્ડિંગ રેટ (રેપો)માં ૨૫ બેસિસ પોઈન્ટસનો ઘટાડો કર્યો હતો. કેન્દ્રીય બૅન્ક ૯ એપ્રિલે બે મહિનાની મોનેટરી પૉલિસીની જાહેરાત કરશે. દરમિયાન સરકારે ગયા મહિને ડિસેમ્બર ૨૦૨૪ના ઈન્ડસ્ટ્રિયલ ગ્રોથ માટે ૩.૨ ટકાનો અંદાજ આપ્યો હતો, પરંતુ હવે તે સુધારીને ૩.૫નો કર્યો હતો. (એજન્સી)■

# સંભલમાં ભગવાન વિષ્ણુનું મંદિર તોડાયું હતુંઃ યોગી

લખનઊઃ સંભલ મસ્જિદ વિવાદ વચ્ચે ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે બુધવારે મોટું નિવેદન આપ્યું હતું. કોઈની આસ્થા બળજબરીથી છીનવી લેવી અને તેમની માન્યતાઓને કચડી નાખવી એ 'અસ્વીકાર્ય' છે, ખાસ કરીને 'જ્યારે આપણે સંભલ વિશે સત્ય જાણીએ છીએ' જે ઇસ્લામ પહેલાંનું છે, જ્યાં ૧૫૨૬માં વિષ્ણુ મંદિરનો નાશ કરવામાં આવ્યો હતો, એમ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

મુખ્ય પ્રધાન આદિત્યનાથે જણાવ્યું કે સંભલનો ઉલ્લેખ ૫૦૦૦ વર્ષ જૂનાં શાસ્ત્રોમાં છે. તેમાં ભગવાન વિષ્ણુના ભાવિ અવતારનો ઉલ્લેખ છે. બીજી બાજુ ઇસ્લામનો ઉદય માત્ર ૧૪૦૦ વર્ષ પહેલાં થયો હતો. હું એની વાત કરી રહ્યો છું જે ઇસ્લામ કરતાં

(જુઓ પાનું ૨) ▸▸

# ગુજરાતમાં હેવાનિયતની હદ વટાવાઈ

## વિદ્યાર્થિની પર સાત જણે ૧૬ મહિના બળાત્કાર કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠાના પાલનપુરમાં કૉલેજમાં ભણતી એક યુવતીને તેની જાણ બહાર અશ્લીલ વીડિયો બનાવી સાત લોકોએ વારંવાર બ્લેકમેઈલ કરીને ૧૬ મહિના સુધી દુષ્કર્મ ગુજાર્યું હતું. પીડિત યુવતીએ એક સગીર સહિત છ ઇસમો સામે બળાત્કાર ગુજારવાની ફરિયાદ નોંધાવતાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ૨૦૨૩માં પાલનપુરમાં કૉલેજમાં

(જુઓ પાનું ૨) ▸▸

# પ્રથમ ચંદ્રગ્રહણ ભારતમાં નહીં દેખાય

નવી દિલ્હીઃ ચાલુ વર્ષનું પ્રથમ ચંદ્રગ્રહણ હોળી અને ધુળેટીના દિવસ એટલે કે ૧૩ અને ૧૪ માર્ચ વચ્ચેની રાતે યોજાવાનું છે, પણ તે ભારતમાં નહિ દેખાય. આ ચંદ્રગ્રહણ અમેરિકા, પશ્ચિમ યુરોપ, એટલાન્ટિક મહાસાગર ખાતેથી જોઇ શકાશે.

વર્ષના પ્રથમ ચંદ્રગ્રહણમાં ચંદ્ર રાતો દેખાવાનો હોવાથી તેને 'બ્લડ મૂન' પણ કહેવાય છે. ઇસ્ટર્ન ડેલાઇટ ટાઇમ રાતના ૧૧.૫૭થી સવારના છ વાગ્યા સુધી યોજાનારું આ ચંદ્રગ્રહણ ૨.૨૬ વાગ્યાથી ૩.૩૧ વાગ્યા સુધી પૂર્ણ દેખાશે. આ ચંદ્રગ્રહણને વિશ્વના ૧૩ ટકા લોકો જ જોઇ શકશે. આ પ્રકારનું ચંદ્રગ્રહણ ૨૦૨૨ના નવેમ્બર બાદ પ્રથમ વખત દેખાશે. જ્યોતિષની દૃષ્ટિએ મેષ, મિથુન, કુંભ રાશિના લોકોને આ ચંદ્રગ્રહણ લાભ કરાવશે. કુંભ રાશિમાં બિરાજમાન શનિ શશ નામક રાજયોગનું નિર્માણ કરશે. ચાલુ વર્ષે દેખાનારા ચાર ગ્રહણમાંના બે સૂર્યગ્રહણ અને બે ચંદ્રગ્રહણ હશે. હવે પછીનું ચંદ્રગ્રહણ સાત અને આઠ સપ્ટેમ્બરની વચ્ચેની રાતે દેખાશે અને તે ભારતમાંથી દેખાવાની આશા રખાય છે.

પૃથ્વી ચંદ્ર અને સૂર્યની વચ્ચે આવવાથી ચંદ્રગ્રહણ થાય છે. ■

# યુનિવર્સિટી રેન્કિંગમાં દુનિયાની ટોચની ૫૦માં ભારતની નવ

નવી દિલ્હીઃ ક્યૂએસ વિષયવાર રેન્કિંગમાં દુનિયાની ટોચની ૫૦માંથી નવ ભારતીય યુનિવર્સિટીઓ અને સંસ્થાઓ સામેલ છે. જ્યારે આ યાદીમાં સામેલ કેટલીક ટોચની સંસ્થાઓ જેમ કે ત્રણ આઇઆઇટી, બે આઇઆઇએમ અને જેએનયૂના સ્થાનમાં ગયા વર્ષની સરખામણીમાં રેન્કિંગમાં ઘટાડો જોવા મળ્યો છે. બુધવારે જાહેર કરાયેલા 'ક્યૂએસ વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ્સ'ના ૧૫મા એડિશન અનુસાર, ભારતે વિષયવાર રેન્કિંગ અને વ્યાપક ફેકલ્ટી ક્ષેત્રોમાં ટોચના ૫૦માં ૧૨ સ્થાન હાંસલ કર્યા છે.

આ મામલામાં ધનબાદ સ્થિત ઇન્ડિયન સ્કૂલ ઓફ માઇન્સ (આઇએસએમ) અગ્રણી રહી છે જે એન્જિનિયરિંગ-મિનરલ્સ અને માઇનિંગ વિષય માટે વૈશ્વિક સ્તરે ૨૦મા ક્રમે છે. એન્જિનિયરિંગ-ખનિજ

(જુઓ પાનું ૨) ▸▸

# ભારત-મૉરિશસ વચ્ચે આઠ કરાર કરાયા

પોર્ટ લુઈસઃ ભારત અને મૉરિશસે બુધવારે તેમના સંબંધોને સુદૃઢ બનાવીને 'વ્યૂહાત્મક ભાગીદારી'માં ફેરવ્યા હતા અને વેપાર અને દરિયાઈ સુરક્ષા સહિત આઠ ક્ષેત્રોમાં સહકાર સાધવા આઠ કરાર કર્યા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગ્લોબલ સાઉથના વિકાસનું મહત્ત્વાકાંક્ષી વિઝનનું અનાવરણ કર્યું હતું.

કરારો પ્રમાણે સરહદ પાર ટ્રાન્ઝેક્શનમાં રાષ્ટ્રીય ચલણના ઉપયોગને ઉત્તેજન આપવામાં આવશે, દરિયાઈ માહિતી આપવામાં આવશે, કાળાં નાણાંને ધોળાં કરવાનું રોકવામાં સંયુક્ત કાર્ય કરવામાં આવશે અને માઈક્રો, સ્મોલ, મીડિયમ એન્ટરપ્રાઈઝીસ (એમએસએમઈ) ક્ષેત્રમાં સહકાર વધારવામાં આવશે. (એજન્સી)■

# અમેરિકા થાય તે કરી લેઃ ઈરાન

તેહરાનઃ ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેજેશકિયને કહ્યું હતું કે તેમનો દેશ અમેરિકા સાથે વાતચીત નહીં કરે. તેમણે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પને કહ્યું કે તમે જે ઈચ્છો તે કરી શકો છો, પણ અમે વાતચીત કરીશું નહીં. તેમણે કહ્યું હતું કે એ અમારા માટે અસ્વીકાર્ય છે કે તે (અમેરિકા) આદેશ આપે અને ધમકીઓ આપે. હું તમારી સાથે વાતચીત કરીશ નહીં. તમે જે ઈચ્છો તે કરી શકો છો.

વાસ્તવમાં તાજેતરમાં જ ડોનલ્ડ ટ્રમ્પે ઇરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લાહ અલી ખામનેઇને પત્ર લખ્યો હતો જેમાં નવી ન્યૂક્લિયર ડીલ પર વાતચીત કરવાની અપીલ કરી હતી. જ્યારે ખામનેઇએ વાતચીત કરવાનો ઇનકાર કરી દીધો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અયાતુલ્લાહ અલી ખામનેઇએ કહ્યું હતું કે તેહરાનને વાતચીત માટે મજબૂર કરી શકાય નહીં. ■



## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પાકિસ્તાનમાં બલોચ પ્રજાની આઝાદીની લડાઈ વૈશ્વિક સ્તરે ચમકી

**પાકિસ્તાનમાં** આતંકવાદી ઘટનાઓની નવાઈ નથી, પણ આતંકવાદીઓ આખી ટ્રેનને હાઈજેક કરી જાય એ સાંભળીને ચોક્કસ આંચકો લાગે. પાકિસ્તાનમાં બલૂચ લિબરેશન આર્મી (BLA)એ જાફર એક્સપ્રેસ પર હુમલો કરીને ટ્રેનને હાઈજેક કરી એ આવી જ ઘટના છે. ક્વેટાથી પેશાવર જઈ રહેલી આ ટ્રેનમાં ૫૦૦ જેટલા મુસાફરો સવાર હતા.

બલૂચ લિબરેશન આર્મીએ આખી ટ્રેનને હાઈજેક કરીને ૨૧૪ મુસાફરોને બંદી બનાવી લીધા. જાફર એક્સપ્રેસ સવારે ૯ વાગ્યે ક્વેટાથી પેશાવર જવા રવાના થઈ હતી અને સિબી સ્ટેશન પહોંચવાનો સમય બપોરે ૧.૩૦ વાગ્યાનો હતો, પણ ટ્રેન સિબિ પહોંચી જ નહીં. બપોરે લગભગ ૧ વાગ્યે, બલુચિસ્તાનના બોલાન જિલ્લાના મશ્કાફ વિસ્તારમાં બીએલએના માણસો ત્રાટક્યા અને હુમલો કરીને ટ્રેનને પોતાના કબજામાં લઈ લીધી.

બલૂચ લિબરેશન આર્મીએ બોલાનના મશ્કાફમાં ગુડાલર અને પીરુ કુનરી વચ્ચે હુમલો કર્યો કેમ કે આ પહાડી વિસ્તારમાં ટ્રેનને પસાર કરવા માટે ૧૭ ટનલમાંથી પસાર થવું પડે છે. ટનલ આવે એટલે ટ્રેન ધીમી ગતિએ ચલાવવી પડે છે. બીએલએએ જોરદાર પ્લાનિંગ કરી રાખેલું તેથી ટ્રેન ટનલોની વચ્ચોવચ્ચ આવી ત્યારે જ એટલે કે ટનલ નંબર ૮માં હુમલો કર્યો. બીએલએએ ટનલ નંબર-૮માં રેલવે ટ્રેક ઉડાવી દીધો તેથી જાફર એક્સપ્રેસ પાટા પરથી ઊતરી ગઈ.

બીએલએના માણસો તૈયાર બેઠા હતા તેથી તેમણે ધડાધડ ગોળીબાર શરૂ કર્યો ને સૌથી પહેલાં ટ્રેન ડ્રાઈવરને ઘાયલ કરી દીધો કે જેથી એ ચાલાકી કરીને ટ્રેનને ભગાડવાની કોશિશ ના કરે. આ ટ્રેનમાં આર્મીના જવાનો, પોલીસ અને આઈએસઆઈના એજન્ટો પંજાબ જઈ રહ્યા હતા. બીએલએ પાસે તેની પણ માહિતી હતી તેથી તેમના ડબ્બાને ટાર્ગેટ કરીને જબરદસ્ત ગોળીબાર કરાયો. પાકિસ્તાનના માણસોએ સામો ગોળીબાર કર્યો, પણ બીએલએની તૈયારી વધારે હતી એટલે ધડાધડ તેના માણસો ટ્રેનમાં ચડી ગયા ને ટ્રેન કબજે કરી લીધી. આવું કંઈ બનશે એવી કોઈને કલ્પના નહોતી તેથી કોઈ એક્શન થાય એ પહેલાં તો બીએલએના માણસો ઘણા બધા લોકોને ટ્રેનમાંથી ઉતારીને પહાડી વિસ્તારોમાં લઈ ગયા.

બલૂચ લિબરેશન આર્મીના હુમલાથી ચોંકેલું પાકિસ્તાની લશ્કર હરકતમાં આવ્યું ત્યાં સુધીમાં ૧૦૦થી વધારે માણસોને બીએલએના લોકો પહાડી વિસ્તારમાં લઈ ગયા હતા. સુરક્ષા દળોએ ટ્રેનમાં રહી ગયેલા લોકોમાંથી ૪૩ પુરુષો, ૨૬ મહિલાઓ અને ૧૧ બાળકો મળીને ૮૦ બંદીને બચાવ્યા છે, પણ તેમાં પાકિસ્તાન આર્મીએ કોઈ બહાદુરી બતાવી નથી. બીએલએના મોટા ભાગના માણસો ટ્રેન છોડીને જતા રહેલા એટલે મુસાફરોને બહાર લાવવા માટે વધારે મહેનત કરવાની જરૂર નહોતી.

જોકે બીએલએએ ટ્રેન પરનો કબજો છોડ્યો નથી તેથી પાકિસ્તાન આર્મી બે મોરચે લડી રહ્યું છે, પણ તેમાં અસલી લડાઈ બીએલએ જેમને અંદર લઈ ગયું એ લોકોને છોડાવવાની છે. અલબત્ત બીએલએએ ટ્રેનમાં વિસ્ફોટ કર્યો તેનો એક વીડિયો પણ વાયરલ થયેલો છે તેથી બીએલએ પૂરી તૈયારી કરીને આવ્યું છે એ સ્પષ્ટ છે. પાકિસ્તાન આર્મી નજીક આવે તો બ્લાસ્ટ કરીને ટ્રેનને ઉડાવી દેવાની પણ તેમની તૈયારી છે એ સ્પષ્ટ છે તેથી પાકિસ્તાન આર્મી માટે બંને બાજુ મરો છે.

બંદીઓને છોડાવવામાં પાકિસ્તાનના ૩૦ સૈનિકો તો ઢબી ગયા છે ને બીજા કેટલા ઢબી જશે એ ખબર નથી. હજુ ૧૪૦ જેટલા બંદી બીએલએના કબજામાં છે. પાકિસ્તાનનો દાવો છે કે, બીએલએ નિર્દોષ સ્ત્રીઓ અને બાળકોનો ઢાલ તરીકે ઉપયોગ કરીને કાયરતા બતાવી રહ્યું છે. સામે બીએલએનું કહેવું છે કે, પાકિસ્તાન આર્મી, પોલીસ, આતંકવાદ વિરોધી દળ (ATF) અને ઇન્ટર-સર્વિસિસ ઇન્ટેલિજન્સ (ISI)ના એજન્ટોને જ બંદી બનાવ્યા છે જ્યારે મહિલાઓ, બાળકો અને બલૂચ યાત્રાળુઓને છોડી મૂક્યાં છે.

બીએલએએ પાકિસ્તાન સરકારને તેના માણસોની મુક્તિના બદલામાં આ બંદીઓને છોડાશે એવું વચન આપ્યું છે. બીએલએએ પાકિસ્તાન સરકારને ૪૮ કલાકનું અલ્ટીમેટમ પણ આપ્યું છે. બીજી તરફ પાકિસ્તાન આર્મી બાકીના બંદીઓને મુક્ત કરાવવાની કામગીરીમાં લાગેલું છે તેથી અત્યારે તો કોઈ થ્રિલરમાં બને એવી ઘટનાઓ બની રહી છે.

બલૂચિસ્તાનમાં બનેલી ઘટનાએ પાકિસ્તાનને આખી દુનિયા સામે ડફોળ અને આતંકવાદીઓનો અડ્ડો સાબિત કરી દીધું છે. ગયા વર્ષે ઑગસ્ટમાં જ બીએલએએ જફર એક્સપ્રેસના પર કોલપુર અને માખ વચ્ચેનો પુલ ઉડાવી દેતાં ટ્રેન સેવા બંધ થઈ ગઈ હતી. લગભગ બે મહિનાની મહેનત પછી માંડ માંડ પુલનું સમારકામ કરાયું પછી ઓક્ટોબર ૨૦૨૪થી ટ્રેન સેવા ફરી શરૂ કરવામાં આવી હતી. પાકિસ્તાને એ વખતે જ સમજી જવાની જરૂર હતી કે, બીએલએ ગમે ત્યારે આ રૂટને ફરી ટાર્ગેટ કરશે જ.

પાકિસ્તાનને એમ હશે કે, બીએલએ ફરી આ રીતે બ્લાસ્ટ કરીને ટ્રેનના પાટા ઉડાવી દેવાની હરકત કરશે, પણ આખી ટ્રેન હાઈજેક કરી લેશે એવી કલ્પના પણ નહીં હોય એટલે ટ્રેનની અંદર બહુ ગાર્ડ રાખ્યા નહીં તેમાં પોપટ થઈ ગયો. પાકિસ્તાનની આર્મીએ ટ્રેન મારફતે મોકલેલા જવાનોએ બીએલએના માણસો પર ગોળીબાર કર્યો અને બૉમ્બ પણ ફેંક્યા, પણ તેમાં પ્રવાસીઓ પર જ જોખમ હોવાથી એ ઓપરેશન પણ બંધ રાખવું પડ્યું છે.

બીએલએએ બંદી બનાવેલા પ્રવાસીઓનું શું થાય છે તે ખબર નથી, પણ આ ઘટનાના કારણે પાકિસ્તાનથી આઝાદ થવા માગતા બલૂચ લડવૈયાઓ તરફ આખી દુનિયાનું ધ્યાન ખેંચાયું છે. બલૂચ લિબરેશન આર્મી એટલે કે બીએલએની સ્થાપના ૧૯૭૦માં થઈ, પણ બલૂચ પ્રજા પાકિસ્તાનથી આઝાદ થવા છેક ૧૯૪૭થી લડે છે. ભારત-પાકિસ્તાનના ભાગલા પછી બૂલૂચ પ્રજાનો મોટો વર્ગ એક સ્વતંત્ર દેશ તરીકે રહેવા માગતો હતો, પણ તેમની સંમતિ વિના તેમને પાકિસ્તાનમાં ભેળવી દેવામાં આવ્યા. બલુચિસ્તાનને પાકિસ્તાનનો પ્રાંત બનાવાયો ને સ્વતંત્રતા ઇચ્છતા લોકો ભવિષ્યમાં માથું ના ઊંચકે એ માટે લશ્કરે અત્યાચારો શરૂ કર્યા તેથી પાકિસ્તાન આર્મી અને લોકો વચ્ચેનો સંઘર્ષ સતત ચાલ્યા કરે છે.

બલુચિસ્તાનમાં આઝાદીની માંગણી કરતાં ઘણાં સંગઠનો છે, પરંતુ બલુચિસ્તાન લિબરેશન આર્મી (BLA) સૌથી શક્તિશાળી સંગઠન છે. ૧૯૭૦ના દાયકામાં અસ્તિત્વમાં આવેલા બીએલએનો છેલ્લાં કેટલાંક વરસોમાં પ્રભાવ વધ્યો છે. પાકિસ્તાન સરકારે ૨૦૦૭માં બલુચિસ્તાન લિબરેશન આર્મીને આતંકવાદી સંગઠન જાહેર કર્યું હતું, પણ તેનાથી ડર્યા વિના બીએલએ જંગ ખેલ્યા કરે છે.

પાકિસ્તાન ભારત બીએલએને મદદ કરતું હોવાનો આક્ષેપ મૂકે છે, પણ તેના કોઈ પુરાવા આપી શકતું નથી. અલબત્ત ભારત મદદ કરતું હોય તો તેમાં કશું ખોટું નથી કેમ કે પાકિસ્તાન ભારતમાં આતંકવાદને ભડકાવે જ છે ને? જેવા સાથે તેવા થવામાં કશું ખોટું નથી.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર વસંતઋતુ, ગુરુવાર, તા. ૧૩-૩-૨૦૨૫,
વ્રતની પૂનમ, હોલિકાદહન

- ભારતીય દિનાંક ૨૨, માહે ફાગણ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ફાગણ સુદ -૧૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ફાગણ, તિથિ સુદ-૧૪
- પારસી શહેનશાહી રોજ ૧લો હોરમજદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧લો હોરમજદ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૨મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૪મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૩૦-૧૯ સુધી (તા. ૧૪મી),
- પછી ઉત્તરા ફાલ્ગુની.
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૬, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૧૧-૫૧, મધ્યરાત્રે ક. ૦૦-૦૯
- ઓટઃ સાંજે ક. ૦૭-૫૫, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૨૫ (તા. ૧૪મી)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ફાગણ શુક્લ - ચતુર્દશી. વ્રતની પૂનમ, હુતાશની પૂર્ણિમા, હોલિકાદહન, મન્વાદિ, પારસી ૮મો આવાં માસારંભ, ભદ્રા સવારે ક.૧૦-૩૭થી ૨૩-૨૮.

- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે. સાંસ્કૃતિક, પૌરાણિક, ધાર્મિક મહા પર્વ.
- મુહૂર્ત વિશેષઃ તર્પણ શ્રાદ્ધ, કુળ દેવી-દેવતાનાં તીર્થ દર્શન યાત્રા, નૈવેદ્ય, પૂજન, વ્રતની પૂનમ, હોળીનો ઉપવાસ, હોલિકા દહન, પૂજન, હોળી પ્રાગટ્યમાં ભદ્રા દોષ ગ્રાહ્ય નથી. સંધ્યા થયા પછી હોલી પ્રગટાવવી. મુહૂર્ત આવશ્યક નથી. શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી લક્ષ્મીનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્ત્રોત્રપાઠ વાંચન, તુલસી પૂજા, ઈશ્વરભક્તિ, ગુરુભક્તિનો મહિમા.

ભગવાન નૃસિંહની પૂજા, સ્ત્રોત્ર વાંચન, મહાલક્ષ્મી માતાનું પૂજન, વિઠ્ઠલ-રુક્મિણી, નરનારાયણ મંદિર, શ્રીનાથજી, કૃષ્ણ મંદિર સર્વ મંદિરોમાં ધામધૂમથી હોળી ઉત્સવ, સંગીત, નૃત્ય સાંસ્કૃતિક કાર્યક્રમોનો મહિમા.

- આચમનઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ વેપારમાં રુચિ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ.
- ગોચરગ્રહોઃ સૂર્ય-કુંભ, માર્ગી મંગળ-મિથુન, બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, વક્રી શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

--------------------

ઉત્તરાયણ - સૌર વસંતઋતુ, શુક્રવાર, તા. ૧૪-૩-૨૦૨૫,

### ધૂલીવંદન હોળાષ્ટક સમાપ્તિ

- ભારતીય દિનાંક ૨૩, માહે ફાગણ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ફાગણ સુદ -૧૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ફાગણ, તિથિ સુદ-૧૫
- પારસી શહેનશાહી રોજ ૨જો બેહમન, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨જો બેહમન, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૩મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૫મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની.
- ચંદ્ર સિંહમાં બપોરે ક. ૧૫-૫૫ સુધી, પછી કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ), કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૨, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૬, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૨-૨૩, મધ્યરાત્રે ક. ૦૦-૩૫
- ઓટઃ સાંજે ક. ૧૮-૨૪, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૪૭ (તા. ૧૫મી)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ફાગણ શુક્લ - પૂર્ણિમા. ધુળેટી, ધૂલીવંદન, હોળાષ્ટક સમાપ્તિ ક. ૧૨-૨૪. અભ્યંગ સ્નાન, અન્વાધાન, કરિદીન, શ્રી ચૈતન્ય જયંતી, ખગ્રાસ ચંદ્રગ્રહણ (ભારતમાં દેખાશે નહીં), સૂર્ય મીનમાં સાંજે ક. ૧૮-૪૯, મું. ૪૫, સમર્ઘ, સંક્રાંતિ પુણ્યકાળ મધ્યાહનથી સૂર્યાસ્ત, મીન માસારંભ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શિવ-પાર્વતી પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, વિનાયક પૂજા, ગૌમાતાનું પૂજન, સંક્રાંતિ પુણ્યકાળમાં તીર્થસ્નાન, સૂર્યપૂજા, વિષ્ણુપૂજા, તર્પણ શ્રાદ્ધ, દાન, જપ, તપ ઈત્યાદિ થઈ શકે છે. પીપળાનું પૂજન, ધ્રુવદેવતાનું પૂજન, અર્યમા પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, આજે કરિદીન હોય સાંસારિક, માંગલિક કાર્ય વર્જ્ય છે. પરંતુ નક્ષત્ર અનુસાર બાળકને પ્રથમ ભગવાન સૂર્યનારાયણના દર્શન બપોરે ક. ૧૨-૨૪ પછી થઈ શકે છે. ધજા-કળશ, પતાકા ચઢાવવી, મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા.
- આચમનઃ ચંદ્ર-શનિ પ્રતિયુતિ મતલબી, સૂર્ય-ચંદ્ર પ્રતિયુતિ વ્યવહારમાં સાવચેતી રાખવી, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ મૌલિક વિચારના, ચંદ્ર-રાહુ પ્રતિયુતિ શંકાશીલ, ચંદ્ર-નેપ્ચ્યૂન પ્રતિયુતિ ચાલબાજીવાળા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ પ્રતિયુતિ, સૂર્ય-ચંદ્ર પ્રતિયુતિ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-રાહુ પ્રતિયુતિ, ચંદ્ર-નેપ્ચ્યૂન પ્રતિયુતિ, સૂર્ય ક્રાંતિવૃત્ત પર આવી દક્ષિણે થશે. ખગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે નહીં. ફાલ્ગુન પૂર્ણિમા યોગ.
- ગોચરગ્રહોઃ સૂર્ય-કુંભ/મીન, માર્ગી મંગળ-મિથુન, બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, વક્રી શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# પહેલા પોતાને ઓળખો, જીવન ખુદ-બ-ખુદ સમજાઇ જશે

**જીવનનાં** રહસ્યને સમજવું હોય તો સૌપ્રથમ સ્વયં પોતાને ઓળખવું જરૂરી છે. જેણે સ્વયં પોતાની જાતને ઓળખી શકયો તેણે જ જીવનના રહસ્યને પિછાણી શકવા તેણે જ જીવનના રહસ્યને પીછાણી શકવા કામિયાબ-સફળ થઇ શકયો એ સનાતન સત્યને કદી નકારશો નહીં.

છેલ્લાં સાત દાયકા કરતાં પણ વધુ સમયથી પ્રગટ થતી મુખ્બિરે ઇસ્લામની આ કોલમ માત્ર મુસ્લિમ વાચકો સુધી જ સીમિત મર્યાદિત નથી રહી પણ તેની લોકપ્રિયતા ભાઇબંધ કોમના વાચક બિરાદરોમાં પણ એટલી જ રહેવા પામી છે તે કોલમના સંપાદકના ઉત્સાહમાં વધારો કરે છે.

એક વાચક મિત્રે સંક્ષિપ્તમાં પ્રશ્ન પૂછયો છે કે,

* જીવન શું છે?

- આ સવાલનો જરા વિસ્તારપૂર્વક જવાબ એ છે કે, કેટલાકો માને છે કે જીવન એટલે આનંદ-પ્રમોદ, મોજમજા કરવા માટેનું આ ધરતી પર ઇન્સાનનું આગમન!

- ત્યારે કેટલાકના મતે જીવન એક સતત સંઘર્ષ કરવાનું નામ છે તો કેટલાંક સમજદારોના મતે જીવન એક રહસ્ય! એક ભેદ સમાન છે.

ગુજરાતી ભાષાના એક કવિ-નાટ્યકારના મત મુજબ આ દુનિયા એક રંગભૂમિ છે અને તેના તખ્તા ઉપર માનવમાત્ર નાટક ભજવતો રહી જીવનને સમાપ્ત કરે છે.

ઇન્સાને જીવનને જો ખરેખર સમજવો હોય તો તે આપનારા જગતના કર્તાને સૌપ્રથમ જાણવો પડશે. જયાં સુધી અલ્લાહપાકનું અસ્તિત્વ નહીં સમજાય ત્યાં સુધી દરેક વિચારકો, બુદ્ધિમાનો, વૈજ્ઞાનિકો જીવન શું છે તેનો તાગ મેળવવા ગોથા જ ખાતા રહેશે. માનવીને તેના જીવનનું રહસ્ય ત્યારે જ સમજાશે, જયારે સૌપ્રથમ તે પોતાની જાતને ઓળખવાનું શરૂ કરશે. હઝરત અલી અલૈયહિસ્સલ્લામનું કથન છે કે જે વ્યક્તિએ પોતાની જાતને ઓળખી લીધી તેણે તેના રબને પિછાણી લીધો.

જોકે, આજના ઇન્સાનનું એથી વિરુદ્ધ દિશામાં જ વિચારવાનું હોય છે તે પોતાની જાતને ઓળખવાને બદલે બીજાઓને ઓળખવા જ મથતો હોય છે. પરિણામે જાત ભૂલાય જાય છે અને એ સાથે તેનો ખાલિક પાલનહાર ઇશ્વર-અલ્લાહ પણ વિસરાય જાય છે. આના પરિણામસ્વરૂપ માનવી ફાસિક બની જઇ દુનિયા તરફ દોડે છે. આ કાએનાત (બ્રહ્માંડ)નું સંચાલન કરનારી કોઇ શક્તિ અવશ્ય અસ્તિત્વ ધરાવે છે. જે કોઇ આકાર-પ્રકાર, શરીર નથી ધરાવતી, પરંતુ પોતાની પૂર્ણશક્તિ દ્વારા સમગ્ર બ્રહ્માંડને બખૂબી ચલાવી રહ્યું છે, તેનું સંચાલન કરી રહ્યું છે.

વિજ્ઞાને આજે ડીએનએની તપાસ ઉપરથી એવું તારણ કાઢયું છે કે જીવન પેદા કરવા માટે માન્યમાં ન આવે એવી જરૂરી ગોઠવણીઓમાં કોઇક પ્રકારની ઇન્ટેલિજન્સ (બુદ્ધિ) સંડોવાયેલી છે. આ પરમબુદ્ધિ કોની છે? માત્ર ખાલિકે કાએનાત (સૃષ્ટિના સર્જનહાર)ની. કુરાને મજીદમાંની અનેક આયતોમાં આ અભૂતપૂર્વ ઇન્ટેલિજન્સનો ઉલ્લેખ છે. ઇન્સાન માત્ર કુરાને મજીદનું જ પઠન કરતો રહી તેમાંની જુદી જુદી આયતોનું અવલોકન કરતો રહે તો તેને તેનું જીવન શું છે તે સમજાય જશે, પરંતુ માનવી એવું કરતો નથી અને પૂર્ણ અભ્યાસ વગર જીવન અંગે અલ્લાહનો આ બંદો કંઇ સમજે, કરે કે જાણે છે, તેના પર જાતે જ સચ્ચાઇની મહોર મારે છે. દરેકને એમ જ લાગે છે કે પોતે જે સમજે છે-કરે છે તે જ ખરું છે અને જે કહે છે તે જ સત્ય છે. અને જે સમજે છે તે બરાબર છે, ખરું છે.

આ દુનિયામાં એવું ઘણું બધું છે જે પ્રખર વિચારકો, બુદ્ધિમાનો, તત્ત્વજ્ઞાનીઓ, વિજ્ઞાનીઓને પણ નથી સમજાતું. અકલને આધારે લીધેલા નિર્ણયો ઘણીવાર સાચા નથી ય હોતા. ખરું શું છે, તેને જાણવા ત્વારીખ ગવાહ મન અને બુદ્ધિ સિવાય કશુંક વિશેષ પણ જોઇએ અને આ વિશેષ એટલે અલ્લાહતઆલાનું સતત સ્મરણ! અને એથી જ હઝરત અલી અલૈયહિસ્સલ્લા-મે ભારપૂર્વક ફરમાવ્યું છે. કે,

- જેણે પોતાની જાતને ઓળખી લીધી તેણે તેના રબ (પાલનહાર ઇશ્વર)ને પણ ઓળખી લીધો...!

* * *

### ત્વારીખ ગવાહ

આ એ સમયની વાત છે જયારે ઇસ્લામી રાજ્યોમાં ભારે કટોકટીનો દૌર ચાલી રહ્યો હતો.

તેવા નાજુક દૌરમાં હઝરત અલી સાહેબને ઇસ્લામી ખીલાફત-સત્તાની જવાબદારી સુપ્રદ કરવામાં આવી. આપ અલી (અ.સ.)ને હિતેચ્છુઓ તરફથી એવું સલાહ સૂચન કરવામાં આવ્યું હતું કે જયાં સુધી તેઓ પોતાના દુશ્મનો સામે મજબૂત બની ન જાય ત્યાં સુધી કોઇની બરતરફી કરવી સલાહ ભરેલી નથી. પણ ઇસ્લામના એ સત્યપ્રેમી ખલીફાએ ઇન્સાફ ખાતર એવું કોઇ સમાધાન કે સમજૂતી કરવાનો ઇન્કાર કર્યો અને ન્યાય ખાતર હિંમતપૂર્વક સંજોગોનો સામનો કરવા માટે આપ તૈયાર થયા.

* આપ ગરીબો-કચડાયેલાઓના બેલી હતા.
* આપના આ પગલાંથી નિરાધારોનું લોહી ચૂસનારા આપના શત્રુ બની ગયા...

... પણ આપે સત્યનો માર્ગ છોડયો નહીં, આપે આપના અમલ દ્વારા સાબિત કરી આપ્યું કે આપ અલ્લાહથી ડરનારા ખલીફા હતા, ઇમામે આલાં હતા.

મહાન મુસ્લિમ ઇતિહાસકાર ઇબ્નુલ અતહીર લખે છે કે આપ અમિરૂલમુઅમિનીનની ખિલાફતના સમય દરમિયાન હારૂન ઇબ્ને હમઝાએ આપ કર્રમલ્લાહવજહુની રૂબરૂ મુલાકાત લીધી. એ વખતે મધ્ય શિયાળાની સાંજ હતી. હારૂને જોયું કે આપ ઉનના (ગરમ) વસ્ત્રોના અભાવે થરથર કાંપી રહ્યાં હતાં. હારૂન આ જોઇ શકયા નહીં અને તેમના મોઢેથી શબ્દો સરી પડયાઃ

'ઓ વફાદારોના સીપેહસાલાર! તમને પણ બયતુલ માલમાંથી તમારા માટે અને તમારા બાળકો માટે ગરમ કપડાં હિસ્સામાં મળ્યા છે તે છતાંય તમે કેમ આ બધું ભોગવી રહ્યા છો!'

આપ અમિરૂલ મોઅમિનીને ઉત્તર આપ્યો કે, 'અલ્લાહની કસમ! હું બયતુલ માલમાંથી મળેલી કોઇ પણ વસ્તુઓ મારા કે મારા કુટુંબીજનો માટે ઉપયોગ કરવા માંગતો નથી. સાચું માનજો કે મારા શરીર ઉપર જે વસ્ત્રો છે તે એ જ વસ્ત્રો છે કે જે હું મદિનાથી મારી સાથે લાવ્યો હતો...!'

શું ઇતિહાસ આવા ઉચ્ચ કર્તવ્યશિલ સત્તાધારીની જોડ પૂરી પાડી શકે છે? હરગીઝ નહીં.

* શું ઇતિહાસ આવા ઉચ્ચ કર્તવ્યશિલ સત્તાધારીની જોડ પૂરી પાડી શકે છે? હરગીઝ નહીં.
* આપની રાજ્યસત્તાનો એ અટલ સિદ્ધાંત હતો કે ખલીફાએ રાજયની અદના વ્યક્તિ જેવું જીવન ધોરણ રાખવું જોઇએ.
* આપ અંતકરણપૂર્વક એવું માનતા હતા કે ખલીફાની મહાનતા અને તેનો દબદબો મોંઘા અને સુંદર વસ્ત્રો પરિધાન કરવામાં નથી હોતો, પણ ખલીફાની ખરી મહત્તા તેની પ્રજાની તકલીફો અને મુસીબતો દૂર કરવામાં સમાયેલી છે.

* * *

### સાપ્તાહિક સંદેશ

હઝરત શેખ સા'દીનું સૂચન છે કે

- તમારા સંતાનોને સંસ્કારી બનાવવા હોય તો તેને નાનપણથી જ

* સારી સંગત
* સારું વાંચન
* સારો ઉછેર હોય તો તે સંતાન પુખ્ત થઇને
* તેજસ્વી
* સદાચારી,
* ગુણવાન,
* સંસ્કારી બને છે.

## પહેલા પાનાનું ચાલુ

### ધુળેટી-જુમાની

લીધે બન્ને કોમના લોકો તેમની પ્રણાલી અમલમાં મૂકી શકે. અમે સમજી શકીએ છીએ કે હોળી વર્ષમાં એક જ વાર આવે છે, પરંતુ આ સાથે આપણે એ યાદ રાખવું જોઈએ કે મુસ્લિમો રમજાનનો પવિત્ર મહિનો એક જ વાર આવે છે.

આના પર બાજુના જિલ્લા મધુબનીના ભાજપના વિધાનસભ્ય ભૂષણ ઠાકુર બચોલે આકરી પ્રતિક્રિયા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે મારા પર હુમલો કરનાર જાતે બની બેઠેલા સેક્યુલર કયાં છે. દરભંગાના મેયરને ભારતને ઈસ્લામિક ખિલાફત બનાવવા માટે 'ગજવા-એ-હિંદ'નું બિરુદ આપવું જોઈએ. આ જ ભૂષણે અગાઉ કહ્યું હતું કે મુસ્લિમોને હોળી સામે પ્રોબ્લેમ હોય તો તેમણે ઘરે જ રહેવું જોઈએ.

દરમિયાન અયોધ્યાના સંદેશાનુસાર અયોધ્યાની બધી મસ્જિદોમાં શુક્રવારની નમાજ બપોરના બે વાગ્યે પઢવામાં આવશે. અયોધ્યાના વડા ધર્મગુરુ મોહમ્મદ હનીફે બુધવારે રમજાનના બીજા શુક્રવારે નમાજના સમય અંગે આદેશ આપ્યો હતો.

સત્તાવાળાઓએ હોળીની ઉજવણી અને જુમાની નમાજ એકસાથે આવતી હોવાથી નમાજના સમય અંગે ચર્ચા કરી હતી. અયોધ્યાના જિલ્લા મૅજિસ્ટ્રેટ ચંદ્રવિજય સિંહે કહ્યું હતું કે સુરક્ષાની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. શાંતિ સમિતિની બેઠકો યોજવામાં આવી છે, જેથી કોમી તંગદિલી ન ઊભી થાય. (એજન્સી)

### સંભલમાં મસ્જિદો

બંને પક્ષના લોકો આ નિર્ણય પર સંમત થયા છે. આ શોભાયાત્રા વિવિધ માર્ગો પર ફરીને તેના ગંતવ્ય સ્થાને પહોંચે છે. જ્યાં માર્ગમાં અનેક સ્થળોએ અન્ય ધર્મનાં ધાર્મિક સ્થળો પણ આવેલાં છે. આવી સ્થિતિમાં તેના પર રંગ પડવાની વિવાદની સ્થિતિ પેદા થવાની સાથે શાંતિ-વ્યવસ્થા ભંગ થવાની શક્યતા છે. આ કારણે શાંતિ જાળવવા માટે પોલીસ પ્રશાસને ચોપાઈના શોભાયાત્રાના રૂટમાં આવેલી મસ્જિદોને પોલિથીન અને તાડપત્રીથી ઢાંકવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે, જેથી શોભાયાત્રા નીકળતી વખતે કે એકબીજા પર રંગો લગાવતી વખતે તેના છાંટા મસ્જિદ પરિસર કે તેની બિલ્ડિંગ સુધી ન પહોંચી શકે. આ માટે ઉચ્ચ અધિકારીઓ દ્વારા તમામ પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જને સૂચના આપવામાં આવી છે, જેથી તેઓ પોતપોતાના વિસ્તારમાં આવાં સ્થળોની ઓળખ કરી શકે અને તે ધાર્મિક સ્થળોને સુરક્ષિત કરી શકે.

### સંભલમાં ભગવાન વિષ્ણુનું

ઓછામાં ઓછા ૨૦૦૦ વર્ષ જૂનું છે. તેમણે કહ્યું કે આ બાબતોના પુરાવા સદીઓથી અસ્તિત્વમાં છે. યાદ કરો ૧૫૨૬માં સંભલમાં ભગવાન વિષ્ણુનું મંદિર તોડી પાડવામાં આવ્યું હતું. બે વર્ષ પછી ૧૫૨૮માં અયોધ્યામાં રામ મંદિરનો નાશ કરવામાં આવ્યો હતો. લખનઊમાં આરએસએસ સાથે જોડાયેલ સાપ્તાહિક મૅગેઝિન ઓર્ગેનાઇઝર દ્વારા આયોજિત 'મંથનઃ કુંભ એન્ડ બિયોન્ડ' કાર્યક્રમમાં બોલતાં તેમણે કહ્યું કે બંને કૃત્યો એક જ વ્યક્તિ દ્વારા કરવામાં આવ્યાં હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે ગયા નવેમ્બરથી સંભલમાં કોર્ટે એક મસ્જિદનો સર્વે કરવાનો આદેશ આપ્યા બાદથી તણાવ વધી રહ્યો છે. આ અંગે કેટલાક લોકોનું માનવું છે કે આ જગ્યા એક તોડી પાડવામાં આવેલા મંદિરની છે.

### ગુજરાતમાં હેવાનિયતની

ભણતી ૨૦ વર્ષની યુવતી ઈન્સ્ટાગ્રામ પર આ ૬ આરોપીઓમાંથી એક આરોપીના સંપર્કમાં આવી હતી. નવેમ્બર ૨૦૨૩માં આ આરોપી યુવક યુવતીને હોટેલમાં નાસ્તો કરવા માટે લઈ ગયો હતો. જ્યાં યુવતી પર ફૂડ ઢોળાઈ જતાં તેના કપડાં બગડી ગયાં હતાં. પોલીસે કહ્યું હતું કે, જ્યારે આ યુવતી બાથરૂમમાં કપડાં બદલતી હતી. આ દરમિયાન આરોપી યુવક વિશાલ ચૌધરીએ તેની અવસ્થાનો વીડિયો ઉતારી લીધો હતો. ત્યાર બાદ આ વીડિયો વાયરલ કરવાની ધમકી આપીને આરોપીએ યુવતી સાથે શારીરિક સંબંધ બાંધવા દબાણ કરીને દુષ્કર્મ ગુજાર્યું હતું. ત્યાર બાદ આરોપીએ નવેમ્બર ૨૦૨૩ અને ફેબ્રુઆરી ૨૦૨૫ વચ્ચે પોતાના અન્ય મિત્રો સાથે પણ આ વીડિયોની ધમકી આપીને યુવતી સાથે સતત ૧૬ મહિના સુધી બળાત્કાર ગુજાર્યો હતો. પીડિત યુવતીએ પાલનપુર પોલીસ સ્ટેશન પહોંચીને એક સગીર સહિત ૬ આરોપીઓ સામે બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓ સામે અશ્લીલ સામગ્રીના પ્રસારણ સંબંધિત ઈન્ફર્મેશન ટેક્નોલૉજી ઍક્ટ હેઠળ પણ કેસ નોંધવામાં આવ્યો હતો.

### યુનિવર્સિટી રેન્કિંગમાં

અને માઇનિંગ વિષય માટે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઇઆઇટી) મુંબઈ અને ખડગપુર અનુક્રમે ૨૮મા અને ૪૫મા ક્રમે હતા. જોકે, બંને સંસ્થાઓના રેન્કિંગમાં ઘટાડો જોવા મળ્યો છે.

બંને સંસ્થાઓએ એન્જિનિયરિંગ-ઇલેક્ટ્રિકલ અને ઇલેક્ટ્રોનિક્સમાં પણ તેમના રેન્કિંગમાં સુધારો કર્યો છે અને ટોચની ૫૦ યાદીમાં પ્રવેશ કર્યો છે. એન્જિનિયરિંગ અને ટેક્નોલોજી વિષયમાં ૪૫મા ક્રમે રહેલા આઇઆઇટીઝ દિલ્હી અને મુંબઈ અનુક્રમે ૨૬મા અને ૨૮મા ક્રમે આવ્યા છે. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (આઇઆઇએમ) અમદાવાદ અને બેંગ્લોર બિઝનેસ અને મેનેજમેન્ટ સ્ટડીઝ માટે વિશ્વના ટોચના ૫૦માં રહ્યા, પરંતુ તેમનું રેન્કિંગ ગયા વર્ષ કરતાં નીચે ગયું. આઇઆઇએમ અમદાવાદનું રેન્કિંગ ૨૨ થી ઘટીને ૨૭ પર આવી ગયું છે જ્યારે આઇઆઇએમ બેંગલુરુનું રેન્કિંગ ૩૨ થી ઘટીને ૪૦ પર આવી ગયું છે.

આઇઆઇટી મદ્રાસ (પેટ્રોલિયમ એન્જિનિયરિંગ) અને જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (જેએનયુ) (ડેવલપમેન્ટ સ્ટડીઝ) વિશ્વના ટોચના ૫૦માં રહ્યા પરંતુ તેમના રેન્કિંગમાં પણ થોડા સ્થાનનો ઘટાડો થયો હતો. ક્યૂએસ વિષયવાર વિશિષ્ટ રેન્કિંગના નવા એડિશનમાં ભારત, ચીન, અમેરિકા, બ્રિટન અને કોરિયા પછી નવી એન્ટ્રીઓની સંખ્યાના સંદર્ભમાં પાંચમા ક્રમે છે અને કુલ એન્ટ્રીઓની સંખ્યાના મામલામાં ૧૨મા ક્રમે છે.



**શેતાનનું દહનઃ** હોળીમાં સમાજની બદીઓનું અને શેતાનોનું પણ પ્રતીકાત્મક દહન કરવામાં આવે છે. વરલીની બીડીડી ચાલમાં હોળી સાથે હજારો રોકાણકારોને છેતરનાર ટોરસ કૌભાંડના મુખ્ય આરોપીની નનામીને પણ બાળવાની તૈયારી કરવામાં આવી છે. (અમય ખરાડે)

# હેડગેવારના સ્મારકની રેકી કરનારની જામીન માટે અરજી

નાગપુરઃ નાગપુરમાં ૨૦૨૧માં આરએસએસના સંસ્થાપક ડો.કે બી હેડગેવારના સ્મારકની જાણકારી મેળવવાના આશય સાથે તપાસ કરવાના આરોપી જૈશે મોહંમદના સાગરિતે બોમ્બે હાઇકોર્ટમાં જામીન અરજી દાખલ કરી છે. પોતાની વિરુદ્ધ કોઈ પુરાવા નહીં હોવાનો એમાં દાવો કરવામાં આવ્યો છે.

જમ્મુ - કાશ્મીરના રહેવાસી આરોપી રઈસ અહેમદ શેખ અસદુલ્લા શેખની જામીન અરજી ટ્રાયલ કોર્ટ દ્વારા નામંજૂર થયા બાદ ૧૧ માર્ચે હાઈકોર્ટની નાગપુર ખંડપીઠમાં અરજી કરવામાં આવી હતી. શેખ હાલ નાગપુર સેન્ટ્રલ જેલમાં બંધ છે.

શેખે ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ નાગપુરના રેશિમબાગ વિસ્તારમાં સ્થિત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ના સ્થાપકના સ્મારક ડો.હેડગેવાર સ્મૃતિ મંદિરની ગુપચુપ તપાસ કરી હતી. શેખ શહેરના મહાલ વિસ્તારમાં સ્થિત આરએસએસના મુખ્ય મથકની તપાસ કરવામાં નિષ્ફળ રહ્યો હતો.

શેખના વકીલ નિહાલસિંહ રાઠોડે હાઈકોર્ટમાં કરેલી જામીન અરજીમાં એવી દલીલ કરવામાં આવી હતી કે શેખએ સંબંધિત સ્થળોની કોઈને જાણ ન થાય એ રીતે તપાસ કરી હતી એ સાબિત કરવા માટે કોઈ પુરાવા નથી. શેખની પ્રવૃત્તિઓ ગેરકાનૂની પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (યુએપીએ) ના કાર્યક્ષેત્રમાં આવતી નથી, એવી દલીલ તેમના વકીલે અદાલતમાં કરી હતી.

જોકે, સરકારી વકીલ દેવેન્દ્ર ચૌહાણે અદાલતને જણાવ્યું હતું કે આરોપી શેખ પ્રતિબંધિત આતંકવાદી સંગઠન સાથે સંકળાયેલો હોવાનું દર્શાવવા માટે પૂરતી સામગ્રી છે. (પીટીઆઈ) ■



Deepak Somaiya

# લેખિકા ગીતા માણેક અને ડૉ. સંજય સિંહને મહારાષ્ટ્ર હિંદી સાહિત્ય અકાદમી પુરસ્કાર

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમી દ્વારા રાજ્ય સમ્માન જીવન ગૌરવ (લાઈફટાઈમ અચિવમેન્ટ) પુરસ્કાર માટે લેખિકા ગીતા માણેકની પસંદગી કરાઈ છે આની સાથે ડૉ. સંજય સિંહની પણ વરણી કરાઈ છે. હિંદી સાહિત્ય પુરસ્કાર પ્રદાન સમારોહ મંગળવાર, ૧૮મી માર્ચે રંગશારદા ઓડિટોરિયમ, લીલાવતી હોસ્પિટલની નજીક, બાંદ્રા ખાતે રાખવામાં આવ્યો છે. પુરસ્કાર રૂપે એક લાખ રૂપિયાની રકમ, સમ્માન ચિહ્ન અને સમ્માન-પત્ર પણ આપવામાં આવશે. ■

# સાંપ્રદાયિક વિખવાદ કરે એવા વિધાન ન કરોઃ અજિત પવારે કાન આમળ્યો નિતેશ રાણેનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુસ્લિમો વિશેના તેમના કેબિનેટ સાથી નિતેશ રાણેના નિવેદનને 'ભ્રામક' ગણાવતા, મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે બુધવારે રાજ્યના રાજકીય નેતાઓને વાણી પર સંયમ રાખવાની સલાહ આપી.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના વડા પવારે જણાવ્યું હતું કે જાહેરમાં કરવામાં આવેલા નિવેદનો સાંપ્રદાયિક વિખવાદ ન પેદા કરે તેનું ધ્યાન રાખવું જોઈએ.

તેઓ રાજ્યના પ્રધાન અને ભાજપ નેતા નિતેશ રાણેના તાજેતરના મુસ્લિમો છત્રપતિ શિવાજી મહારાજની સેનાનો ભાગ ન હતા એવા દાવા અંગેના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા.

પવાર કોંગ્રેસના દિગ્ગજ નેતા અને રાજ્યના પ્રથમ મુખ્ય પ્રધાન યશવંતરાવ ચવાણની જન્મજયંતિ પર તેમના સ્મારક પર શ્રદ્ધાંજલિ આપ્યા પછી કરાડમાં બોલી રહ્યા હતા.

'રાજકીય વિભાજનની બંને બાજુના કેટલાક વ્યક્તિઓ ક્યારેક એવા નિવેદનો આપે છે જે મહારાષ્ટ્રના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા માટે હાનિકારક છે. ભૂતકાળમાં, રાજ્યના નેતાઓ હંમેશા સાંપ્રદાયિક સૌહાર્દ જાળવવાનો પ્રયાસ કરતા રહ્યા છે, ધ્યાન રાખી રહ્યા હતા કે વિવિધ સમુદાયો શાંતિપૂર્ણ રીતે સાથે રહે' એમ તેમણે રાણેની ટિપ્પણી વિશે પૂછવામાં આવતા કહ્યું હતું.

પવારે વધુમાં કહ્યું કે સાર્વભૌમ રાજ્યની સ્થાપના કરતી વખતે શિવાજી મહારાજે ક્યારેય જાતિ કે સંપ્રદાયના આધારે કોઈની સાથે ભેદભાવ કર્યો ન હતો.

'રાજકીય નેતાઓ, ભલે સરકારમાં હોય કે વિપક્ષમાં, તેમણે નિવેદનો આપતી વખતે સાવધાની રાખવી જોઈએ, જેથી સાંપ્રદાયિક વિખવાદ ન સર્જાય. મહારાષ્ટ્ર મોટી સંખ્યામાં દેશભક્ત મુસ્લિમો વસવાટ કરે છે. પુરાવા છે કે છત્રપતિ શિવાજી મહારાજના શાસનકાળ દરમિયાન, ઘણા મુસ્લિમોએ મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેમાં તેમના દારૂગોળો વિભાગની દેખરેખ કરનારાનો પણ સમાવેશ થાય છે,' એમ પવારે કહ્યું હતું. ■

# હોળીની ઉજવણીઃ કલર્સ અને રોકાણની સમજદારીનો કેલિડોસ્કોપ



જયેશ સુંદર, ફંડ મેનેજર, એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ

રંગોનો વાઇબ્રન્ટ તહેવાર હોળી સમગ્ર ભારતમાં તથા વિશ્વના અનેક દેશોમાં મનાવવામાં આવે છે. આ તહેવાર વિવિધ પૃષ્ઠભૂમિના લોકોને સાથે લાવે છે તથા ઉંમર, લિંગ અને સામાજિક મોભાના અવરોધોને વટાવે છે. હોળી એ જીવન, પ્રેમ અને વસંત ઋતુના આગમનની ઉજવણી છે જે રંગોના કેલિડોસ્કોપથી વ્યક્ત થાય છે. હોળીના રંગો જેમ સાથે મળીને એક વાઇબ્રન્ટ અને સંવાદિતાભર્યું ચિત્ર રજૂ કરે છે તેમ એક સંતુલિત એસેટ એલોકેશન વ્યૂહરચના મજબૂત તથા વૈવિધ્યસભર રોકાણ પોર્ટફોલિયો બનાવે છે.

★ શા માટે હાઇબ્રિડ ફંડ્સ?

ડાયવર્સિફિકેશનઃ રોકાણકારના નાણાકીય ઉદ્દેશ સાથે સુસંગત પોર્ટફોલિયો બનાવવા માટે ડાયવર્સિફિકેશન એ એક મુખ્ય પહેલ છે. જેમ હોળી રંગોની વિવિધતાની ઉજવણી કરે છે, તેમ હાઇબ્રિડ ફંડ્સ એસેટ ક્લાસની વિવિધતાની ઉજવણી કરે છે. ઇક્વિટી અને ડેટના મિશ્રણમાં રોકાણ કરીને, તેઓ એક વૈવિધ્યસભર પોર્ટફોલિયો ઓફર કરે છે જે જોખમ ઘટાડવામાં મદદ કરી શકે છે. અહીં રોકાણકારો માટે મુખ્ય શીખ એ છે કે જ્યારે એસેટ્સ વિવિધ વર્ગોમાં ફેલાયેલી હોય છે, ત્યારે રિસ્ક-એડજસ્ટેડ વળતર મેળવવાની સંભાવના અનેકગણી વધી શકે છે.

★ ફ્લેક્સિબિલિટી અને રિ-બેલેન્સિંગઃ સમયાંતરે પોર્ટફોલિયોને રિબેલેન્સિંગ કરવાથી ખાતરી થાય છે કે રોકાણો અપેક્ષિત વળતર મેળવવાની ક્ષમતા હોય તેવા એસેટ વર્ગોમાં સારી રીતે થયેલા છે. બજારના અસ્થિર તબક્કામાં આગળ વધવું મુશ્કેલ હોય છે ત્યારે પોર્ટફોલિયોને પુનઃસંતુલિત કરવાની પ્રક્રિયા મૂડીને સુરક્ષિત રાખવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. નફો બુક કરવા/ઓવરવેઇટ સિક્યોરિટીઝમાં જોખમ ઘટાડવા અને આકર્ષક મૂલ્ય ધરાવતી અંડરવેઇટ સિક્યોરિટીઝમાં એક્સપોઝર વધારવા માટે પોર્ટફોલિયોને સંરેખિત કરવું એ કહેવા કરતાં સરળ કાર્ય છે. હવે હાઇબ્રિડ ફંડ્સને પ્રોફેશનલ ફંડ મેનેજરોના એક્ટિવ મેનેજમેન્ટનો લાભ મળે છે જે બજારની પરિસ્થિતિઓના આધારે ઇક્વિટી અને ડેટ વચ્ચે ફાળવણીને એડજસ્ટ કરી શકે છે. આ ફ્લેક્સિબિલિટી ભારત જેવા ગતિશીલ અને સતત બદલાતા બજારમાં ખાસ ફાયદાકારક બની શકે છે.

★ સંતુલિત જોખમ-વળતરની સંભાવનાઃ રોકાણમાં ઘણીવાર અનિશ્ચિતતાઓ હોય છે. બજારમાં ક્યારે પ્રવેશ કરવો તે નક્કી કરવું. જોખમો મેનેજ કરવા અને ભંડોળની યોગ્ય ફાળવણી પસંદ કરવી એ બધું પડકારજનક હોઈ શકે છે. હાઇબ્રિડ ફંડ્સ બિલ્ટ-ઇન ડાયવર્સિફિકેશન ઓફર કરીને આ પડકારોનો સામનો કરે છે, જે તેમને સ્માર્ટ રોકાણ પસંદગી તરીકે અલગ બનાવે છે. ડેટનું ઘટક બજારની અસ્થિરતા સામે કુશન આપીને વધુ સારું રિસ્ક મેનેજમેન્ટ પૂરું પાડે છે, જે હાઇબ્રિડ ફંડ્સને શુદ્ધ ઇક્વિટી ફંડ્સની તુલનામાં ઓછો જોખમી વિકલ્પ બનાવે છે. દરમિયાન, ઇક્વિટી ભાગ મૂડીના વધારાને વેગ આપીને લાંબા ગાળાની વૃદ્ધિને પ્રોત્સાહન આપે છે અને રોકાણકારોને સમય જતાં નોંધપાત્ર નાણાકીય સીમાચિહ્નો પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.

હોળીની શુભેચ્છાઓ અને તમારા રોકાણો માટેની શુભ કામનાઓ!

શિંદેના પ્રધાન સરનાઈક મુશ્કેલીમાં મુકાવાના...

# એમએસઆરટીસી ટેન્ડરમાં ગોટાળા પ્રકરણે મહિનામાં જ પગલાં લેવાશેઃ ફડણવીસ

મુંબઈઃ નવી સરકાર રચાયાના ત્રણ જ મહિનામાં શિવસેનાના એકનાથ શિંદે દ્વારા અગાઉ લેવાયેલા નિર્ણયોને અભેરાઈએ ચડાવી દેવામાં આવ્યા હોવાની ચર્ચા રાજકારણમાં જોર પકડી રહી છે ત્યારે વધુ એક ઝટકો એકનાથ શિંદેને લાગી શકે છે. જેમની પાસે પરિવહન ખાતું છે એ પ્રતાપ સરનાઈકે ભાડા પર ખરીદવાની બસોની ટેન્ડર પ્રક્રિયામાં ઘણી ગેરરીતિ થઇ હોવાનો આક્ષેપ કોંગ્રેસે કર્યો હતો. જેને પગલે મુખ્ય પ્રધાને દેવેન્દ્ર ફડણવીસે તપાસનો આદેશ આપ્યો છે. જેને કારણે ૧૭૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું એ એમએસઆરટીસીની બસોને ભાડે આપવાના ટેન્ડરની પ્રક્રિયાની તપાસ કરવાનું વચન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આપ્યું હતું. વિધાનસભા પરિષદમાં બોલતાં તેમણે કહ્યું હતું કે મહારાષ્ટ્ર રાજ્ય પરિવહન નિગમ (એમએસઆરટીસી)ના સ્તરે કોન્ટ્રાક્ટરો સાથે મિલનસાર દ્વારા વર્ક ઓર્ડર આપવામાં આવ્યા હતા અને હવે આ મામલે એક મહિનામાં પગલાં લેવામાં આવશે. ૧૩૧૦ બસો ખરીદવા માટેની ટેન્ડર પ્રક્રિયાના ઓર્ડરો ત્યારે આપવામાં આવ્યા હતા, જ્યારે સરકાર (નવેમ્બર, ૨૦૨૪ની ચૂંટણી પછી)ની રચના ચાલી રહી હતી અને આખા પ્રધાનમંડળની રચના થઇ નહોતી. આ વર્ક ઓર્ડરની ન તો મુખ્ય પ્રધાન કે નાયબ મુખ્ય પ્રધાને મંજૂરી આપી નહોતી, એવું તેમણે કહ્યું હતું. અહીં નોંધવું ઘટે કે પરિવહન વિભાગ પ્રતાપ સરનાઈક છે અને તેઓ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેનાના છે. ■

# મંદિરમાંથી ચાંદીની મૂર્તિ, મુગટ અને દાનપેટીમાંની રોકડ ચોરનારો પકડાયો

પાલઘરઃ પાલઘર જિલ્લામાં મંદિરમાંથી ભગવાનની ચાંદીની મૂર્તિ, મુગટ તથા દાનપેટીમાંની રોકડ ચોરનારા ૪૨ વર્ષના આરોપીને પોલીસે પકડી પાડીને લોકઅપભેગો કરી દીધો હતો. આરોપીની ઓળખ સુભાષ શિતલપ્રસાદ કેવટ તરીકે થઇ હોઇ તેણે ચોરેલી મતા જપ્ત કરવામાં આવી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

પાલઘર જિલ્લામાં વાણગાંવ પોલીસ સ્ટેશનની હદમાં ચિંચણી પિંપળનાકા ખાતેના સામુદ્રીમાતા મંદિરમાં ૨૭ ફેબ્રુઆરીએ રાતે ચોરી થઇ હતી. પાછળના દરવાજાનું લૉક તોડીને અંદર ઘૂસેલો ચોર શંકર ભગવાનની ચાંદીની મૂર્તિ, મુગટ તથા દાનપેટીમાંની રોકડ ચોરી ગયો હતો. એ સિવાય હરિહરેશ્વર મંદિરમાંની દાનપેટીમાંથી પણ રોકડ ચોરવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળના આસપાસના વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા અને બાદમાં મળેલી માહિતીને આધારે આરોપી સુભાષ કેવટને ઝડપી પાડ્યો હતો. ■

# હત્યાના પ્રયાસ, અન્ય ગુનાઓ માટે બીડના ફરાર ભાજપના કાર્યકર્તાની ધરપકડ

મુંબઈઃ ભાજપના કાર્યકર અને બીડના ધારાસભ્ય સુરેશ ધસના નિકટના સાથી સતીશ ભોસલેની ઉત્તર પ્રદેશમાંથી હત્યાના પ્રયાસ અને અન્ય કેસોમાં ધરપકડ કરવામાં આવી હોવાનું મહારાષ્ટ્ર પોલીસે બુધવારે જણાવ્યું હતું.ભોસલેએ 'ખોકયા' તરીકે પણ ઓળખાતા ભોસલેએ ફરાર હોવા છતાં છેલ્લા કેટલાક દિવસો દરમિયાન કેટલીક ન્યૂઝ ચેનલ સાથે વિસ્તારપૂર્વક વાત કરી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યા અનુસાર પ્રયાગરાજથી તેની ધરપકડ કરવામાં આવી હતી.વધુ જાણકારી આપતા પોલીસે જણાવ્યું હતું કે ભોસલે પર હત્યાના પ્રયાસના બે કેસ છે અને બીડ જિલ્લામાં નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (એનડીપીએસ) એક્ટ હેઠળ એક કેસ નોંધવામાં આવ્યો છે. આ ઉપરાંત તેની સામે ફોરેસ્ટ એક્ટ હેઠળ કેસ પણ નોંધવામાં આવ્યો છે.(પીટીઆઈ)■

વિરોધ પક્ષે ખેડૂતોની શક્તિપીઠ એક્સપ્રેસ-વે ખેડૂતો પર ન લાદવાનું જણાવતાં મુખ્ય પ્રધાને કહ્યું...

# 'આ પ્રોજેક્ટ સકારાત્મક પરિવર્તન લાવશે'



**અમારો વિરોધઃ** ગોવા અને નાગપુર વચ્ચેના પ્રસ્તાવિત શક્તિપીઠ એક્સપ્રેસ-વેનો વિરોધ કરવા ગઈ કાલે આઝાદ મેદાનમાં મોટી સંખ્યામાં ખેડૂતો ભેગા થયા હતા. (અમય ખરાડે)

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભા પરિષદમાં વિપક્ષે બુધવારે સરકારને વિનંતી કરી હતી કે પ્રસ્તાવિત નાગપુર-ગોવા શક્તિપીઠ એક્સપ્રેસ-વે ખેડૂતો પર લાદવામાં ન આવે. જોકે આ પ્રોજેક્ટ લોકોનાં જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવશે, એવું મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું. રાજ્ય વિધાનસભામાં ઉપલા ગૃહમાં આ મુદ્દે ચર્ચા થઇ હતી. આ સમયે વિપક્ષી સભ્યોએ કોલ્હાપુર અને સાંગલી જિલ્લાના ખેડૂતો દ્વારા પ્રસ્તાવિત પ્રોજેક્ટ માટે તેમની ખેતીની જમીન સંપાદન અંગે ઉઠાવવામાં આવેલા વાંધાઓનો ઉલ્લેખ કર્યો હતો. ગૃહમાં વિપક્ષના નેતા અંબાદાસ દાનવેએ કહ્યું હતં કે અમે (ખેડૂતો દ્વારા પ્રોજેક્ટ અંગે) વિરોધમાં ભાગ લીધો છે. ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને જાહેરાત કરી હતી કે સરકાર (વિરોધ વચ્ચે) આ પ્રોજેક્ટ હાથ ધરશે નહીં. તો અમને આ અંગે સ્પષ્ટતા જોઇએ છે. આ અંગે ફડણવીસે વિરોધ પક્ષને જવાબ આપતાં કહ્યું હતું કે આ પ્રોજેક્ટ રાજ્યમાં સકારાત્મક પરિવર્તન લાવશે.■

બીડના સરપંચની હત્યાનો કેસ

# સાક્ષીઓ, આરોપીઓના નિવેદન મગાયા

છત્રપતિ સંભાજી નગરઃ સરપંચ સંતોષ દેશમુખ હત્યા કેસમાં બચાવ પક્ષે બુધવારે મહારાષ્ટ્ર બીડ જિલ્લાની એક અદાલતમાં દાવો કર્યો હતો કે તેમને આરોપીઓ અને સાક્ષીઓનું નિવેદન નથી મળ્યું. આ કેસની પ્રથમ સુનાવણીમાં અદાલતમાં આરોપીઓને વર્ચ્યુઅલી રજૂ કરવામાં આવ્યા હતા. પોલીસે આ હત્યાના સંબંધમાં રાજ્યના માજી પ્રધાન ધનંજય મુંડેના નિકટવર્તી વાલ્મિક કરાડ સહિત સાત લોકોની ધરપકડ કરી છે. એક આરોપી ફરાર છે.

સહાયક સરકારી વકીલ (એજીપી) બાળાસાહેબ કોલ્હેએ મીડિયાને જણાવ્યું હતું કે અદાલતે આગામી સુનાવણીની તારીખ ૨૬ માર્ચ સુધી કરવાની બચાવ પક્ષની માગ અંગે તેમનો જવાબ માંગ્યો છે. જાણીતા વકીલ ઉજ્જ્વલ નિકમ આ કેસમાં સરકારી વકીલ છે.આરોપી સુદર્શન ઘુલેનું પ્રતિનિધિત્વ કરનારા અનંત ટિડકેએ જણાવ્યું હતું કે તેમને હજુ સુધી સાક્ષીઓ અને આરોપીઓના નિવેદનો મળ્યા નથી. આરોપીઓ સામે મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (મકોકા) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. (પીટીઆઈ) ■

# કોંકણ નજીક અરબી સમુદ્રમાં મળ્યો ક્રૂડ તેલનો વિપુલ જથ્થો

મુંબઈઃ મહારાષ્ટ્રને મોટો ખજાનો સાંપડ્યો છે. લોઅર કોંકણ નજીક અરબી સમુદ્રમાં નવો તેલનો જથ્થો સાંપડ્યો હોવાના અહેવાલ સાંપડ્યા છે. કોંકણમાં પાલઘર અને સિંધુદુર્ગમાં આ જથ્થો મળ્યો હોવાનું જાણવા મળે છે. આને કારણે ભારત તેલઉત્પાદનમાં સક્ષમ થશે, એવી આશા ઊભી થઇ છે. કેન્દ્રીય તેલઉત્પાદન કંપનીઓ તાત્કાલિક સંશોધન દ્વારા અહીં ખોદકામ કરવાની છે.

પાલઘર અને સિંધુદુર્ગમાં ઊંડા સમુદ્રમાં અંદાજે ૧૮ હજાર ચોરસ કિ.મી. ક્ષેત્રફળથી પણ વધારે ખનીજ તેલનો નવો જથ્થો સાંપડ્યો છે. આ પહેલાં ૧૯૭૪માં મુંબઈના સમુદ્રમાં અંદાજે ૭૫ નોટિકલ માઈલ અંતરે ખનીજ તેલનો મોટો જથ્થો મળી આવ્યો હતો. મુંબઈની આ તેલ ખાણ બોમ્બે હાઈ નામથી ઓળખાય છે. આ જગ્યાએ હજી પણ મોટા પ્રમાણમાં ખનિજ તેલનું ખોદકામ ચાલી રહ્યું છે. ત્યાર પછી ૨૦૧૭માં તેલનો મોટો જથ્થો સાંપડ્યો હતો. અહીં અમૃત અને મુંગા એમ બે તેલના કૂવા ખોદવામાં આવ્યા હતા.

અગાઉના બે તેલના જથ્થાની સરખામણીએ હાલમાં સાંપડેલો જથ્થો અધિક છે. આને કારણે તેલઉત્પાદન ચાર ગણું વધશે. કેન્દ્રીય પેટ્રોલિયમ ખાતાએ નવા તેલના જથ્થાના સંશોધનકાર્યને ગતિ આપી છે. આ જથ્થો પાલઘર જિલ્લાના દહાણુ નજીક અને સિંધુદુર્ગમાં માલવણ નજીક સમુદ્રમાં છે. દહાણુના સમુદ્રમાં ૫૩૩૮.૦૩ અને લોઅર કોંકણમાં સિંધુદુર્ગ નજીકના સમુદ્રમાં ૧૩૧.૭૨ ચોરસ મીટર કિ.મી. ક્ષેત્રફળ પર આ તેલનો જથ્થો છે. નવા તેલના કૂવાને કારણે કોંકણમાં ઉદ્યોગ ક્ષેત્ર વધુ વેગવંતું બનશે. મહારાષ્ટ્રમાં પણ રોજગારીની નવી તક ઊભી થવાની છે. ભારતીય તેલઉત્પાદનની ક્ષમતા પણ વધશે. ■

# 'ગેસ સિલિન્ડર સાથેનું વાહન ઘુસાવીને હૉસ્પિટલને ઊડાડી દઈશ'

## જમીન સોદો નિષ્ફળ જતા નાગપુરમાં નીરજ ગાંધી નામના આરોપીની ડૉક્ટરને ધમકી

નાગપુરઃ જમીન સોદો નિષ્ફળ જવાને કારણે રોષે ભરાયેલી વ્યક્તિએ નાગપુરસ્થિત ડોક્ટર પાસે રૂ. ૧૧ કરોડ રૂપિયાની માગણી કરી હતી તથા ગેસ સિલિન્ડર ભરેલું વાહન તેની હોસ્પિટલમાં ઘુસાડીને તેને ઊડાડી મૂકવાની ધમકી આપી હતી. આ પ્રકરણે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

આરોપી નીરજ ગાંધીએ ડો. મહેશ ફુલવાનીને વોટ્સએપ મેસેજ દ્વારા ધમકી આપી હતી. ફુલવાનીએ ૨૦૧૭માં નાગપુરની એક કંપની સાથે જમીન સોદો કર્યો હતો. ડોક્ટરે નવેમ્બર, ૨૦૧૭માં સોમાલવાડા ખાતેની જમીન ખરીદવા માટેનો ૧૩.૫૦ કરોડ રૂપિયાનો સોદો કર્યો હતો, પરંતુ તે જમીન કાનૂની સમસ્યામાં સપડાઇ હોવાનું જણાતા સોદો રદ કર્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

નીરજ ગાંધીએ ડોક્ટરને મળીને તેમને મનાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ડોક્ટર માન્યા નહોતા. ત્યાર બાદ નીરજે ડોક્ટર પાસેથી પાંચ કરોડ રૂપિયાની માગણી કરી હતી અને તેમને ખોટા કેસમાં ફસાવવાની ધમકી પણ આપી હતી, એમ પોલીસ ફરિયાદમાં જણાવાયું છે.

૨૬મી ઑગસ્ટ, ૨૦૨૪ના નીરજે ડો. ફુલવાનીને વોટ્સએપ મેસજ કરીને ૧૧ કરોડ રૂપિયાની માગણી કરી હતી. ડોક્ટરે જવાબ ન આપતા આરોપીએ ગેસ સિલિન્ડરથી ભરેલા વાહનથી તેમની હોસ્પિટલને ઉડાવી મૂકવાની ધમકી આપી હતી. ■

# બીડીડીવાસીઓને હજી રાહ જોવી પડશે


## અગ્નિશમન દળની એનઓસી ન મળી હોવાને કારણે ગૂડી પાડવાનું મુહૂર્ત પણ નીકળી જશે

મુંબઈઃ વર્ષોથી બીડીડી ચાલમાં ૧૬૦ ફૂટની જગ્યામાં પોતાનું જીવન વ્યતીત કરનારા બીડીડી ચાલના રહેવાસીઓને ગૂડી પાડવાના દિને નવી જગ્યામાં જવાનું મુહૂર્ત મળશે એવી આશા છે, પણ તેઓને હજી રાહ જોવી પડે એમ છે. મ્હાડાએ ઊભી કરેલી ગગનચુંબી બિલ્ડિંગને અગ્નિશમન દળની હજી સુધી એનઓસી મળી નથી. આને કારણે બિલ્ડિંગનું ઓસી લટકી ગયું હોવાની માહિતી સામે આવી છે.

બીડીડી ચાલના ૫૫૬ રહેવાસીઓને માર્ચ મહિનામાં નવા ઘરમાં જવાનું નક્કી હતું, પણ અગ્નિશમન દળની એનઓસી ન મળવાને કારણે તેઓએ હજી એક મહિનાની એટલે કે એપ્રિલના અંત સુધી રાહ જોવી પડશે.

મ્હાડા દ્વારા હાલમાં વરલીની બીડીડીની ૧૨૧ ચાલનો પુનર્વિકાસ કરવામાં આવી રહ્યો છે. તે અનુસાર બિલ્ડિંગ નંબર ૧થી ૮ વિંગનું કામ પ્રગતિના પંથે છે. બિલ્ડિંગ નંબર એકમાં ડી અને ઈ વિંગના ૪૦ માળ પૂરા થઇ ગયા છે અને માર્ચના અંત સુધીમાં ગૂડી પાડવાના મુહૂર્ત પર સંબંધિત ૫૫૬ રહેવાસીઓને ઘરોનો તાબો મળવાનો હતો. આ માટે મ્હાડાએ પણ પૂરી તૈયારી કરી લીધી હતી, પણ અગ્નિશમન દળનું એનઓસી બાકી રહી ગયું હોવાને કારણે ગૂડી પાડવાના દિને અહીં શિફ્ટ થવાનું રહેવાસીઓનું સપનું રોળાઈ ગયું છે.■

# ઇન્દુબેન ઉમેદભાઇ દોશી



(૦૯.૦૯.૧૯૩૪ - ૧૦.૦૩.૨૦૨૫)

અમારા હૃદયમાં સદૈવ જીવંત

મનીષ - વંદના દોશી

શ્વેતા - વિકાસ શાહ

અમોલી, પ્રતિક, અનોખી, સોનિયા, નીલ, અરહાન

દોશી અને વોરા પરિવાર

UMEDICA LABORATORIES PVT. LTD. | Amoli Organics Pvt. Ltd. | AMOLI ENTERPRISES LTD A MEMBER OF AMOLI GROUP

પ્રાર્થના સભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## સંસ્થા સમાચાર

### ગમતાનો કરીએ ગુલાલ

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા ગુજરાતી ગીતોનો રસમય કાર્યક્રમ 'ગમતાનો કરીએ ગુલાલ'નું આયોજન ૧૫ માર્ચે સાંજે છ કલાકે કર્યુ છે. આ કાર્યક્રમ નિ:શુલ્ક છે અને એના પ્રવેશપત્રોનું વિતરણ સમાજના કાર્યાલયમાંથી સાંજે ૬થી ૭:૩૦ સુધી કરવામાં આવ્યુ છે.

# મુંબઈ સેન્ટ્રલ, બાંદ્રા ટર્મિનસ પર હંગામી ધોરણે પ્લેટફોર્મ ટિકિટ વેચવાનું બંધ

મુંબઈ: હોળીના તહેવારોને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા વિશેષ ટ્રેનો દોડાવવાની જાહેરાત કરવાની સાથે મુંબઈ ડિવિઝનના મહત્ત્વના સ્ટેશન પર પ્લેટફોર્મની ટિકિટ વેચવાનું બંધ કર્યું છે. રેલવેએ આ મુદ્દે જણાવ્યું હતું કે પ્રવાસીઓની વધતી ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેમાં મુંબઈ ડિવિઝનમાં ખાસ તો મુંબઈ સેન્ટ્રલ અને બાંદ્રા ટર્મિનસ પર પ્લેટફોર્મ ટિકિટ વેચવાનું બંધ કર્યું છે. મુંબઈ ડિવિઝનના અન્ય સ્ટેશનમાં વાપી, વલસાડ, ઉધના અને સુરત સ્ટેશન પર પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ હંગામી ધોરણે બંધ કરવાનો નિર્ણય લીધો છે. ૧૬ માર્ચ સુધી આ પ્રવાસીઓને પ્લેટફોર્મની ટિકિટ વેચવામાં આવશે નહીં, એમ પશ્ચિમ રેલવેએ જણાવ્યું હતું. સિનિયર સિટિઝન, મહિલા સહિત બાળકોને ખાસ કરીને ટ્રેનમાં સારી રીતે પ્રવાસ કરે એના માટે મદદ કરવાની પણ પ્રવાસીઓને રેલવેએ અનુરોધ કર્યો છે.

# બાળક પાસે લગ્નોમાં ચોરી કરાવતી ટોળકીનો પર્દાફાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિવિધ રાજ્યોમાં લગ્ન સમારંભોમાં જઈને બાળકની મદદથી ચોરી કરનારી મધ્ય પ્રદેશની ટોળકીના એક સભ્યને વિરારની બોલિંજ પોલીસે પકડી પાડ્યો હતો.

ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ વિકાસકુમાર રામજીલાલ સિસોદિયા (૩૪) તરીકે થઈ હતી. પોલીસ આરોપીઓના સાથીઓની શોધ ચલાવી રહી છે. પોલીસ ફરિયાદ અનુસાર ઘટના ૨૦ ફેબ્રુઆરીની રાતે બની હતી. વિરાર પશ્ચિમમાં ઑલ્ડ વિવા કૉલેજની પાછળ આવેલા મેદાનમાં લગ્ન સમારંભનું આયોજન કરાયું હતું. વિરાર પૂર્વના મનવેલપાડામાં રહેતી ફરિયાદી મીનલ પાટીલની દીકરીનો લગ્ન સમારંભ હતો. સમારંભમાં વર-વધૂને આપવામાં આવેલી ભેટ એસ સૂટકેસમાં રાખવામાં આવી હતી.ફરિયાદમાં જણાવાયું હતું કે સૂટકેસમાં આઠ લાખ રૂપિયા અને ત્રણ તોલા સોનાના દાગીના હતા. સૂટકેસ લગ્નના સ્ટેજ પર એક ખૂણે રાખવામાં આવી હતી. મહેમાનો અને પરિવારજનો વિધિમાં વ્યસ્ત હતા ત્યારે અજાણ્યો શખસ સૂટકેસ ચોરી ફરાર થઈ ગયો હતો. આ પ્રકરણે બોલિંજ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

લગ્નના સ્થળે સીસીટીવી કૅમેરા નહોતા, પરંતુ લગ્નસ્થળ બહારના અને આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે પોલીસે આરોપીની ઓળખ મેળવી હતી. વિવિધ રાજ્યોમાં ભપકાદાર લગ્ન સમારંભોમાં બાળકની મદદથી ચોરી કરનારી મધ્ય પ્રદેશની ટોળકીના સભ્યો આ ચોરીમાં સંડોવાયેલા હોવાની ખાતરી પોલીસને થઈ હતી.

મધ્ય પ્રદેશના રાજગઢ જિલ્લામાં બોડા પોલીસની મદદથી બોલિંજ પોલીસની ટીમે ૧૧ દિવસ તપાસ કરીને સિસોદિયાને પકડી પાડ્યો હતો.

## પારસી મરણ

તેહમી યઝદી પટેલ તે યઝદીના ધણીયાણી. તે મરહુમો કુમા મનચેરશાહ દસ્તુરના દીકરી. તે જેસમીન ને બરજીસના માતાજી. તે દારાયસ ને રંજીતાના સાસુ. તે સીલ્લું, ફિરોઝ તથા મરહુમો ડોલી ને જરુના બહેન. તે અરયાન ને નાતાશાના બપઈજી. (ઉ.વ. ૮૮). રહેવાનું ઠેકાણું: ૪/૬૩, એ. એચ. વાડીયા બાગ, પરેલ ટેંક રોડ, મુંબઈ-૪૦૦૦૩૩. ઉઠમણાંની ક્રિયા તા. ૧૪-૩-૨૫ ને દિને બપોરે ૩.૪૦ વાગે વાચ્છા ગાંધી અગિયારીમાં છે.

સોલી નાદરશા મહેતા તે મરહુમો નરગેશ નાદરશા મહેતાના દીકરા. તે હોમી ને સીલ્લુ જીના એન્જિનિયરના ભાઈ. તે આદીલ ને અરીનાઝના કાકા. (ઉ.વ. ૮૪). રહેવાનું ઠેકાણું: ૩ મહેતા ટેરેસ, દાદી સંતોક લેન, ધોબીતળાવ, મુંબઈ-૪૦૦૦૦૨. ઉઠમણાંની ક્રિયા તા. ૧૩-૩-૨૫ને દિને બપોરે ૩.૪૫ વાગે અનજુમ આતસબહેરામમાં છેજી.

ફ્રેની એરચ બગલી તે મરહુમો નાજામાય એરચ કાવસજી બગલીના દીકરી. તે જસી તથા મરહુમો દરાયસ, દીના, હોમાય, ફ્રેની ને જોહાબક્સના બહેન. તે બખ્તાવર સાઈરસ દલાલ, કાવસ દારાયસ બગલી ને મરહુમ દીનશા દારાયસ બગલીના ફુઈ. તે રયોમંદ રુસ્તમ કરકરીયાના માસી. (ઉ.વ. ૯૨). રહેવાનું ઠેકાણું: બી-ટાઈપ બિલ્ડિંગ, કોન્ટ્રાકટર બાગ, રૂમ નં. ૧૨, બીજે માળે, મોરી રોડ, માહિમ, મુંબઈ-૪૦૦૦૧૬. ઉઠમણાંની ક્રિયા તા. ૧૩-૩-૨૫ ને દિને બપોરે ૩.૪૫ વાગે ઉપરની વાડીયા બંગલીમાં.

## હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ બિલિમોરા (હાલ ભુલેશ્વર)ના રહેવાસી ગં. સ્વ. કંચનબેન છોટુભાઈ પટેલ (ઉ. વ. ૭૫) શુક્રવાર, તા. ૭-૩-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. છોટુભાઈ લાલજીના પત્ની. રાકેશ, પપ્પુ, મનીષાના માતા. હેમાના સાસુ. ગુંજન, રોનકના દાદી. તેમનું બંને પક્ષનું બેસણું તા. ૧૫-૩-૨૫ના રોજ સાંજે ૪ થી ૬. કાશી વિશ્વનાથ મંદિર, દાદીશેઠ અગ્યારી લેન, પારસી અગ્યારીની બાજુમાં, મુંબઈ-૨. બારમું/ પુષ્પાણી તા. ૧૮-૩-૨૫, મંગળવાર બપોરે ૩ થી ૫ નિવાસસ્થાને રાખવામાં આવ્યું છે. ઠે. ૪- ખેડેરાવ વાડી, રૂમ નં. ૪, દાદી શેઠ અગ્યારી લેન, કાલબાદેવી રોડ, મુંબઈ-૨.

**વિસા સોરઠિયા વણિક**

લોઢવાવાળા હાલ કાંદિવલી, ગં.સ્વ. હસુમતીબેન પ્રફુલચંદ્ર શાહ (ઉ.વ. ૭૮) તા. ૧૧-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે કોઈમ્બતુરવાળા સ્વ. લીલાવતીબેન રણછોડદાસના સુપુત્રી. રાહુલ અને જુગલના માતુશ્રી. રેશમા, નિકિતાના સાસુ. ફલક, કલશ, હવ્ય, દેવલ, કેતુબના દાદી. સ્વ. છગનભાઈ, શોભનાબેન, સ્વ. સુરેશભાઈ, સ્વ. ઉર્મિલાબેન, સ્વ. દિનુબેન, ભીખુભાઈ સ્વ. કિરણબેન, જેઠાભાઈ, મીનાબેન જયંતીભાઈના ભાભી. ચંદ્રકાંતભાઈ, જસુમતીબેન, સ્વ. જીતેન્દ્રભાઈના બેન. પ્રાર્થનાસભા તા. ૧૫-૩-૨૫, શનિવારના ૫.૩૦ થી ૭.૩૦. અડુકિયા સ્કુલ, એસ. વી.પી. સ્કૂલની સામેની ગલ્લી, કાંદિવલી પશ્ચિમ. લૌકીક વ્યવહાર બંધ છે.

**કપોળ**

રાજુલા નિવાસી હાલ કાંદિવલી સ્વ. જયાબેન ઓધવજી મહેતાના પુત્ર પંકજ (ઉ.વ. ૬૬) તા. ૧૦-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે મીનાના પતિ. હીરલ પજ્ઞેશ પારેખ, ખ્યાતિ વૈભવ ભટ્ટના પિતા. જયંતભાઈ, કુસુમબેન, દમુબેન, સ્વ. જયોતીબેન, સ્વ. શાનુબેનના ભાઈ. જયશ્રીબેનના દીયર. ગં. સ્વ. હંસાબેન વિઠ્ઠલદાસ કરવતના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૫-૩-૨૫, શનિવારના ૫ થી ૭. ઠે. લુહાણા બાળાશ્રમ, મથુરાદાસ એક્ષટેન્શન રોડ, અતુલ ટાવરની સામે, કાંદિવલી વેસ્ટ.

**વિરપુર દશાનીમા વણિક**

વિરપુર નિવાસી હાલ મુંબઈ કૃષ્ણકાન્ત રમણલાલ કડકીઆ (ઉ.વ. ૯૦) તે સ્વ. કુંજલતાના પતિ. સ્વ. કુસુમબેન, સ્વ. પ્રફુલબેન, સુભાષભાઈના મોટા ભાઈ. નિમીષભાઈ, પિનાકીનભાઈ, રૂપલબેનના પિતાશ્રી તા. ૯-૩-૨૫, રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. તેમની ક્રિયાપાણી મુંબઈ ખાતે રાખેલ છે. તેમનું બેસણું શ્રી બ્રહ્મક્ષત્રિય સોરઠીયા કાસ્ટ વાડી ટ્રસ્ટ (મુંબઈ), ૩૦, ત્રીજી પાંજરાપોળ લેન, સી. પી. ટેન્ક રોડ, મુંબઈ-૪.

**કપોળ**

જામકાવાળા હાલ તિલકનગર ચેમ્બુર, સ્વ. મોંઘીબેન તથા સ્વ. હરિલાલ છગનલાલ સંઘવીના સુપુત્ર સ્વ. મધુકાંતભાઈના ધર્મપત્ની ગં.સ્વ. ધીરજબેન (ઉ.વ. ૭૫) તા. ૧૧/૩/૨૫ને મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે પ્રિતેશભાઈ, દિપાબેનના માતૃશ્રી. અ. સૌ. કુંજન તથા વિપુલકુમાર દોશીના સાસુ. સ્વ. બળવંતભાઈ, અ.સૌ. ઇન્દુબેન મનસુખલાલ, અ. સૌ. કુંદનબેન હર્ષદરાય, શશિકાન્તભાઈ, સ્વ. રમેશભાઈ, ગં.સ્વ. હંસાબેન પ્રદીપકુમારના ભાભી. પિયરપક્ષે રાજુલાવાળા, નરસિંહ ભાણજી દોશીના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

કુસુમબેન માધુભાઈ કોટેચા (ઉ.વ. ૭૨) તા. ૧૧-૩-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. માધુભાઈ જમનાદાસ કોટેચાના પત્ની. મોના મનીષકુમાર ઉનડકટ તથા અંજુ હીતેશકુમાર કાનાબારના માતુશ્રી. મન, મંત્ર, યશ, રીશીના નાની. મનીષકુમાર અને હીતેશકુમારના સાસુ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ચિતવાળા, સ્વ. રમાબેન મનસુખલાલ ઓધવજી મેહતાના પુત્ર પ્રકાશ (ઉ.વ. ૭૪) તે મીનાના પતિ. તેજસ તથા જીગરના પિતાશ્રી. અશોક, વિજય, હરેશના મોટાભાઈ. તેજલ, સિધ્ધીના સસરા. સ્વ. નાગેશ્રીવાળા રતિલાલ ચકુભાઈ મેહતાના જમાઈ, તા. ૧૧/૩/૨૫ના કાંદિવલી મુકામે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૬/૩/૨૫ને રવિવાર ૪ થી ૬. પાવનધામ, મહાવીરનગર કાંદિવલી વેસ્ટ. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**મોઢ ચતુર્વેદી ચૂથા સમવાય બ્રાહ્મણ**

ધરવાળાવાળા હાલ દહિંસર, સ્વ. અનંતરાય જયંતિલાલ ત્રિવેદીના ધર્મપત્ની કુસુમબાળા ત્રિવેદી (ઉ.વ. ૭૧) તા. ૧૦-૩-૨૫ના કૈલાસવાસી થયેલ છે. તે ભાવેશ પિયુષ, ધર્મિષ્ઠા નિલેશકુમાર, માયા શૈલેષકુમારના મમ્મી. અલ્પા ભાવેશ, વંદના પિયુષના સાસુ. અશ્વિન જયંતિલાલ, અર્ચના અશ્વિન, પ્રવિણ કાંતિલાલ, ચંદ્રકાંત કૈશિક, મનોજ બાબુલાલ, રજનીકાંત, સ્વ. સંજય બળવંતરાય, કમલેશ, વિપુલ, હેમંત નવનિતરાયના ભાભી. પ્રાર્થનાસભા તા. ૧૩-૩-૨૫ ગુરુવાર ૪.૦૦ થી ૬.૦૦. સમાજ કલ્યાણ હોલ બ્લુ ગેલેક્સી બિલ્ડીંગની બાજુમાં, જરીમરી ગાર્ડન પાસે, સી એસ રોડ, દહીસર ઇસ્ટ.

**દેસાઈ સઇ સુતાર જ્ઞાતિ મુંબઈ**

ગામ ભાવનગર વલ્લભીપુર નિવાસી હાલ કાંદિવલી, ચંદુલાલ પુરુષોત્તમભાઈ ગોહિલ અને ગીતાબેનના નાનાદીકરા સ્વ. દીપકભાઈ ગોહિલ (ઉ.વ. ૪૩) તા. ૧૦/૩/૨૫ને સોમવાર રામચરણ પામ્યા છે. તે ભૂમિકાબેનના પતિ. અગસ્ત્યના પિતા. સ્વ. જીતેન્દ્રભાઈ ચંદુલાલ, સોનલબેન હિંમતભાઈ, મીનલબેન સચિનભાઈના ભાઈ. મહુવા નિવાસી હાલ કાંદિવલી જયંતિભાઇ મનહરલાલ ચાવડાના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૩/૩/૨૫ ગુરુવારે ૪ થી ૬. લૌકિક પ્રથા બંધ છે. શ્રી દેસાઈ સઇ સુથાર જ્ઞાતીની વાડી, અશોકનગર, સ્વયંભૂ ગણપતિ મંદિરની સામે, કાંદિવલી ઇસ્ટ.

**હાલાઈ ભાટિયા**

અનિશ કાપડિયા (ઉ.વ. ૫૮) તે પારુ કાપડિયા તથા સ્વ. કરસનદાસ રામદાસ કાપડિયાના પુત્ર. તે ઠા. રામદાસ હરિદાસ કાપડિયાના પૌત્ર. સ્વ. ઠાકરસી હીરજી આશરના દોહિત્ર. રસેશ કરસનદાસ કાપડિયાના ભાઈ. સૌ. ભાવિષાના જેઠ, તા. ૧૦/૩/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. હીરજી (શંભુભાઈ) સુંદરજી તેજપાલ કચ્છ ગામ ડુમરા હાલે મુલુંડના ધર્મપત્ની કસ્તુરબેન સેજપાલ (ઉં. વ. ૯૯) મંગળવાર, ૧૧-૩-૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. પુરબાઈ દયાળજી દાવડા વાયોરવાલાની પુત્રી. પ્રતાપ, હરીશ, સ્વ. નરેન્દ્ર, અશ્વિન, ગં. સ્વ. ભારતી રમેશ, રમીલા સુરેશ, વિજયા પ્રદીપના માતુશ્રી. સ્વ. રેણુકા, ગં. સ્વ. મીના, જયશ્રી અને જ્યોત્સનાના સાસુ. રિતેશ, મિથિલ, ઉમંગ, પ્રાચી, નિતેશ ઠક્કર, સોનલ સચિન ઠક્કર, ફોરમ, કૃતિકા સંકેત શાહ, વૈદેહી જનક પરમારના દાદીમા અને ખુશ્બુ મિથિલ સેજપાલ, કુંજલ ઉમંગ સેજપાલના દાદી સાસુમા. બંને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, ૧૪-૩-૨૫ના ૫ થી ૭. ઠે. શ્રી કચ્છી લોહાણા મહાજનવાડી, પવાણી હોલ, આર. આર. ટી. રોડ, મુલુંડ (વે). લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

કરદેજવાળા દાલ કાંદીવલી સ્વ. ગીરજાબેન જયંતિલાલ મોદીના પુત્ર જીતેન્દ્ર મોદી (ઉ. વ. ૭૭) રશ્મીબેનના પતિ. ડો. અંકિત મોદી, હેતલબેન દોશીના પિતાશ્રી. મેંઘાવી તથા જીતેશભાઈના સસરા. કિશોરભાઈ, સ્વ. નરેન્દ્રભાઈ મોદી, સુકન્યાબેન મહેતા, ભારતીબેન ભુત્તા તથા અરુણાબેન શાહના ભાઈ. નાગેશ્રીવાળા ચંદ્રવદન ખીમજી સંઘવીના જમાઈ ૧૧-૩-૨૫નાં શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર ૧૫-૩-૨૫ના ૫ થી ૭. સ્થળ: મહાવીર બેન્કવેટ હોલ, મહાવીરનગર, પીઝા હટની સામે, કાંદીવલી (વે.).

## જૈન મરણ

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

જાળીલા નિવાસી હાલ ગોરેગામ તરલિકાબેન ડેલીવાળા (ઉ.વ. ૬૯) તે હરેશભાઈના પત્ની. મેઘા અમિતના મમ્મી. આરુષ, આરવના નાની. શારદાબેન અમૃતલાલના પુત્રવધૂ. હિતેશ, કનકબેન, રીટાબેન, નીતા, મિહિર, હિમાના ભાભી. સ્વ. કમળાબેન મોતીલાલ અજમેરાના પુત્રી. તા. ૧૧-૩-૨૫, મંગળવારે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગુંદાલાના જશુમતી લક્ષ્મીચંદ ભેદા (ઉ.વ. ૭૨) તા. ૧૧-૩-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી સાકરબાઇ (સંસારપક્ષે સાધનાબાઇ મહાસતીજી) નાનજીના પુત્રવધૂ. લક્ષ્મીચંદના પત્ની. સંજય, લીપેનના માતુશ્રી. નાની તુંબડીના દેવકાંબેન કાનજી પદમશી સાવલાના પુત્રી. કાંતીલાલ, રત્નાગીરીના નલીની મેઘનાથ શીવનેકરના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન, ત્વચાદાન કરેલ છે. એડ્રેસ: સંજય ભેદા, ઇ-૫૦૬, વિણા સરગમ, કેનેરા બેંકની બાજુમાં, મહાવીરનગર, કાંદીવલી (વેસ્ટ).

બિદડાના ચાપાણી ફરિયાના માતુશ્રી પાનબાઇ વેલજી દેવજી મારૂ (ઉ.વ. ૭૬) તા. ૧૧/૩/૨૫ના અવસાન પામેલ છે. પાનબાઇ દેવજી કચુના પુત્રવધૂ. વેલજીના ધર્મપત્ની. ચેતન, ભરત, દીપાના માતા. ટુંડાના લધીબાઇ ખીંયશી વેરશી દેઢિયાના પુત્રી. સાકરબેન દેવજી, કાંતાબેન કોરશી, ડો. વિમળાબેન નાનજીના નણંદ. ત્રગડીના દેવકાંબેન પ્રેમજી, લીલબાઇ વાલજી, ભુજપુર પ્રભાબેન દામજી, બિદડાના હીરાવંતી જયંતીલાલના બેન. પ્રાર્થના : શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ, શ્રી કરસનભાઇ લધુભાઇ નીસર હોલ, દાદર, બપોરના ૨ થી ૩.૩૦ સરનામું: દીપા પાસડ, એસ/૭૦૨, નવનીત નગર, દેશલેપાડા, ડોંબીવલી (ઇ).

નવીનાળના માતુશ્રી દમયંતીબેન નાગજી વોરા (ઉ.વ. ૭૭) તા. ૧૧/૩/૨૫ના અવસાન પામેલ છે. મોંઘીબેન જેઠા રાયશીના પુત્રવધૂ. નાગજીના પત્ની. ભાવના, રીટાના માતુશ્રી. બેરાજાના ચંચળબેન છગનલાલ ધનાણીના સુપુત્રી. વસંત, પ્રાગજી, મોહન, સુશીલાના બેન. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન તથા ત્વચાદાન કરેલ છે. ઠે. દમયંતી વોરા, બી-૮, નીલકંઠ આશીષ, ચીતરંજનદાસ રોડ, ડોંબીવલી (ઇ.).

કોટડી મહાદેવપુરીના પ્રવિણ કોરશી દેઢિયા (ઉ.વ. ૭૧) તા. ૧૦-૩-૨૫ના કાશ્મીરમાં અવસાન પામેલ છે. માલબાઇ કોરશીના પુત્ર. રક્ષાના પતિ. મિહિર, મિત્તલના પિતા. દેવજી, મોનજી, દિનેશ, જયંતી, બાયઠના કસ્તુર જયંતીલાલ ટોકરશી, રાયણના હેમા હરીશ હંસરાજના ભાઇ. પુનડીના તારાબેન લક્ષ્મીચંદ જેવત છેડાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઘરે મળવાનો સમય : સાંજના ૪ થી ૬. નિ. પ્રવિણ દેઢિયા, ૭૦૧, ગડા રેસીડેન્સી, ૨૦ વલ્લભનગર સો., જે.વી.પી.ડી. સ્કીમ, એન.એસ. રોડ નં. ૪, જુહુ સ્કીમ, મું. ૫૬.

**ઝાલાવાડી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

લીંબડી નિવાસી વડોદરા હાલ બોરીવલી, સ્વ. માતુશ્રી શાંતાબેન શશીકાંત શાહના સુપુત્ર શિરીષ ભાઈ (ઉ.વ. ૮૮) તે રસીલાબેનના પતિ. જલદીપભાઈ, સોનલબેન રાકેશકુમાર શાહના પિતાશ્રી. આદિત્યના નાનાજી, સ્વ. અરવિંદાબેન, સ્વ. પ્રવિણાબેન, સ્વ. નરેન્દ્રભાઇ, ચંદ્રલેખાબેનના ભાઈ. ધ્રાંગધ્રા નિવાસી સ્વ. માતુશ્રી રંભાબેન ત્રંબકલાલ ડુંગરશી શાહના જમાઈ. તા. ૧૧/૩/૨૫ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહારની પ્રથા સદંતર બંધ રાખેલ છે. એ-૯૦૨, યોગી રત્ન, જૈન દેરાસર પાસે, યોગી નગર, બોરીવલી વેસ્ટ.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

મોટી વડાલ નિવાસી હાલ ડોમ્બીવલી, કમળાબેન ફુલચંદભાઈ નેમચંદભાઈ દોશીના સુપુત્ર રાજેશ (ઉ.વ. ૫૫) તા. ૧૨-૩-૨૫ને બુધવાર ડોમ્બીવલી મુકામે અરિહંતશરણ પામેલ છે. તે ચંદ્રકાંત, રાકેશ, રંજનબેન રાજેશકુમાર, શોભનાબેન, રશ્મીનકુમારના ભાઈ. નીલ, પાર્થના કાકા. તે દોશી અનંતરાય, દિનેશભાઈ, જયસુખભાઈ, રમાબેન, સવિતાબેન, લલિતાબેન, હંસાબેન પ્રફુલાબેન, મનીષાબેનના ભત્રીજા. મોસાળપક્ષ વોરા મણિલાલ ડુંગરશી હિંમતભાઈ, જયસુખભાઈ, ઇન્દ્રવદનભાઈના ભાણેજ. સાદડી તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી. ચંદ્રકાંત ફુલચંદ દોશી, ૧૦૩ ગજ બંધન એપાર્ટમેન્ટ, પાથરલી રોડ, ગોગરસવાડી, ડોમ્બીવલી (પૂર્વ).

**સ્થાનકવાસી જૈન**

મોટા કોટડા નિવાસી હાલ મીરા રોડ, સ્વ. છોટાલાલ ત્રિભોવનદાસ દોશીના ધર્મપત્ની ગં.સ્વ. ભાનુમતી (ઉ.વ. ૮૨) તે હિમાંશુ, સુનિલ તથા સીમાના માતુશ્રી. રચિતના દાદી. સાવરકુંડલા નિવાસી સ્વ. વિપુલકુમાર ગાંડાલાલ દોશીના સાસુ. સ્વ. ઋષભ તથા પ્રથમના નાની. દાદર નિવાસી સ્વ. રતિલાલ ત્રીભોવનદાસ કમાદારના દીકરી. ૧૨/૩/૨૫ના અરિહંતશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૬/૩/૨૫ના ૪ થી ૬. વર્ધમાન સ્થા. જૈન ઉપાશ્રય, મીરા રોડ, શાંતિનગર સેક્ટર ૬, મીરા રોડ ઈસ્ટ.

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર નિવાસી સ્વ. સમુબેન મણિલાલ શાહના સુપુત્ર નરેશભાઈ (ઉ.વ. ૭૧) તે પરેશાબેનના પતિ. ચિરાગ, કૃષિકા, મીતેન, પૂજાના પિતા. સ્વ. કકલચંદ બાદરચંદ ભેમાણીના ભત્રીજા. સ્વ. લીલાબેન વિઠ્ઠલદાસ મસાલિયાના જમાઈ. ૧૧/૩/૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ૨૦૨, રાજ સ્વાસ્તિક, દોલત નગર, બોરીવલી ઈસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

હાલ વાલ્કેશ્વર જામનગર, ઇન્દુબેન ઉમેદભાઇ દોશી (ઉ.વ. ૯૦) તા. ૧૦-૩-૨૫ સોમવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ઉમેદભાઈ બચ્ચુભાઈ દોશીના પત્ની. મનીષ-વંદના દોશી અને શ્વેતા-વિકાસ શાહના માતુશ્રી. સ્વ. મોતીબેન મનસુખલાલ વોરાના સુપુત્રી. અમોલી-પ્રતિક કોઠારી, અનોખી, સોનિયા, નીલ, અરહાનના દાદીમા. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી હાલ કાંદીવલી સ્વ. અનંતરાય પ્રેમચંદ સલોતના પુત્ર અશ્વિનભાઈ (ઉં. વ. ૬૭) ૧૨-૩-૨૫ના બુધવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે નીલાબેનના પતિ. શ્રેયા તથા વત્સલના પિતા. સ્વ. જીતેન્દ્ર સલોતના ભાઈ. હેરત તથા વિધિના કાકા. સ્વ. કિશોરચંદ્ર પરમાણંદ શાહના જમાઈ તથા દિલીપભાઈ અને અમિતા નરેશ લખાણીના બનેવી. લૌકિક વ્યવહાર બંધ છે. રહે. ઈ-૪૦૧, અંબિકા દર્શન, ગોવિંદનગર, કાંદીવલી (ઈ.)


## ક્લાસિફાઈડ

**૬. પરચુરણ**

**R. K. ANTIQUE ARTS**
**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

**૧૭. જગ્યા આપવી છે**

**ખાર (વેસ્ટ)**
તદ્દન નવા બિલ્ડીંગમાં ૩ બેડરૂમ એરિયા ૧૧૫૦' કારપેટ, ૫ બેડરૂમ ૨૩૦૦' કારપેટ, પોશ લોકેશન, ફક્ત ગુજરાતી માટે, જીમ્નેશીયમ સાથે, તુરંત વેચવાના. ફોન: ૯૮૬૭૧૫૩૩૭૭. (બી-૧૫૫૧૯)

**૧૮. જગ્યા જોઈએ છે**

**વિલેપાર્લા (વેસ્ટ)**
અથવા જુહુસ્કીમમાં ભાડેથી બે બેડરૂમ, ફુલ્લી ફર્નિશ્ડ અરજન્ટ જોઈએ છે. ૯૮૨૦૬૧૩૧૨૮. (૧૫૬૯૧-એ)

**૧૯. ફેકટરી વર્કશોપ**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**૨૦. ધંધાદારી જગ્યા**

**માટુંગા પશ્ચિમ**
માટુંગા પશ્ચિમમાં 600 Sqft + 400 Sqft મેઝેનાઈન ઓફિસ/વર્કશોપ ભાડે ઉપલબ્ધ છે કૉલ 9820557620. (બી-૧૫૬૫૩)

**૩૫. જ્યોતિષ ભવિષ્ય**

**મહાલક્ષ્મી જ્યોતિષ**
**તાત્કાલિક સમાધાન, પ્રેમ સમસ્યા, લગ્નજીવનમાં સમસ્યા, પતિ-પત્ની મતભેદ, સાસુ-વહુનો ઝઘડો, સંતાન પ્રાપ્તિ, વિદ્યામાં/વિદેશમાં રૂકાવટ, ધંધામાં નુકસાન. ફીસ કામ પછી. 9321554879. (૧૫૬૯૫/એ)**

**૪૪. પેસ્ટ કન્ટ્રોલ**

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૬૫૮-ઈ)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૬૭૦/બી)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


છેલ્લા પાનાનું ચાલુ

### દીકરી હોય તો આવી...

હતા.

પુત્રી ધનશ્રી પરિવારની સૌથી મોટી સભ્ય હોવાથી માતાના અંતિમસંસ્કાર કરશે એવો નિર્ણય પરિવારે લીધો હતો. ગ્રામીણ વિસ્તારમાં પહેલી વખત કોઈ માતાના અંતિમ સંસ્કાર પુત્રી દ્વારા કરવામાં આવ્યા હોવાનો આ પહેલો જ પ્રસંગ હતો.

### તો આવી બનશે...

માધ્યમથી અશ્લીલ કે અનૈતિક બાબતોનો પ્રચાર કરવા પર પ્રતિબંધ રહેશે. બીજી તરફ વાંધાજનક ચિહ્નોનું પ્રદર્શન કરવું, અન્યોનું અપમાન થાય એવા ફોટા, બેનર અથવા અન્ય કોઇ વસ્તુનું જાહેરમાં પ્રદર્શન કરવા પર પ્રતિબંધ લદાયો છે.

દરમિયાન ટ્રાફિક પોલીસ દ્વારા ડ્રન્ક એન્ડ ડ્રાઇવિંગની વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. આ માટે શહેરમાં ઠેકઠેકાણે નાકાબંધી કરવામાં આવશે. એ સિવાય ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવશે.

### પુણેના બળાત્કારીને

જ્યુડિશિયલ કસ્ટડીની માગ કરી બે દિવસની પોલીસ કસ્ટડીના અધિકાર જાળવી રાખ્યા હતા. અદાલતે ગાડેને ૨૬ માર્ચ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યો હતો.' પોલીસની જાણકારી અનુસાર પીડિતા પચીસ ફેબ્રુઆરીની વહેલી સવારે સ્વારગેટ બસ સ્ટેન્ડ પર બસની રાહ જોઈ રહી હતી ત્યારે ગાડે બસ કંડકટરનો ડોળ કરી તેને બસમાં બેસાડવાની ઓફર કરી હતી.

ફરિયાદ મુજબ પીડિતા ગાડે સાથે બસમાં પ્રવેશી ત્યારે અંદર ઘોર અંધારું હતું. આરોપી બસની અંદર તેની પાછળ દાખલ થઇ બંને દરવાજા બંધ કરી તેના પર બળાત્કાર કર્યો હતો. (પીટીઆઈ)

### નકલી અને

અને વિશ્લેષણ કરવામાં આવે છે. પ્રયોગશાળા વિશ્લેષણમાં ભેળસેળયુક્ત મળી આવેલા નમૂનાઓ પર કાર્યવાહી કરીને ભેળસેળયુક્ત ઉત્પાદનોને જાહેર જનતા સુધી પહોંચતા અટકાવી શકે છે. આ માટે, નવી પ્રયોગશાળાઓના નિર્માણ અને ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનની પ્રયોગશાળાઓને મજબૂત બનાવવા માટે નોંધપાત્ર ભંડોળ પૂરું પાડવામાં આવશે.

નકલી પનીરના વેચાણ, સંગ્રહ અને પરિવહન પર કડક કાર્યવાહી કરવા માટે હાલના નિયમોમાં સુધારો કરવામાં આવશે. ઉપરાંત, કેન્દ્ર સરકારના નિયમો પર ચર્ચા કરવા અને તેમાં ફેરફાર કરવા માટે સંબંધિત કેન્દ્રીય પ્રધાનોને વિનંતી કરવામાં આવશે. તેમણે એવી સ્પષ્ટ ચેતવણી પણ આપી હતી કે કોઈપણ સંજોગોમાં આવા પનીર વેચનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવશે.

### પુણે બળાત્કાર કેસમાં

પાર્ક કરેલી મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (એમએસઆરટીસી)ની બસમાં ૨૬ વર્ષની મહિલા પર બળાત્કાર થયા બાદ નિગમના અધિકારીઓ વતી કોઈ બેદરકારી હતી કે કેમ તે તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

મંગળવારે તપાસનો અહેવાલ મળ્યા પછી સિનિયર ડેપો મેનેજર જયેશ પાટીલ, જુનિયર ડેપો મેનેજર પલ્લવી પાટીલ, સહાયક પરિવહન ઈન્સ્પેક્ટર સુનીલ ચેલે અને સહાયક ટ્રાન્સપોર્ટ સુપરિન્ટેન્ડેન્ટ મોહિની ધગેને બેદરકારી બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા, એવી માહિતી તેમણે ગૃહને આપી હતી.

તેમણે એમએસઆરટીસીની સુવિધાઓમાં મુસાફરોની સલામતી અંગે આગામી દિવસોમાં પણ ફરજમાં કોઈ બેદરકારી દાખવવામાં આવશે તો આવી જ કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી. તેમણે કહ્યું કે ઘટના બની ત્યારે ફરજ પર રહેલા બાવીસ સુરક્ષા ગાર્ડ્સને તાત્કાલિક બદલી દેવામાં આવ્યા હતા.

ભૂતકાળના ગુનાહિત રેકોર્ડ ધરાવતા દત્તાત્રય ગાડે (૩૭), આરોગ્ય ક્ષેત્રમાં કામ કરતી મહિલા પર બળાત્કાર કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે.

### સરકાર સે

છે. તો પછી આપણે એવા અધિકારીઓને ઉચ્ચ હોદ્દા ન આપવા જોઈએ જે આ બાબતમાં અસમર્થ છે. જ્યારે તે પ્રધાનો આવે છે, ત્યારે તેઓ તરત જ હાજી હાજી કરવા લાગે છે,' એમ સુધીર મુનગંટીવારે કહ્યું હતું.

'કેટલાક અધિકારીઓ એવા હોય છે તેમના જ્યાં પણ મૂકવામાં આવે છે ત્યાં કામ કરે છે. શું આપણે આવી સિસ્ટમમાં સારા અધિકારીઓની ટીમ બનાવી શકીએ? એવા અધિકારીઓ છે જે લક્ષ્યાંક પૂર્ણ કરતા નથી. હું એક ઉદાહરણ આપું છું.

૨૦૨૩-૨૪માં, એક્સાઇઝ વિભાગની આવક ૨૫,૫૦૦ કરોડ રૂપિયા હતી, જેમ કે અમે બજેટમાં જણાવ્યું હતું. પરંતુ ખરેખર કેટલી થઈ, તે ૨૩,૨૨૨ કરોડ રૂપિયા થઈ હતી. કારણ શું છે? મહારાષ્ટ્રમાં આટલી મોટી માત્રામાં નકલી દારૂનું વેચાણ થઈ રહ્યું છે, આપણે શોધવું જોઈએ કે તે દારૂ કોણ વેચી રહ્યું છે, કોણ તેમના પક્ષમાં છે, જો તેમના પગ કાનૂની પદ્ધતિએ કાપી નાખવામાં આવે તો આપણને વધારે આવક મળશે,' એમ સુધીર મુનગંટીવારે સલાહ આપી હતી.

'અમે ૨૦૨૪-૨૫માં ૩,૫૦૦ કરોડ રૂપિયાની આવકનો અંદાજ લગાવ્યો છે. ગઈકાલ સુધીમાં આવક ૨૧,૯૦૦ કરોડ રૂપિયા હતી. શ્રીમાન સ્પીકર, એ નોંધવું જોઈએ કે શાકભાજીમાં મીઠું બચાવવા અને એવી કરકસર કરવાથી કોઈ ફાયદો નથી. તેથી, મારી એક માગણી છે. હિંમત કરો, તમે લોન માફી આપવામાં કેમ ડરો છો? લોન માફી માટે ૨૦,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે,' એમ સુધીર મુનગંટીવારે જણાવ્યું હતું.

### પીઓપી મૂર્તિઓનો

બન્યા છે. શિલ્પકારોએ એવો મુદ્દો ઉઠાવ્યો છે કે આ નિર્ણય લેતી વખતે શિલ્પકારોના મંતવ્યો અને સૂચનો ધ્યાનમાં લેવામાં ન આવ્યા હોવાથી મૂંઝવણ ઊભી થઈ. શું પીઓપીની મૂર્તિઓ ખરેખર પર્યાવરણને નુકસાનનું કારણ બને છે? નોંધનીય છે કે શિલ્પકારોએ એવું પણ સૂચન કર્યું હતું કે આનો પણ વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરવાની જરૂર છે.

ઉપરાંત, પીઓપીના વિકલ્પ તરીકે શાડૂ માટીની મૂર્તિ બનાવવી ખૂબ જ મુશ્કેલ અને ખર્ચાળ છે. વિધાનસભામાં એવી માગણી કરવામાં આવી હતી કે જો પીઓપી પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવે તો રાજ્યના ઘણા શિલ્પકારોને ભૂખમરો અને બેરોજગારીનો સામનો કરવો પડશે.

પર્યાવરણ અને આબોહવા પરિવર્તન ખાતાના પ્રધાન પંકજા મુંડેએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર શિલ્પકારોને નુકસાન પહોંચાડ્યા વિના પર્યાવરણને નુકસાન ન થાય તે માટેનો રસ્તો કાઢવાના પ્રયાસો કરી રહી છે. એકવીસમી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ એક બેઠક યોજાઈ હતી અને આ વિષય પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. કેટલીક સંસ્થાઓ એમ પણ કહે છે કે પીઓપીની મૂર્તિઓ પ્રદૂષણ ફેલાવતી નથી. આ સંસ્થાઓ દ્વારા આપવામાં આવેલા કારણો કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને મોકલવામાં આવશે અને ત્યારબાદ નિર્ણય લેવામાં આવશે.

પંકજા મુંડેએ એવી માહિતી આપી હતી કે, ભાજપના નેતા અને પ્રધાન આશિષ શેલાર રાજીવ ગાંધી વિજ્ઞાન અને ટેકનોલોજી આયોગના અધ્યક્ષ અનિલ કાકોડકરને મળ્યા હતા. કમિશનને પીઓપીની મૂર્તિઓની પર્યાવરણ પર થતી અસરનો અભ્યાસ કરવા માટે વિનંતી કરવામાં આવી હતી. તે મુજબ, એક અભ્યાસ જૂથની રચના કરવામાં આવી છે અને તેના નિષ્કર્ષ પછી આગળના નિર્ણયો લેવામાં આવશે,

તેમણે એમ પણ કહ્યું હતું કે આ તારણો કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવશે.

શું પીઓપી પ્રદૂષણ ફેલાવે છે કે તેના પર લગાવવામાં આવતો રંગ પ્રદૂષણ ફેલાવે છે? સરકારી સ્તરે પણ આ અંગે વિચારણા ચાલી રહી છે. સરકારે આ માટે વિવિધ બેઠકો યોજી છે.

પંકજા મુંડેએ પણ કહ્યું કે આ માહિતી કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને જાણ કરવામાં આવી છે. દરમિયાન, તેમણે કહ્યું કે તેઓ સેન્ટ્રલ કંટ્રોલ બોર્ડને કૃત્રિમ તળાવોમાં પીઓપીની મૂર્તિઓનું વિસર્જન કરવાની પરવાનગી આપવા વિનંતી કરવામાં આવશે.

### રેડી રેકનર્સના

આવતી સ્ટેમ્પ ડ્યુટીમાં વધારા અંગેનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો.

રાજ્યના કોઈપણ ભાગમાં અચાનક ભાવ વધારવાનો સરકારનો કોઈ ઈરાદો નથી, પરંતુ રાજ્યમાં ભાવવધારો નક્કી કરતી વખતે સ્થાનિક પરિસ્થિતિઓ, વિકાસ દર અને પુરવઠા અને માગણી જેવા પરિબળોને ધ્યાનમાં લેવામાં આવે છે. દરેક જિલ્લામાં કલેક્ટરની અધ્યક્ષતામાં એક સમિતિ હોય છે, જે સ્થાનિક પ્રતિનિધિઓ અને નિષ્ણાતોની સલાહના આધારે આ દર નક્કી કરે છે. બાવનકુળેએ જણાવ્યું હતું કે જરૂરિયાત મુજબ કેટલાક સ્થળે દરોમાં ઘટાડો પણ કરવામાં આવી રહ્યો છે.

મુંબઈના વિવિધ ભાગોમાં વિવિધ પ્રકારની સંપત્તિઓ છે, જેમાં બહુમાળી ઇમારતો, એસઆરએ પ્રોજેક્ટ્સ અને ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજનાઓ વચ્ચે મોટો તફાવત છે. તેથી, દરેક ક્ષેત્ર માટે અલગ 'વેલ્યુ ઝોન' નક્કી કરવામાં આવે છે. રેડી રેકનર રેટ નક્કી કરતી વખતે, ગરીબ અને મધ્યમ વર્ગ સાથે કોઈ અન્યાય ન થાય તેની કાળજી લેવામાં આવશે. એમ બાવનકુળેએ જણાવ્યું હતું.

રાજ્ય સરકાર આ સંદર્ભમાં જનતાની ફરિયાદો અને સૂચનોને ગંભીરતાથી લઈ રહી છે, અને આ સંદર્ભમાં ૯ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ એક બેઠક યોજાઈ છે.

બાવનકુળેએ એવી પણ અપીલ કરી હતી કે જો કોઈ પાસે ૧ એપ્રિલ પહેલા કોઈ સૂચનો હોય તો તેઓ સરકારને સુપરત કરે. સરકાર કોઈપણ ક્ષેત્રમાં કિંમતોમાં વધુ પડતો વધારો કરશે નહીં અને જો જરૂરી હોય તો, કેટલેક સ્થળે કિંમતો ઘટાડવાનું પણ વિચારશે.

### મહારાષ્ટ્રમાં પોલીસ જ

હોવાનો મુદ્દો ફરી ચગ્યો છે.

પોલીસ અધિકારીઓ પરના હુમલાની ગંભીર નોંધ લઈ ડિરેક્ટર જનરલ ઑફ પોલીસે કડક કાર્યવાહીની ચેતવણી આપ્યા પછી પણ આવા બનાવો બની રહ્યા છે. રાજ્યમાં છેલ્લાં ત્રણ વર્ષમાં બનેલા ૨,૪૧૦ ઘટનાઓમાંથી સૌથી વધુ મુંબઈમાં ૪૪૮ બનાવ નોંધાયા હતા. ત્યાર પછી થાણે અને પિંપરી-ચિંચવડનો નંબર આવે છે. આ બન્ને કમિશનરેટમાં અનુક્રમે ૧૬૧ અને ૧૦૮ બનાવ બન્યા હતા.

એ સિવાય પુણેમાં પોલીસ પર હુમલાના ૯૯, નાગપુરમાં ૬૨, નવી મુંબઈમાં ૬૯ અને વસઈ-વિરારમાં ૫૯ કેસ નોંધાયા હતા. ત્રણ વર્ષની સરખામણીમાં ગયા વર્ષે પોલીસને ટાર્ગેટ કરાયાના બનાવ ઓછા નોંધાયા હતા, પણ પોલીસની સુરક્ષાનો પ્રશ્ન હજુ ઊભો જ છે. આંકડા દર્શાવે છે કે રાજ્યમાં ૨૦૨૨માં પોલીસ પર હુમલાના ૮૯૬, ૨૦૨૩માં ૮૦૧ અને ગયા વર્ષે ૭૧૩ કેસ નોંધાયા હતા.

ગ્રામીણ વિસ્તારોમાં પણ પોલીસના માથે જોખમ ઝળૂંબતું હોવાનું નજરે પડે છે. અહિલ્યાનગરમાં તો છેલ્લાં ત્રણ વર્ષમાં પોલીસ પર ૯૫ વખત હુમલા થયા છે તો નાશિકમાં ૨૦૨ ઘટના નોંધાઈ છે. આ દૃશ્ય જોતાં હવે પોલીસે પોતાની જ સુરક્ષાના માર્ગ શોધવા પડશે, એવી ચર્ચા ચાલી રહી છે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક**

# પુરુષ

## આપણા જ સ્વાસ્થ્યને લઈને ગંભીર ક્યારે થશું?

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com



**વડા પ્રધાન** નરેન્દ્ર મોદી આજકાલ જ્યાં જાય ત્યાં મેદસ્વિતા વિશે વાતો કરી રહ્યા છે. આપણે પણ અહીં એ વિશે વાત કરી છે.

જોકે, આ બધા વચ્ચે થોડા દિવસો પહેલાં બીજું એક સંશોધન આવ્યું કે આઈટી સેક્ટરમાં કામ કરી રહેલા ૮૪% જેટલા યુવાનોને ફેટી લીવર સંદર્ભની સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. આ સંશોધન પાછું હૈદરાબાદની યુનિવર્સિટી દ્વારા કરવામાં આવ્યું છે, જેના મૂળમાં લગભગ બે જ કારણ આવી રહ્યા છે.

એક કારણ છે મેદસ્વિતા અને બીજું કારણ છે આહારશૈલી અને જીવનશૈલી. વળી, અહીં આપણે સૌએ ધડો એ લેવો જોઈએ કે આઈટી સેક્ટરમાં સંશોધન થયું છે એટલે માત્ર આઈટી સેક્ટરને જ આ સંશોધન લાગુ પડે છે એવું નથી.

'હૈદરાબાદ યુનિવર્સિટી' ના આ સંશોધનમાં એક તારણ એમ પણ આવ્યું છે કે આઈટી સેક્ટરના લોકોને ફેટી લીવર સંદર્ભની સમસ્યાઓ એટલા માટે છે એ બધા દિવસનો મોટાભાગનો સમય બેસીને કામ કરે છે.તો આ જ નિયમ બીજા લાખો યુવાનો કે લોકોને પણ લાગુ પડે છે, જે બેસીને કામ કરે છે અને દિવસમાં સમ ખાવા પૂરતીય કસરતો નથી કરતા!

ચિંતાની વાત એ છે કે માત્ર ફેટી લીવર જ નહીં, પાછલા એક દાયકામાં જૂદા જુદા અનેક રોગ વિશે અને યુવાનોમાં વધતા જતા અકાળ અવસાનો વિશે ગાઈબજાવીને કહેવાઈ રહ્યું છે કે તમે ખાવાપીવામાં ધ્યાન રાખો, જંક ફૂડ ન ખાઓ અને નિયમિત કસરતો કરતા રહો. જોકે અનેક સંદર્ભે વારંવાર એક જ વાત કહેવાવા છતાં એક દેશ તરીકે કે પ્રજા તરીકે આપણે સમજતા નથી આ કેવી ગંભીર વાત કહેવાય.

આપણે આપણા જ સ્વાસ્થ્ય માટે એટલા બધા ઉદાસીન છીએ કે આપણને કંઈ ફરક જ નથી પડતો કોઈ પણ ગાઈડલાઈન્સથી. આ લખાઈ રહ્યું છે ત્યારે ય એક સમાચાર આવ્યા છે આ વર્ષે આઈપીએલમાં તમાકુ અને દારૂના વેચાણને પ્રોત્સાહન આપે એવી જાહેરાતો પર પ્રતિબંધ મુકાશે.

કેમ?

-તો કે ભારતમાં દર વર્ષે ૧૪ લાખ લોકોના જીવ તમાકુ એકલું લઈ રહ્યું છે. અગેઈન, આ ખાણીપીણી અને લાઈફ સ્ટાઇલનો જ પ્રશ્ન છે. અને આપણને ખબર છે કે આપણે એક યા અન્ય પ્રકારે તમાકુનું સેવન કરવું એ યોગ્ય નથી, છતાં આપણે એ સંદર્ભે કંઈ શીખવા કે સમજવા નથી માગતા.

કેમ ?

- તો કે આપણે આપણા જ સ્વાથ્ય બાબતે ગંભીર નથી. અને આ એક ચિંતાનો વિષય એટલા માટે બને છે કે સમાજનો એક મોટો વર્ગ આ પ્રકારનું વલણ ધરાવે છે. એક મોટો વર્ગ એવો છે જે આહાર પ્રત્યે અત્યંત બેદરકાર છે. એક મોટો વર્ગ એવો છે, જેની લાઈફ સ્ટાઈલમાં સોફાથી ઉઠીને ખુરશી, ખુરશીથી ઉઠીને બેડ અને બેડથી ઉઠીને ફરી સોફાનું ચક્ર છે. નથી એ મોટો વર્ગ નાનાં મોટા મહેનતના કામ કરતો એ નથી એ વર્ગ કસરત કરતો. આ કારણે એ એમના શરીર પર વધારાની અને કારણ વિનાની ચરબીના થર જામતા રહે છે. આ વધારાની ચરબી એકમાત્ર એવી ઘટના છે કે એનાથી માણસને એકથી વધુ બીમારીઓ થાય છે.

આમ છતાં આટલી સાદી વાતા આપણને સમજાતી નથી. તો એ માટે કરવાનું શું ? તો કે જીમ તો આપણે જઈ રહ્યા અને ઘરે પણ કલાક-પોણા કલાકનું વર્કઆઉટ કરી રહ્યા, પરંતુ શોર્ટ વીડિયોઝના આ સમયમાં એક્સપર્ટ્સ એમ કહી રહ્યા છે કે છેલ્લે કંઈ નહીં તો અઠવાડિયમાં દોઢસો મિનિટ એવી કાઢો જે દોઢસો મિનિટમાં તમે સહેજ દોડો છો, કૂદો છો કે હાથ-પગને કે વિવિધ સ્નાયુઓ ખેંચાય છે એવી કસરત કરો! કંઈ નહીં તો આ દોઢસો મિનિટ જ સાચવી લેશો તો આટલી મિનિટ્સ જ શરીરને શ્રમ આપશો તો હાર્ટ એટેક જેવી બીમારીઓમાં ૩૧% જેટલો ઘટાડો થાય છે એટલે કંઈ નહીં તો આપણે આટલું તો કરવાનું થાય જ છે. અને જો આનાથી વધુ કરીએ છીએ તો સમજી લેવું કે આપણો બેડો પાર થઈ ગયો. જો આપણે રોજનો અડધા કલાક જેટલો સમય કસરત કે વ્યાયામને આપીશું તો આપણે માટે જીવન સરળ થઈ જશે. ■





## ડિયર હની... તારો બન્ની
પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## એ કોળિયો કાળજે લાગે ...

ડિયર હની,

આપણા સાહચર્યનું સુંદર પરિણામ એટલે દીકરી. એનાં ઉછેરની યાદગાર પળો યાદ આવે છે. બાળક આ દુનિયામાં આવે એ પછી વાતાવરણમાં સેટ થતા એને વાર લાગે છે. એના કરતા ય આપણને એટલે કે માતા- પિતાને સેટ થતા વાર લાગે છે, પણ એ વખતની પળ, દિવસોમાં તકલીફો પણ આવી અને એની મજા પણ આપણે માણી. ઘોડિયામાં દીકરી સુતી હોય અને એ એકાદું નાનકડું પણ સ્મિત આપે તો આપણું દિલ કેવું ગાર્ડન ગાર્ડન થઇ જતું. અને ઘોડિયામાં સુતી હોય અને ઊઠે ત્યારે એકાએક રડવા લાગે તો આપણે બંને કેટલા હાફળાંફાફળાં થઇ જતાં.

બાળકનો ઉછેર કેમ કરવો એ વિશે આપણે કેટલું બધું વાંચ્યું હતું, સમજવાનો પ્રયત્ન કર્યો હતો પણ જ્યારે બાળઉછેરની જવાબદારી ખરેખર આવી ત્યારે ખબર પડી કેટલી વિશે સો થાય. બાળઉછેરના પુસ્તકો ત્યારે બહુ કામ લાગતા નથી.હા, કોઈ વડીલ ઘરમાં હોય એનો અનુભવ જરૂર કામ લાગે છે.

મને અને તને બરાબર યાદ છે કે, ઘોડિયામાં દીકરીને સુવડાવવા માટે બા એની દોરી ખેંચતા હોય,ઘોડિયામાં એ આમથી તેમ ઝુલતી હોય અને બા હાલરડું ગાતા હોય એના આરોહ- અવરોહમાં દીકરી કેવી શાંત પડીને આખરે સુઈ જતી.

આ હાલરડા હવે સાવ ભુલાઈ ગયા છે. એનું એક વિજ્ઞાન છે અને હાલરડાથી બાળક શાંત પડી સુઈ કેમ જાય છે એ વિશે સંશોધન થવું જોઈએ. મને અને તને અફસોસ થતો હતો કે આપણને હાલરડાં આવડતા નહોતા. હા, મને કેટલાક બાળગીત આવડતા : 'પેલી ફરફરિયા વાળી આવી આવી ...' ને એવાં બે-ત્રણ ગીતો મારા બેસૂરા અવાજમાં ગાતો છતાં દીકરીને મજા પડતી અને થોડું ય હસતી તો બત્રીસ કોઠે દીવા થતા.

આજનાં માતા-પિતાઓને આ હાલરડાં તો આવડતા નથી, પણ બાળ ગીતો પણ નથી આવડતાં. આપણી લાડકી મોબાઈલ યુગમાં ઉછરી છે અને આજે બાળ- ઉછેર પણ મોબાઈલનાં સહારે જ થાય છે. આજે મોટાભાગના ઘરોમાં બાળક સુતું ના હોય તો મોબાઈલ પર રાઈમ્સ (જોડકણાં ) ચાલુ કરી દેવામાં આવે છે. એ ખાય નહીં તો સામે મોબાઈલ ચાલુ કરી દેવાનો. કારણ કે આજના મમ્મી-પપ્પાને તો કોઈ વાર્તા પણ નથી આવડતી. તું કોઈને કોઈ વાત કરતી રહેતી અને કોળિયા ભરાવતી જતી હતી. ક્યારેક ખોળામાં બેસાડી જમાડતી.

મને તો એ બરાબર યાદ છે કે, બપોરે હું જમવા આવું ત્યારે દીકરીએ તો જમી જ લીધું હોય તો ય એ મારી સાથે જમવા બેસતી અને એકાદ કોળિયો ખાતી પણ ખરી. રાત્રે મારે આવવામાં મોડું થાય પણ મારું સ્કૂટર ઘરના દરવાજે પહોંચે એનો અવાજ સાંભળી એ ઊઠીને મારી સાથે જમવાના ટેબલ પર આવી જતી. સાચું કહું એ એકાદ કોળિયો લેતી,પણ એ એકાદ કોળિયો હું એના મોમાં મૂકતો પણ એ લાગતો હતો મારા કાળજે...! ક્યારેક તું ડારો દઈ એને જમાડતી અને એ મને જરાય પસંદ પડતું નહીં, પણ હું બહુ વિરોધ એટલે કરતો નહોતો કે એ એના પોષણનો સવાલ હતો.

સાચું કહું તો એક દૃશ્ય મારી આંખમાં આજે ય એટલું તાજું છે. તું જ્યારે દીકરીનું પેટ ભરાવતી હતી ત્યારે તારા મુખ પર જે અનેરો ભાવ જોવા મળતો અને બાળક આંખ મીંચી પોષણ મેળવતું શાંત રહેતું એ શાંતિનો ભાવ હું કદીય નહિ ભૂલું. કેમ ભૂલું! એ તો મારા જીવનની સૌથી યાદગાર પળોમાની એક છે. તારું ય કૈક એવું છે. બધા કહે છે કે, સ્ત્રી માતા બને ત્યારે સૌથી વધુ સુંદર દેખાય છે અને એનો અનુભવ મેં કર્યો છે. આ વાત જ્યારે પણ કોઈ સ્ત્રી માતા બને ત્યારે સાચી પડતી આવી છે. માતૃત્વ એ માત્ર સ્ત્રીને મળતો લહાવો છે.

તારો બન્ની.

# સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## વૃદ્ધાશ્રમમાં સ્થળાંતર...
## આવું પણ કારણ હોઈ શકે !

જુદા જુદા વૃદ્ધાશ્રમોમાં જઈને ત્યાં વસતા વૃદ્ધો સાથે વાત કરીને એમનાં મનની વાત વાચકો સામે રજૂ કરવી એવું 'મુંબઈ સમાચાર'નું સૂચન હતું...

શા માટે વડીલોને વૃદ્ધાશ્રમમાં જવું પડે છે? એવાં ક્યાં કારણ છે, જેને લીધે વયસ્કો પોતાનું ઘર છોડીને વૃદ્ધાશ્રમમાં રહેવાનું પસંદ કરે છે એની વિવિધ વાત અત્યાર સુધી તમને વાચકોને પહોંચાડી.

જોકે તાજેતરમાં એક નવું જ કારણ જાણવા મળ્યું. લોનાવલાની આજુબાજુના બે-ત્રણ ઓલ્ડ એજ હોમની મુલાકાત લીધી ત્યારે એક વૃદ્ધાશ્રમના મેનેજર સાથે બેસીને વાત કરી રહી હતી ત્યારે મેં જોયું કે એક યુવતી એક વૃદ્ધા સાથે વાતો કરતી ઊભી હતી. થોડીવાર વાતો કર્યા પછી એ યુવતી પેલી વૃદ્ધાને 'બાય' કરીને નીકળી ગઈ. પેલાં વૃદ્ધ બહેન ઓફિસ આગળથી પસાર થયાં એટલે મારા રાબેતા મુજબ મેં એમને પૂછ્યું:

'કેટલા સમયથી અહીં રહો છો?'

'ત્રણ મહિના થયા'

'આપના સંતાન?'

'એક દીકરી છે, જે હમણાં જ મને મળીને ગઈ. તમે કદાચ જોઈ હશે. મારી સાથે વાતો કરતી ઊભી હતી.

'હા, હા ...આપ બંનેને વાતો કરતા'તા.... તો આપ દીકરીની સાથે નથી રહેતા?'

'ના, બેન હું અને મારાં પતિ બંને અહીં રહેવા આવ્યા છીએ. અમે કાંઈ હંમેશાં માટે અહીં નથી આવ્યા. ત્રણ-ચાર વર્ષ રહીશું.'

'ઓહ, એવું કેમ?'

પેલા બહેને વાત શરૂ કરી :

'વાત એમ છે કે અમારું મકાન રિડેવલપમેન્ટમાં જવાનું છે. ઘણાં વર્ષોથી વાતચીત ચાલતી હતી. હમણાં થોડી વાત આગળ વધી છે. ઘર ખાલી કરવાનું છે. બિલ્ડર ભાડું આપે એટલે ભાડે ઘર લેવાનું વિચાર્યું હતું. બહુ બધાં ઘર જોયા. પણ કોઈ ગમે નહીં તો કોઈનું ભાડું વધારે હોય. બિલ્ડર જેટલા રૂપિયા ભાડા પેટે આપે એમાં ગાંઠના ઉમેરવા પડે. જે જગ્યા ગમી જાય તેમાં આવું જ થતું હતું. અમને જે એજન્ટ ઘર બતાવતો હતો તેનું કહેવું હતું કે મુંબઈમાં હમણાં ભાડાના ઘરની શોર્ટેજ છે, કારણકે બહુ બધાં બિલ્ડિંગ એક સાથે રિડેવલપમેન્ટમાં જઈ રહ્યાં છે આને કારણે ભાડાના ઘરની ભળતી જ ડિમાન્ડ છે અને એટલે ભાડાના ભાવ બહુ જ વધી ગયાં છે. બહુ મહેનત કરી પણ મેળ પડ્યો નહીં. શું કરવું? અમે બંને વિચારમાં પડ્યાં. થયું ગુજરાતના કોઈ ગામમાં જઈને રહીએ. પણ પછી વિચાર્યું ત્યાં એકલાં પડી જઈએ. સાજા-માંદા થઈએ તો અજાણી જગ્યાએ મુશ્કેલી થઈ જાય. હું અને મારા પતિ બંને દ્વિધામાં હતા.

એક દિવસ મારી દીકરી અને જમાઈ મળવા આવ્યા. અમારી ભાડાના ઘરની મુશ્કેલીની વાત જાણીને દીકરી જમાઈ કહે:

'અરે, એમાં ચિંતા કરવાની શી જરૂર છે? અમારે ત્યાં આવી જાવ...!'



'એ બન્નેની બહુ જ ઈચ્છા હતી કે અમે તેની સાથે રહેવા જઈએ પણ અમે ના પાડી. દીકરી જમાઈ પર ક્યાં બોજ વધારવો ? હવે શું કરવું તે વિચારતા હતા વિચાર કરતા થયું કે માની પણ લે કે ભાડાનું ઘર મળી પણ જાય તોય ત્યાં પણ પોતાના ઘર જેવાં ખર્ચ તો કાયમ જ રહે ને ? એ બધી માથાકૂટમાં પડ્યા વગર અમને થયું કે મકાન બનતા જે ચાર-પાંચ વર્ષ લાગે તે દરમિયાન વૃદ્ધાશ્રમમાં જઈને રહીએ તો કેવું ? અંતે વૃદ્ધાશ્રમમાં રહેવાનો વિચાર કર્યો.

'દીકરી - જમાઈએ આ વૃદ્ધાશ્રમ શોધી કાઢ્યો. આ જગ્યા અમને પણ ગમી ગઈ... અને અમે અહીં રહેવા આવી ગયા.' માજીએ કહ્યું.

'પણ, તમે અહીં આવ્યા તો તમારાં ઘરનો આટલો બધો સામાન ક્યાં રાખ્યો? એ તો અહીંની એક રૂમમાં આવી ન શકે.

'બહેન, અમારાં ઘરનો જે સામાન હતો તે ઘણો જૂનો થઈ ગયો હતો. હવે જે નવું ઘર મળશે તેમાં આમ પણ આ સામાન રાખવાનો નથી. બધું ફર્નિચર નવું જ કરાવીશું તેથી બધો સામાન કાઢી નાખ્યો. થોડો સામાન વેચી નાખ્યો. બાકીનો કામવાળી બાઈ, વોચમેન જેમને જોઈતો હતો તેમને આપી દીધો. આખરે એ બધાં વર્ષોથી અમારી સંભાળ રાખતા હતા. થોડાં વાસણ-કૂસણ જોઈતા હતા તે પેક કરીને દીકરીના ઘરે મૂકી દીધાં. બાકી રહ્યાં કપડાં અને પુસ્તકો. એ અમે અહીં સાથે લઈ આવ્યા. અહીં ડબલ વોર્ડરોબ આપેલા છે તેમાં બધું આસાનીથી મૂકી શકાય છે. અહીં અમને બહુ ગમે છે. તૈયાર ચા-પાણી-નાસ્તો-જમવાનું મળી રહે. સમવયસ્કોની કંપની મળી રહે. સાજે-માંદે ડોક્ટરની સારવાર મળી રહે.

માજીએ સંતોષનો શ્વાસ લેતા વાતને વિરામ આપ્યો. ■

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com



## હું હતી ભારતમાંથી એવરેસ્ટ સર કરનારી પહેલી મહિલા પર્વતારોહી...

નામઃ બછેન્દ્રી પાલ
સમયઃ ૨૩ મે, ૨૦૧૮
સ્થળઃ જમશેદપુર
ઉંમરઃ ૬૪ વર્ષ
(ભાગઃ ૨)

જિંદગીના ૩૪ વર્ષ મેં જમશેદપુરમાં વિતાવ્યાં છે... આ શહેર મને પોતાનું લાગવા માંડ્યું છે. આમ જોવા જાઓ તો બિહાર ડરામણી જગ્યા છે. અહીં રહેનારા લોકો પણ અહીંના ઠેકેદારો અને માફિયાથી ડરે છે... પરંતુ, મને કદી કોઈ ખરાબ અનુભવ નથી થયો. જમશેદપુરમાં સ્ટીલના કારખાના છે. ટાટાનો મોટામાં મોટો સ્ટીલનો પ્લાન્ટ અહીં છે. હજારો લોકો કામ કરે છે. કેટલાય લોકો ફક્ત ટાટા સાથે કામ કરવા માટે પોતાના શહેરો છોડીને અહીં આવીને વસ્યાં છે, હું એમાંની જ એક છું!

ઉત્તરકાશીના પહાડોમાંથી છેક બિહાર સુધી આવવું સહેલું નહોતું... એમ.એ., બી.એડ. ભણ્યા પછી મારી પાસે નોકરી નહોતી ત્યારે બ્રિગેડિયરે મને નહેરુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ માઉન્ટેનિયરિંગમાં ઈન્સ્ટ્રક્ટર તરીકે નોકરી ઓફર કરી, પરંતુ મારા પરિવારમાં કોઈપણ મને સપોર્ટ કરવા તૈયાર નહોતું. સૌને લાગતું હતું કે, માઉન્ટેનિયરિંગ એ સ્ત્રીઓ માટેનો વ્યવસાય નથી. કેવી નવાઈની વાત! અમે તો પહાડી લોકો છીએ, રોજ પહાડ ચડવો-ઊતરવો એ અમારા જીવનનો હિસ્સો છે, તેમ છતાં એ જ જીવનશૈલીને જો વ્યવસાય તરીકે સ્વીકારવાની વાત આવે તો કોઈ તૈયાર ન થાય! એમાં વળી, આ નોકરી જો મારા ભાઈને મળી હોત તો એમને વાંધો નહોતો, પરંતુ દીકરી તરીકે હું આવી કોઈપણ નોકરી કરું એ એમને મંજૂર નહોતું... પરંતુ, મેં નક્કી કરી લીધું કે મારે આ જ કરવું છે. ખરું પૂછો તો બાળપણથી આ જ મારું સ્વપ્ન હતું. હવે જ્યારે એ પૂરું થઈ રહ્યું હતું ત્યારે પાછા હટવાનો કોઈ અર્થ નહોતો. મેં મારા માતા-પિતાને જણાવી દીધું કે હું માઉન્ટેનિયરિંગના ઈન્સ્ટ્રક્ટર તરીકે નોકરી કરીશ. મેં સાથે એ પણ જણાવી દીધું કે, હું લગ્ન નહીં કરું. મારા માતા-પિતા ખૂબ નારાજ થયાં તેમ છતાં, મેં એ જોબ સ્વીકારી અને કામ કરવાનું શરૂ કર્યું, ૧૯૮૩માં...





૧૯૮૪માં મારા સ્વપ્નોને જાણે એક નવી જ પાંખ મળી. ભારતનું ચોથું એવરેસ્ટ અભિયાન શરૂ થયું. એ અભિયાનમાં જે ટીમ બની એમાં મને સામેલ કરવામાં આવી. ૧૧ પુરુષો અને ૭ મહિલાઓ સાથે ૧૮ જણની આ ટીમ એવરેસ્ટ માટે નીકળવાની હતી. અમારી કડક ટ્રેનિંગ શરૂ થઈ. ક્યારેક થાકી જતી. ક્યારેક મને લાગતું કે, હું આ નહીં કરી શકું, પરંતુ મારા સર બ્રિગેડિયર જ્ઞાનસિંઘે મને કહ્યું, 'મેં તને માત્ર ઈન્સ્ટ્રક્ટર તરીકે નથી જોઈ. હું માનું છું કે, આ તું કરી શકીશ બસ, મનથી તૈયાર થા.'

ટ્રેનિંગ તરીકે બદ્રીનાથથી આગળ માણા પર્વત ઉપર અમારો બેઝ કેમ્પ નંખાયો. એ દિવસોમાં મને ભયાનક તાવ આવ્યો અને અમારા પ્રશિક્ષણના કેટલાક દિવસોમાં હું હાજર ન રહી શકી. મને ભય હતો કે, પ્રશિક્ષણ પૂરું નથી થયું એટલે કદાચ, મને કાઢી નાખવામાં આવશે, પરંતુ મારા બ્રિગેડિયર સરે અલગથી મારી ટ્રેનિંગ કરી, એમણે મને વચન આપ્યું હતું કે, એ મને એવરેસ્ટના સૌથી ઊંચા શિખર 'સાગરમાથા' પર પહોંચાડશે. હું પણ મનથી અને શરીરથી તૈયાર થઈ ગઈ.

મે મહિનામાં અમે અમારી યાત્રા શરૂ કરી. પહેલો જ પડાવ ભયાનક હતો. એવરેસ્ટ બેઝ કેમ્પ ઉપર મારા પગ દુઃખવા લાગ્યા, પરંતુ મારો શેરપા આંગ દોરજી ખૂબ સરસ હતો. એણે મને હિંમત આપી અને શીખવાડ્યું કે, પગમાં થોડું વિક્સ લગાડીને મોજાં પહેરવાનાં... હું ચઢવા લાગી. બરફનું તોફાન અમને હચમચાવી મૂકે એવું હતું. અમારા ટેન્ટના ખીલા ઊખડી જતા. હવા એટલી ભયાનક હતી કે, સીધા ઊભા રહેવું અઘરું પડતું. બરફ પર પડતા તડકાનું રિફ્લેક્શન એટલું ભયાનક હતું કે, ક્યારેક આગળ જોઈ ન શકાય. ઠંડી એટલી કે મોજાં પહેરવાં છતાં આંગળીઓ થીજી જાય એટલે આગળ વધવા માટે દોરડું પકડવું અઘરું થઈ જાય. પથ્થર કે પહાડ લાગે એવી કોઈ શીલાને પકડીએ તો બરફ તૂટીને હાથમાં આવે, અને નીચે પડી જવાનો ભય વધી જાય, એટલે અમને કડક સૂચના હતી કે આસપાસમાં બરફ કે પહાડ પકડવો નહીં-માત્ર દોરડા ઉપર જ ભરોસો રાખવો.

અમે ૧૮ જણાં એકબીજાની કમરમાં બાંધેલા દોરડાથી સ્થિર ચાલતા. દર વખતે આગળ ચાલનારી વ્યક્તિ બદલાતી કારણ કે, જે સૌથી પહેલાં ચાલે એણે હવાના તોફાનનો, બરફનો સામનો કરવો પડે એટલું જ નહીં, વારેવારે કમ્પાસ જોઈને દિશા સાચી છે એ નક્કી કરવું પડે... આ બધાની વચ્ચે ક્યારેક પગ મચકોડાય તો ક્યારેક ફસકી પડાય અને કમ્મરમાં દુઃખાવો વધી જાય.

૧૨ દિવસ પછી અમે લાઓત્સે ગ્લેશિયર પહોંચ્યાં. એ રાત્રે અમારો કેમ્પ ત્યાં હતો. લાઓત્સે ગ્લેશિયર ઉપર હિમસ્ખલન થયું. અમે સૌ ડરી ગયા. જે રીતે ઉપરના પહાડો પરથી બરફ નીચે ધસતો હતો એ જોઈને લાગ્યું કે હવે મોત નિશ્ચિત છે. જેણે આ દૃશ્ય જોયું હોય એને જ આ દૃશ્યની ભયાનકતા સમજાય... છેક ઉપરથી કોઈ ધકેલતું હોય એવી રીતે ઢગલાબંધ બરફ નીચે ધસવા લાગે, એ બરફ એટલો બધો હોય કે પર્વતારોહી એનો પ્રવાહ ખાળી ન શકે. સમુદ્રના મોજાંની જેમ બરફમાં બરફ ભળતો જાય અને છેક નીચે આવે ત્યારે એટલું મોટું મોજું હોય કે માણસ એ ફોર્સથી ફેંકાઈ જાય. મારી સાથેના કેટલાય લોકો ઘાયલ થયા. કેટલાકના હાડકાં ભાંગ્યા અને થોડાક લોકો ડરી ગયા. એ લોકોએ અહીંથી પાછા જવાનું નક્કી કર્યું.

આખરે એ દિવસ આવી પહોંચ્યો. ૨૩ મે, ૧૮૯૪. એ દિવસે મારો ૩૦મો જન્મદિવસ હતો. માઉન્ટ એવરેસ્ટના શિખર સાગરમાથા પર અમે ભારતીય ધ્વજ લહેરાવ્યો. હું ભારતમાંથી એવરેસ્ટ સર કરનારી પહેલી મહિલા પર્વતારોહી હતી. મેં મારી જાતને ૩૦મા જન્મદિવસે એ ભેટ આપી કે, મેં મારું સ્વપ્ન પૂરું કર્યું. એ પછી મને સ્વર્ણપદક અને પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવી...

મજાની વાત એ છે કે, મારી પાસે હજી સુધી કોઈ નોકરી નહોતી! ૧૯૮૫માં પદ્મશ્રી એનાયત કરવામાં આવ્યો ત્યારે ટાટા સ્ટીલમાંથી મને નોકરીની ઓફર મળી. જમશેદપુરમાં એક એકેડેમી બનાવીને સ્પોર્ટ્સ અને પર્વતારોહણ માટેનું એક ઈન્સ્ટિટ્યૂટ તૈયાર કરવા શ્રી રતન ટાટાએ મને વિનંતી કરી. મારે માટે આનાથી વધુ સારી ઓફર બીજી કોઈ હોઈ શકે નહીં. હું તરત જ તૈયાર થઈ ગઈ અને જમશેદપુર પહોંચી ગઈ... એ વાતને આજે ૩૪ વર્ષ થયા.

આજે હું રિયાટર થઈ રહી છું. ૪૫૦૦થી વધારે પર્વતારોહીઓને તૈયાર કરવાનું મને ગૌરવ છે. ખાસ કરીને, અનેક દીકરીઓને અને મહિલાઓને મેં પ્રેરિત કરી છે એ વાતનો મને ઘણો આનંદ છે.

**નોંધઃ**

તેમને ૧૯૮૪માં ભારતીય પર્વતારોહણ સંઘ (આઈએમએ) દ્વારા પર્વતારોહણ શ્રેષ્ઠતા માટે સુવર્ણ ચંદ્રક મળ્યો છે.

તેમને 'પદ્મશ્રી', ભારતનું ચોથું સર્વોચ્ચ નાગરિક સન્માન પ્રાપ્ત થયું.

૧૯૮૫માં, ઉત્તર પ્રદેશ શિક્ષણ વિભાગે તેમને સુવર્ણ ચંદ્રકથી સન્માનિત કર્યા.

તેમને ૧૯૮૬માં અર્જુન એવોર્ડ મળ્યો છે. તે રમતગમતમાં ઉત્કૃષ્ટ સિદ્ધિઓને માન્યતા આપતો પ્રતિષ્ઠિત પુરસ્કાર છે.

૧૯૯૪માં, બચેન્દ્રી પાલે તેનઝિંગ નોર્ગે નેશનલ એડવેન્ચર એવોર્ડ જીત્યો. આ પુરસ્કાર પર્વતારોહણમાં તેમની ઉત્કૃષ્ટ સિદ્ધિઓ માટે આપવામાં આવ્યો છે.

૧૯૯૫માં તેમને ઉત્તર પ્રદેશ સરકાર તરફથી પ્રતિષ્ઠિત યશ ભારતી એવોર્ડ મળ્યો છે.

માઉન્ટ એવરેસ્ટ પર ચડનાર પ્રથમ મહિલા તરીકે એમનું નામ ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ નોંધાયું છે.

એમને સંસ્કૃતિ મંત્રાલય તરફથી વીરાંગના લક્ષ્મીબાઈ રાષ્ટ્રીય પુરસ્કાર ૨૦૧૩-૨૦૧૪ પણ મળ્યો છે.

૨૦૧૯માં, તેમને રમતગમતમાં યોગદાન માટે ભારતના ત્રીજા સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'પદ્મભૂષણ'થી નવાજવામાં આવ્યાં છે.

(સમાપ્ત)■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

## તરુણોની આવડત સામે સમાજની અપેક્ષા

### આવી વધુ પડતી અપેક્ષા ટેલેન્ટેડ ટીનેજરને ગૂંગળાવી નાખે છે

આસ્થા અને અનુશ્રી બંને સગી બહેન. એક બારમા ધોરણમાં તો બીજી દસમામાં ભણે. આ વર્ષે બન્નેએ બોર્ડની પરીક્ષાઓ આપેલી. આસ્થાને નાનપણથી ભણવામાં ખૂબ રસ. એના માટે પુસ્તક સિવાય અન્ય કોઈ વાત નહીં. ના કોઈ શોખ કે ના કોઈ ઈત્તર પ્રવૃત્તિમાં ધ્યાન. જ્યારે અનુશ્રી પુસ્તકો સિવાયની દુનિયામાં મસ્ત રહે. આસ્થા પાસેથી સગા-સ્નેહીઓને ઘણી અપેક્ષા હતી. જ્યારે અનુશ્રી માટે એવું કહેવાતું કે એ તો પાસ થઈ જાય તોય ઘણું.

આખરે એ દિવસ આવી ગયો. આસ્થાએ બોર્ડની પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવી લીધી. એની ખુશીમાં એક પાર્ટીનું આયોજન કરવાનું નક્કી થયું. એની તૈયારી માટે મમ્મી સાથે કામકાજમાં લાગેલી અનુશ્રીને વારંવાર એવું થતું કે પોતે અહીં missfit છે. કામકાજ પતાવી પોતાના રૂમ તરફ જતે વખતે એની પીઠ પર મમ્મીની ટકોર અથડાયઃ

'જલ્દી કરજે, તારી તો આવી પાર્ટી અમે ક્યારે આપી શકીશું કોણ જાણે '

સામે દરવાજો ખોલી ઊભેલી અનુશ્રી એ બધાં જ મેડલ્સ જોઈ રહી, જેનાથી રૂમનો એક આખો કબાટ

છલોછલ ભરાયેલો હતો. એની વર્ષોની મહેનતનું પરિણામ. જેના માટે ઘરમાં ક્યારેય પાર્ટી રાખવામાં આવી નહોતી. ભણવાને બદલે અન્ય આવડતોની સાક્ષી પૂરતાં એ મેડલ્સને માત્ર અનુશ્રીની આળ-પંપાળ મળતી. 'શું મારે પણ વખાણોની વણઝાર મેળવવા સ્ટડી પર વધુ ધ્યાન દેવાનું શરૂ કરી દેવું જોઈએ? અનુશ્રી જાતને પ્રશ્ન કરતી શૂન્યમનસ્ક બની બેસી રહી.

અચાનક ફોનની રીંગ, બેલનો અવાજ અને મમ્મીની બૂમ બધાએ એકસાથે એના કાનમાં ઘણઘણાટી બોલાવી. એટલે એ માંડમાંડ છેક છેલ્લી ઘડીએ તૈયાર થઇ. પગથિયાં ઊતરવાનું હજુ શરૂ કર્યું ત્યાં તો નીચેથી ફોઈનો અવાજ આવ્યોઃ, 'ચાલ હવે તારો વારો છે, દસમા બોર્ડમાં માર્ક્સ ના આવ્યા તો ચાલે પણ હવે બારમા ધોરણમાં સારા માર્ક્સ આવશે એટલે તારી પણ આવી જ પાર્ટી અમે લઈશું'



ફોઈના આવા કટાક્ષ સામે પરાણે હસવાના લાખ પ્રયત્ન અનુશ્રીને અજાણપણે રોવડાવી ગયો.. પાર્ટીમાં

હર્ષોલ્લાસ વચ્ચે એનું હૃદય દ્રવી ઉઠ્યું, નીચે આંગણામાં ચાલતો કોલાહલ એના કાન ફાડી નાખશે એવું લાગવા માંડ્યું. બહેનને મળી રહેલા અભિનંદનનો વરસાદ, નાનાં બાળકોનો શોરબકોર અને લાઉડ મ્યુઝિક જાણે એનું હૃદય આરપાર વીંધી રહ્યા હતા.

'આમ તો, અનુશ્રી પણ હોશિયાર છે. પણ, હવે આ સ્પોર્ટ્સને ઈત્તર પ્રવૃત્તિઓના રવાડે ચડી ગઈ તે એની બહેન જેવું રિઝલ્ટ એનું આવશે નહીં 'લોકોની નજર અને આસપાસ ઝીણા અવાજે ચાલતી આવી ખુસરપુસર એની આખેઆખી જાતને એક મૂંગી ચીસમાં પલટાવી ગઈ.

અનુશ્રી એ જ પગલે પાછી વળી ગઈ. જાતને રૂમમાં બંધ કરી દીધી. એને ગભરામણ થવા લાગી. બહાર જઈ લોકોની નજરનો સામનો કરવો એના માટે અશક્ય થઈ પડ્યો. એકાદ-બે વાર આસ્થા એને બોલાવવા આવી, પણ, અનુશ્રીના પગ જાણે ખોટા પડી ગયેલા. એને હવે જાહેરમાં જવું નહોતું. શું નહોતું એની પાસે? બુદ્ધિ, રૂપ, ચાતુર્ય, ટેનિસ અને સ્વિમિંગ જેવી રમતોમાં ચેમ્પિયનશિપ, વાક્છટા અને એમાં વળી એની યોગ, અભિનય, નૃત્યકળા જેવી આવડતોનો તો જોટો જડે એમ નહોતો છતાંય.. દરેક વખતે એ પોતાની જ બહેન સામે વામણી કેમ પુરવાર થતી હતી. કેમ દર વખતે એને ચર્ચા કે ગોસિપનું કેન્દ્રબિંદુ બનાવી દેવામાં આવતી. એના રિઝલ્ટમાં છપાતા આંકડા અને બીજાઓના ગોખણિયા જ્ઞાન થકી મપાતા બુદ્ધિઆંક વચ્ચે પોતે અનેક વિષયોમાં પારંગત હોવા છતાં નબળી પુરવાર થતી હોય એવું એને લાગ્યા કરતું.

આવું એના એકલાની સાથે જ થાય છે એવું માનતી અનુશ્રીને ખબર નથી કે, પોતાને જે થઈ રહ્યું હતું એવું અનેકાનેક ટીનએજર્સ સાથે થતું આવ્યું છે. આપણા સમાજની બુદ્ધિને મૂલવવાની મર્યાદા તરુણોની પાંખ ઊગતાં પહેલા કાપી નાખે છે. એમના ખરા વ્યક્તિત્વને ખીલતાં પહેલા મૂરઝાવી દે છે. અનેક ટીનએજર્સ છે, જે 'અમુક તમુક નહીં બનવા'ની લ્હાયમાં અંતે પોતીકું અસ્તિત્વ જ ગુમાવી બેસે છે.

તરુણાવસ્થામાં આ સમસ્યા થવી આમ તો સામાન્ય ગણાય છે કે જેમાં તરુણો પોતે શું છે? જીવનમાં આગળ શું બનવા માગે છે? કઈ રીતે પોતાની જાતને આ દુનિયા સમક્ષ રજૂ કરવા માગે છે એ વિશે મૂંઝવણ અનુભવતા હોય અને એમાં જ્યારે ઘરમાંથી આ રીતે જાકારો મળે ત્યારે તેની બહુ ગંભીર અસર થવાં લાગે છે.

દુનિયાભરમાં અનુશ્રીની ઉંમરના અનેક ટીનેજર્સ પોતાની ઓળખ મેળવવા સતત આ પ્રકારના મનોમંથનમાં અટવાતા રહેતા હોય છે. એમની અંદર રહેલી એનર્જી અને આવડતને યોગ્ય દિશા તરફ વાળવામાં માતા-પિતા સહિત આખો સમાજ બેદરકાર રહે છે. મોટાભાગના તરુણો માતા-પિતા, પરિવાર અને સમાજની અપેક્ષાઓ સામે પોતાના શોખ, રુચિ અને આવડતની બલિ ચડાવી દેતાં રહે છે, પરંતુ જે આમ નથી કરી શકતાં એવા અનુશ્રી જેવા તરુણો દિશાહીન નૌકા માફક જિંદગીના મહાસાગરમાં પછડાટ ખાધા કરે છે અને અનિશ્ચિતતાનાં વમળમાં અટવાતાં રહે છે. ■

ભારતની વીરાંગનાઓ
ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

## પ્રથમ પ્રોફેશનલ સાડી ડ્રેપર

# ડોલી જૈન



તમને સાડી પહેરતાં કેટલી વાર લાગે... કોઈ પણ સ્ત્રીને પૂછશો તો જવાબ મળશે : પાંચ સાત મિનિટથી લઈને દસેક મિનિટ તો લાગે. પરંતુ ડોલી જૈન માત્ર ૧૮.૫ સેકન્ડમાં સાડી પહેરી શકે છે અને પહેરાવી પણ શકે છે !

ડોલી જૈન ભારતની પહેલી પ્રોફેશનલ સાડી ડ્રેપર એટલે કે સાડી પહેરાવનાર છે. ડોલીએ દુનિયામાં સૌથી ઝડપથી સાડી પહેરાવનાર તરીકેનો અને સૌથી વધુ પ્રકારે સાડી પહેરાવી શકવાનો વિક્રમ સર્જ્યો છે. ડોલી ૩૨૫ પ્રકારે સાડી પહેરાવી શકે છે. રાત્રે અગિયાર વાગ્યાથી સવારે ત્રણ વાગ્યા સુધી મેનીક્વીનને અલગ અલગ રીતે સાડી પહેરાવીને ડોલી ત્રણસો પચીસ પ્રકારે સાડી પહેરાવતાં શીખી ગઈ. આ કળાએ ડોલીને લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ, એશિયા બુક ઓફ રેકોર્ડ્સ અને ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન અપાવ્યું છે. પ્રોફેશનલ સાડી ડ્રેપર તરીકે પહેલી સાડી પહેરાવવા માટે અઢીસો રૂપિયા મેળવનાર ડોલી આજના દિવસમાં સાડી પહેરાવવાના ૩૫,૦૦૦ રૂપિયાથી માંડીને બે લાખ રૂપિયા સુધીનો ચાર્જ વસૂલે છે. ડોલીના ગ્રાહકોમાં નીતા અંબાણી તથા એમની બંને પુત્રવધૂઓ શ્લોકા અને રાધિકાથી લઈને બોલિવૂડની રેખા, હેમા માલિની, પ્રિયંકા ચોપરા, દીપિકા પાદુકોણ, કેટરીના કૈફ, સોનમ કપૂર અને આલિયા ભટ્ટ સહિતની અદાકારાઓ સામેલ છે.

સેલિબ્રિટીઓને સાડી પહેરાવતી ડોલી ખુદ સેલિબ્રિટી બની ગઈ. પહેલી સાડી ડ્રેપર બની ગઈ, પણ એક સમયે એને સાડી પહેરવી જરાય પસંદ નહોતું. એટલું જ નહીં, સાડી માટે એને ભારોભાર નફરત હતી. એક મુલાકાતમાં ડોલીએ કહેલું : 'મારી મમ્મી હંમેશાં સાડી જ પહેરતી. એ માત્ર પાંચ જ મિનિટમાં સાડી પહેરી લેતી.જોકે અમારો પરિવાર બેંગલૂરુથી કોલકાતા આવીને વસ્યો ત્યારે અમારી પરિચિત મહિલાઓ સલવાર સૂટ પહેરવા લાગેલી. અને મારી મમ્મીએ પણ સલવાર કમીજ પહેરવાનું શરૂ કરી દીધેલું. જોકે મમ્મીને સાડી પસંદ તો હતી. પણ મને સાડી જરાય પસંદ નહોતી. હું સાડીને પણ ક્યારેક પ્રેમ કરીશ એવું મને લાગ્યું નહોતું.'


નસીબના ખેલ નિરાળા હોય છે. બેંગલૂરુમાં ઉછરેલી અને માત્ર સાતમા ધોરણ સુધી ભણી શકેલી ડોલી લગ્ન પહેલાં કાયમ જીન્સ, ટીશર્ટ ને સ્કર્ટ જેવા વેસ્ટર્ન ડ્રેસ પહેરતી. કેટલીક મુશ્કેલીઓને પગલે એણે ભણતર છોડવું પડેલું. ડોલીએ કહેલું : 'કેટલીક પરિસ્થિતિઓ એવી હોય છે જે ભગવાન તમારે માટે બનાવે છે. ભણ્યા વિના પણ હું આજે આ મુકામ પર છું. હું ઈશ્વરની આભારી છું કે એમણે મને શરૂઆતથી જ મુશ્કેલીભર્યું જીવન આપીને મને તૈયાર કરી દીધી. કહે છે ને કે સોનાએ તપવું પડે છે. એ સમય મારા તપવાનો હતો.'

ડોલી નામના સોનાએ લગ્ન થયાં ત્યાં સુધી તપવું પડ્યું. એ પછી એના જીવનમાં નિખાર આવવાનું શરૂ થયું. પિયરમાં પશ્ચિમી પોશાક પહેરતી ડોલીનું જીવન જ બદલાઈ ગયું. ડોલીના કહેવા પ્રમાણે, 'મારાં લગ્ન એવા પરિવારમાં થયાં જ્યાં મને માત્ર સાડી પહેરવાની છૂટ હતી. કુર્તો, ડેનિમ કે ડ્રેસ પહેરવાની જરાય છૂટ નહોતી. મારાં સાસુએ સાડી પહેરવાની શરત મૂકેલી. એથી નાછૂટકે મારે સાડી પહેરવી પડતી. જોકે મને સાડી પહેરવામાં ખૂબ સમય લાગતો. હું મારાં સાસુને મને ડ્રેસ પહેરવાની મંજૂરી આપે એ માટે ખૂબ સમજાવતી, પણ એ ન માન્યાં. સાડી પહેરતાં હું કંટાળી જતી. કારણ કે મને સાડી પહેરતાં પિસ્તાળીસ મિનિટથી એક કલાક જેટલો સમય લાગતો. એથી સાડી પહેરવા મારે સવારે વહેલા ઊઠવું પડતું. હું રોજ વિચારતી કે આજે સાસુમાને ડ્રેસ પહેરવા માટે પટાવી લઈશ, પણ એ ન જ માન્યાં. એથી મારે ફરજિયાત સાડી જ પહેરવી પડતી. જોકે ધીમે ધીમે મને સાડી પહેરવાની ફાવટ આવતી ગઈ. ત્યાર બાદ મારાં સાસુએ મને ડ્રેસ પહેરવાની મંજૂરી આપી, પણ ત્યાં સુધીમાં હું સાડીના પ્રેમમાં પડી ગયેલી. એથી સાડી જ પહેરતી..'

ડોલી સાડી પહેરતી, પણ સાડી ડ્રેપર બનવાનું તો સ્વપ્નેય વિચાર્યું નહોતું. પણ નસીબમાં લખેલું તો થઈને જ રહે છે. ડોલીના સાડી ડ્રેપર બનવાનું નિમિત્ત બની અભિનેત્રી શ્રીદેવી. ડોલીએ પહેલી વાર શ્રીદેવીને સાડી પહેરાવેલી. એ અંગે વાત કરતાં સાત ધોરણ સુધી ભણેલી ડોલીએ કહેલું કે, 'મારા મામા મુંબઈમાં રહેતા. એ જે ઈમારતમાં રહેતા, એમાં જ ફિલ્મ અભિનેત્રી શ્રીદેવી પણ રહેતાં. એક વાર હું મામાને ઘેર ગયેલી. એ જ દિવસે શ્રીદેવીને ઘેર પાર્ટી હતી. એમણે અમને પણ પાર્ટીમાં આવવાનું આમંત્રણ આપેલું. પાર્ટીમાં શ્રીદેવીની સાડી પર કાંઈક પડી ગયું. એથી એ સાડી બદલવા અંદરના કમરામાં ગયાં. હું એમની પાછળ કમરામાં પહોંચી. સાડી પહેરવામાં એમની મદદ કરવા લાગી. હું એમને સાડી પહેરાવતી હતી ત્યારે એ મને ધ્યાનથી જોઈ રહેલાં. શ્રીદેવીએ મારો હાથ પકડીને કહ્યું કે, હું આટલાં વર્ષોથી સાડી પહેરતી આવી છું, બાળપણથી જ હું સિનેજગતમાં છું અને મેં લાંબી મજલ કાપી છે, પરંતુ મેં આજ સુધી આટલી ઝડપથી અને આટલી સરસ રીતે સાડી પહેરાવતાં કોઈને જોયું નથી. તારે તો સાડી ડ્રેપિંગને જ તારો વ્યવસાય બનાવવો જોઈએ. કારણ કે સાડી તારી આંગળીઓમાં ચંચળ, રમતિયાળ અને કહ્યાગરી બની જાય છે !'

શ્રીદેવીની સલાહને પગલે ડોલી પ્રથમ પ્રોફેશનલ સાડી ડ્રેપર બની ગઈ!

ડોલી પોતાની સફળતાનો શ્રેય શ્રીદેવીને આપે છે. એણે કહેલું કેઃ 'એક કલાકાર હોય છે અને એક કલાને ઓળખનારો હોય છે. કલાની પરખ કરનાર કલાકારથી પણ ઊંચો દરજ્જો મેળવે છે. મારી નજરમાં એ કલાપારખુ શ્રીદેવી છે !' ■




**નૃત્યમાં** તાલનું પ્રમાણ ઘટવા લાગ્યું હતું. માદકતા વધવા લાગી હતી. અઘોરીઓએ ત્રિશૂળ અને ખોપરીઓને આજુબાજુ ફગોળી દીધાં હતાં. એ હવે સાથેની યુવતીને ઊંચકી લેતા અને નાચવા લાગતા, ક્યારેક યુવતીને આલિંગનમાં જકડી લેતા અને નાચવા લાગતા.

એ જ વખતે નિકુંભઆનંદ ખૂબ જ ધીરેથી મારા કાનમાં બોલ્યોઃ

‘આ જગતમાં અઘોરી સિવાય અન્ય કોઈ માનવીએ જે તંત્રસાધનાનું દૃશ્ય જોયું નથી એ હવે આપને જોવા મળશે. ઉત્તેજિત ન થશો. મૈથુન દ્વારા શક્તિ પ્રાપ્ત કરવાનું અઘોરીઓનું આ અલૌકિક તંત્ર છે.’

હું પણ સંમોહિત થઈને એ તરફ એકીટસે જોવા લાગ્યો..

સમય બહુ ઝડપથી સમય વીતતો જતો હતો. રાતનો અંધકાર વધુ ને વધુ ઘૂંટાતો જતો હતો. પરોઢ થવાને હવે થોડી જ વાર હતી, છતાં ઊંઘવાની ઇચ્છા થતી નહોતી. ભયાનક રોમાંચક રાત, થાક અને ઉજાગરા પર ઊંઘ વિજય મેળવી ચૂકી હતી. મારા લીધે નિકુંભઆનંદ પણ જાગતો હતો.

.

સામેની બાજુએ યજ્ઞના અગ્નિનું રક્ષણ કરવા બે અઘોરી ત્યાં બેઠા હતા. કેટલાક છૂટાછવાયા તાપણાં કરી જાગતા હતા અને મોટાભાગના અઘોરીઓ પોતાનું વસ્ત્ર પગથી માથા સુધી ઓઢીને ઘોરતા હતા.

હું વીતી ચૂકેલા કલાકોને વગોળતો રહ્યો.

નિકુંભે કહ્યું એમ એ અલૌકિક અને અદ્ભૂત દૃશ્ય હતું. ત્રીસેક યુવાન યુગલો પ્રકૃતિના શ્રેષ્ઠ બંધનમાં ઝકડાયેલાં હતાં..

પાડાનું લોહી પીતા અઘોરીઓને જોઈ મને જે જુગુપ્સા થઈ આવી હતી એનો અંશ પણ એ યુગલોની તાંત્રિક ક્રિયા જોતાં મેં અનુભવ્યો નહોતો. ખૂબ જ સ્વાભાવિક, સાવ નૈસર્ગિક અને પ્રાકૃતિક લાગતી હતી એ ક્રિયા! બાળકને ધવડાવતી માનું ચિત્ર જે ભાવ ઉપજાવે એ ભાવ જ મારા મન પર મૈથુનનાં દૃશ્યોએ ઉપસાવ્યા. કશું જ બીભત્સ નહીં, કશું જ અશ્લીલ નહીં!

સાગરમાં ઊઠતાં મોજાઓની જેમ જાણે ‘પુરુષ’માં સમાઈ જવાની ભાવના ઊઠે અને મસ્તીભર મોજાઓ કિનારા પર પછડાય. ‘પુરુષ’ને પોતાની આર્દ્રતાથી ભીંજવી નાખે અને પાછાં સાવ સ્વાભાવિક રીતે વિખરાઈ જાય! હવાની લેરખી ફૂલ સાથે અડપલું કરે અને સુવાસિત બની ફેલાઈ જાય. અતિ શ્રમ પછી કપાળ પર પરસેવાનાં ટીપાં બાઝે અને આંખનાં આંસુ સાથે ભળી જાય!

અહીં કશું જ દ્વૈત નહીં, ફક્ત અદ્વૈત. પુરુષ અને પ્રકૃતિનો ભેદ ભૂંસાઈ ગયો હોય અને કંઈક નવો આકાર જન્મવાનો હોય એની પ્રતીક્ષા...

બે કલાક જેટલો સમય ચાલેલા એ સંયોગે ફક્ત એક જ છાપ છોડી મારા મન પર, અદ્ભુત!

પહેલી વાર હું એ અઘોરીઓના કોઈ કર્મથી-કોઈ ક્રિયાથી પ્રભાવિત થયો હતો.

મેં નિકુંભઆનંદને પૂછ્યુંઃ

‘તાંત્રિક મૈથુન વિશે તમારી પ્રતિક્રિયા કેવી રહી? તમે અઘોરીઓ જીવનમાં મૈથુનને કેટલું મહત્ત્વ આપો છો?’

‘મૈથુન સિવાય મનુષ્ય કે અન્ય જીવન સંભવિત નથી. મૈથુનને અમે જીવનદાયિની ક્રિયા માનીએ છીએ. અલબત્ત, અમે બ્રહ્મચારી છીએ,પણ અમારું બ્રહ્મચર્ય અલગ છે. ધાર્મિક ક્રિયા સિવાય કોઈ અઘોરીને મૈથુન કરવાનો અધિકાર હોતો નથી. આ ધાર્મિક પ્રક્રિયા પણ ફક્ત જાહેર સમારંભ વખતે જ થઈ શકે છે. આ ક્રિયા સમયે પણ સ્ખલન ન થવું જોઈએ. સ્ખલનને માનસિક વ્યભિચાર ગણવામાં આવે છે.’

થોડી વાર થોભીને એ ફરી બોલ્યોઃ

‘અમારા આ તંત્રને પશુપતિનાથ શિવના તત્ત્વજ્ઞાનનો આધાર છે. મૈથુન જેટલું કુદરતી છે એટલું જ બ્રહ્મચર્ય અકુદરતી છે. અકુદરતી બ્રહ્મચર્યનો વિચાર પણ પાછળથી બૌદ્ધ ધર્મના આગમન પછી વિકાસ પામ્યો છે. બ્રહ્મચર્યનો પ્રચલિત અર્થ ઘણો ખોટો છે.’

બ્રહ્મચર્ય સમાજ-સમગ્ર સમાજ માટે જેમ શક્ય નથી એમ અઘોરીઓનું તાંત્રિક મૈથુન પણ સમગ્ર સમાજ માટે શક્ય નથી. અઘોરીના મૈથુનના તત્ત્વજ્ઞાનને જો સામાન્ય રીતે અપનાવવાનું જ હોય તો આ રીતે અપનાવી શકાય.

‘મનુષ્યને શારીરિક મૈથુન કરતાં માનસિક મૈથુન જ વધારે નુકસાન કરે છે. મનથી એ વિશે પ્રયત્ન કરી મનમાંથી એ વિચારો કાઢી નાખીને ફક્ત કુદરતી રીતે જ જ્યારે ઇચ્છા થાય ત્યારે મૈથુન નુકસાન કરતાં ફાયદો કરે છે.’

મારી નિકુંભ સાથેની ચર્ચાનો આ ટૂંક સાર હતો.

અહીં આ સંદર્ભમાં એક બીજો પ્રશ્ન પણ ચર્ચવા જેવો છે. મનુષ્ય વિચારતો થયો ત્યારથી એને જેમ જન્મ અને મૃત્યુ મૂંઝવતાં રહ્યા છે તેમ જ મૈથુને પણ એને મૂંઝવ્યો છે. આનંદની ચરમસીમાએ લઈ જતી આ ક્રિયાએ એને પ્રથમવાર પરમાનંદનો સ્વાદ લગાડ્યો. એ ક્ષણિક આનંદને કાયમી બનાવવા માટે માનવીએ ફાફાં માર્યાં છે. માનવીના ઉત્કર્ષ અને પતન પણ મહદ્અંશે આ ‘પરમઆનંદ’ના લોભ સાથે જોડાયાં છે.

તે જ રાતે પેલા બસો વર્ષની વયના અઘોરી વિતરથ સાથે મારે જે ચર્ચા થઈ એનો મુખ્ય વિષય એ જ હતો.

મેદાન વચ્ચે જ્યારે સામૂહિક તાંત્રિક પ્રયોગ ચાલી રહ્યો હતો ત્યારે વિતરથે મને એક પ્રયોગ કરી બતાવ્યો હતો. એ પ્રયોગ હઠયોગનો હતો પણ અનેક હઠયોગીઓના પ્રયોગ જોયા હોવા છતાં એ પ્રયોગ મેં પ્રથમ વાર જ ત્યાં જોયો હતો.

પાણીના નાના ટબમાં બેસીને પેટ સંકોચી શરીરના સ્નાયુઓ અને વાયુઓનું નિયમન કરી કેટલાક હઠયોગીઓ ‘બસ્તીપ્રયોગ’ એટલે કે ગુદા દ્વારા પાણી ખેંચવાનો પ્રયોગ કરે છે. આનાથી એમનાં આંતરડાંઓ સાફ રહેતાં હોય છે. એક હઠયોગીને કુંભના મેળવામાં વીસેક લાડુ ખાધા પછી પેટના સ્નાયુ વલોવી અને બસ્તીપ્રયોગ કર્યા પછી પંદર મિનિટમાં જ ફરી સાવ ખાલી પેટે ખાવા માટે તૈયાર જોયો હતો.

અહીંના પ્રયોગમાં વિતરથ પદ્માસન વાળીને બેઠા. એ પછી વાતાવરણમાં રહેલી શક્તિને પોતાની જનેન્દ્રિય દ્વારા ચૂસી લેવાનો પ્રયોગ એમણે મને બતાવ્યો. એ પ્રયોગ પછી વિતરથના ચહેરા પર અને શરીરમાં અદ્ભુત શક્તિનો તરવરાટ ચોક્કસ અનુભવી શકાતો હતો.

એમણે મને એનું રહસ્ય પણ બતાવ્યું- સમજાવ્યું. ખૂબ જ અટપટી એ ક્રિયા અને અડધો કલાક ચાલેલા આ પ્રયોગ પછી મને સમજાયું કે એ પોતાના મનને તૈયાર કરવા સિવાય કશું જ નહોતા કરતા.

મેં એમને જ્યારે એ કહ્યું ત્યારે એમણે મને એક કરોડ રૂપિયાની સલાહ આપીઃ

‘તારા જ્ઞાનને કદી સીધું સરળ ન બનાવતો, એને અટપટું અને જટિલ બનાવ. બજારમાં એ લાખોના ભાવે વેચાશે ! ’

વિતરથ જે પ્રયોગ કરતા હતા એ પ્રયોગમાં પ્રથમ પગથિયું કુંડલિની જાગૃત કરવાનું છે. આ કુંડલિની પણ ભગવાન જેટલી જ રહસ્યમય શોધ છે. શાશ્વત આનંદનો સ્રોત આ કુંડલિનીને માનવામાં આવે છે. યોગીઓ નાભીની નીચે અને પેડુની આસપાસ ક્યાંક આનું સ્થાન કહે છે. કેટલાક યોગીઓ આને ‘જીવનશક્તિનો કુંડ’ કહે છે તો કેટલાક એને ‘નાગની જેમ કુંડાળું વાળીને બેઠેલી મહાશક્તિ’ કહે છે.

એક આધુનિક વૈજ્ઞાનિક અભિગમ અપનાવી બેઠેલા યોગીએ મનુષ્યના ઘટઘટમાં (Cells) વ્યાપેલી ચેતનાને કુંડલિની કહી છે. આ કુંડલિની જાગૃત કરવા માટે યોગીઓ અનેક પ્રયોગ કરે છે. શ્વાસ-પ્રશ્વાસથી લઈને હઠયોગનાં અનેક આસનો આના માટે સૂચવાયાં છે.

કુંડલિની જાગૃત કરવાની ક્રિયા શીખવી હતી.

એ પછી બીજા એક યોગીએ કુંડલિની જાગૃત કરીને કેવી રીતે ષટ્ચક્રભેદન કરવું એ પણ શીખવ્યું. આ બધી ક્રિયાઓ પછી મને એક વાત સમજાઈ કે કુંડલિની જાગૃત કરવાનું એક માત્ર પ્રયોજન શાશ્વત આનંદની પ્રાપ્તિ છે. આનંદ પ્રાપ્ત કરવા માટે થયેલી અનેક શોધોમાંની એક અદ્ભુત શોધ એટલે કુંડલિની.

આપણે એમ માની લઈએ છીએ કે

## તારા જ્ઞાનને કદી સીધું સરળ ન બનાવતો, એને અટપટું અને જટિલ બનાવ. બજારમાં એ લાખોના ભાવે વેચાશે !

‘સવાર પડે છે ત્યારે સૂરજ ઊગે છે ’ . હકીકતમાં સૂરજ ઊગે ત્યારે જ સવાર પડે છે. કુંડલિનીનું પણ આમ જ છે. હજારો વર્ષોથી લાખો યોગીઓ એમ માને છે કે કુંડલિની જાગૃત થવાથી પરમઆનંદની પ્રાપ્તિ થાય છે. કેટલાક પરમસુખ અથવા પરમશક્તિની પ્રાપ્તિ પણ માને છે. હકીકતમાં આનંદ પ્રાપ્ત થતાં જ કુંડલિની જો હોય તો આપોઆપ જાગૃત થાય છે.

‘નિકુંભઆનંદજી, મૈંને કિતનોં કો યહ બતાયા હૈ લેકિન સહજતાસે આનંદ પ્રાપ્ત કરના કિસીકો અચ્છા નહીં લગતા. એમને તો જોઈએ છે જટિલ ઉપાસના. ગૂંચવનારું જ્ઞાન અને ભ્રમણાઓમાં અટવાવે તેવો આડંબર.’

નિકુંભઆનંદ ખામોશીથી મને તાકી રહ્યો. પછી બોલ્યોઃ

‘અમને શિવાનંદજીએ એક વાત કરી હતી તમારા એક તસવીરકાર મિત્ર વિશે. તમે એને મૂઠની ભ્રમણામાંથી બચાવી શક્યા ન હતા.’

‘સચ હૈ. સીધી સાદી વાતો એના ગળામાં ઉતારી શકવા હું અસમર્થ પુરવાર થયો હતો. અંધશ્રદ્ધાની એ વાતેય સાંભળવા જેવી છે.’

‘મારે સાંભળવી છે.’ નિકુંભઆનંદે કહ્યું.

અમે બંને બહાર જનાવરોને દૂર રાખવા માટે પ્રગટાવેલા અગ્નિ પાસે જઈ બેઠા. હું ભૂતકાળને યાદ કરવા લાગ્યો. એ યાદ કરવી ગમે એવી તો નહોતી છતાંય....

***

એ રાતે હું અને પ્રમોદ વારાફરતી જગજીવન પાસે બેસી જાગતા રહ્યા, ઊંઘમાં કણસવા અને ક્યારે વિચિત્ર રીતે પીડા થતી હોય એમ રડી પડ્યા સિવાય એણે કોઈ હરકત કરી નહોતી. સવારે એ જાગ્યો ત્યારે થાક અને નિરાશા એના ચહેરા પર દેખાતી હતી.

જગજીવનને ડાકબંગલામાં જ આરામ કરવાનું કહી હું અને પ્રમોદ ફરી બેલૂરની મૂર્તિકલાને તસવીરોમાં ઝડપવા પહોંચી ગયા. આખા દિવસના પરિશ્રમ દરમિયાન અમને જગજીવનની ખોટ તો વરતાતી જ હતી, પણ કામમાં અમે એની ચિંતાને ભૂલ્યા હતા.

સામાન પેક કરને જવાની જ તૈયાર કરતા હતા ત્યાં ડાકબંગલાનો ચોકીદાર અમને શોધતો આવી ચડ્યો. એનો ગભરાયેલો ચહેરો જોઈને જ મને શંકા થઈ, નક્કી જગજીવનને કંઈક થયું છે! અમે જીપમાં તરત જ પાછા ફર્યા. ચોકીદારે કહ્યું હતું કે, જગજીવનને ખૂબ જ તાવ આવી ગયો છે. જતાં જતાં એક ડોક્ટર પણ સાથે લીધો હતો.

અમે પહોંચ્યા ત્યારે સ્વામી શિવાનંદ જગજીવન પાસે બેઠા હતા. એમને જોઈ મને થોડી શાંતિ થઈ. એમણે ક્યાંકથી કોલન વોટર મેળવી જગજીવનના માથા પર એનાં પોતાં મૂક્યાં હતા. ડોક્ટર જગજીવનને તપાસવા લાગ્યા. એમણે થર્મોમિટર જગજીવનના મોઢામાં મૂક્યું. સ્ટેથોસ્કોપ લઈ એ જગજીવનની છાતી અને પેટ તપાસવા લાગ્યા. જોરજોરથી શ્વાસ લેવાના કારણે જગજીવનની છાતી ઊંચી નીચી થઈ રહી હતી. થોડી વાર પછી ડોક્ટર સ્ટેથોસ્કોપને ઝાટકવા લાગ્યો. તેની આ હરકત મને વિચિત્ર લાગી. પછી સ્ટેથોસ્કોપ કાઢી એણે કંઈક વિચિત્ર ભાવ સાથે કાનમાંથી કંઈ કાઢવા માગતા હોય એમ આંગળી ફેરવી. મેં આશ્ચર્યથી પૂછ્યું.

‘વોટ્સ ધ ટ્રબલ ડોક્ટર!?’

‘સરપ્રાઈઝિંગ, નો વોઈસ એટ ઓલ!’ આટલું કહી એ પોતાના સ્ટેથોસ્કોપને ઝાટકવા લાગ્યા. કદાચ સ્ટેથોસ્કોપ ખરાબ થઈ ગયું હશે. મેં જગજીવનની છાતી પર ઝૂકીને મારો કાન માંડ્યો. નગારું વાગતું હોય એમ એની છાતીના ધબકારા સ્પષ્ટ સંભળાઈ રહ્યા હતા. મેં ડોક્ટરને કહ્યુંઃ ‘તમારું સ્ટેથોસ્કોપ ખરાબ થયું હશે?’ એણે સ્ટેથોસ્કોપ ફરી કાનમાં ઘાલી પોતાની છાતી પર મૂક્યુંઃ ‘ઇટ્સ વર્કિંગ!’ પછી ફરી જગજીવનની છાતી પર મૂક્યું. ફરી એ જ તકલીફ! સ્ટેથોસ્કોપ મૂકી એણે પણ મારી જેમ પોતાનો કાન જ જગજીવનની છાતી પર મૂક્યો.

થોડી વાર પછી એણે જગજીવનના મોઢામાંથી થર્મોમીટર કાઢ્યું. કેટલીયે વાર સુધી થર્મોમીટર જોયા પછી એ બોલ્યોઃ

‘ધીસ ઈઝ સરપ્રાઈઝિંગ!’ એણે મારા હાથમાં થર્મોમીટર મૂક્યું. મેં આમતેમ ફેરવીને જોયું. પારો નોર્મલ ટેંપરેચરથી પણ નીચે ઊતરી ગયો હતો. મને આશ્ચર્ય થયું. જગજીવનનું શરીર તો ભઠ્ઠીની જેમ ધગધગી રહ્યું હતું!

‘તમારું થર્મોમીટર ખરાબ હશે.’ મેં શંકા વ્યક્ત કરી.

એણે થોડી વાર પોતાના બંને હાથ વચ્ચે થર્મોમીટર પકડી રાખ્યું, પછી જોયું અને મારા હાથમાં આપ્યુંઃ ‘જુઓ, હવે નોર્મલ ટેમ્પરેચર બતાવે છે.’

અમે બધા જ સ્તબ્ધ બની ગયા હતા. આ કેવી રમત હતી? એ ચમત્કાર હતો કે અમારી ભ્રમણા? થર્મોમીટર અને સ્ટેથોસ્કોપ લઈ અમે ત્રણેય એને તપાસતા રહ્યા પણ પરિણામમાં કોઈ ફરક નહોતો.

મેં ડોક્ટરને તાવ ઊતરે એવી અને સારી રીતે ઊંઘી શકે એવી દવા આપવાની વિનંતી કરી. એણે પેનીસીલીનનાં ઈન્જેક્શન અને કેટલીક દવાઓ આપી. સાથે જ તાવ હોય ત્યારે માથા પર કોલન વોટરનાં પોતાનાં અથવા બરફ મૂકવાની સૂચના આપી. એ ગયા ત્યારે વિચિત્ર રીતે બબડતા હતા અને હાથના વિચિત્ર ચાળા કરતા હતા.

કલાક સુધી અમારામાંથી કોઈ કશું જ બોલ્યું નહીં. જગજીવનની હાલત એવી જ હતી. મેં બેરાને કંઈક નાસ્તો અને ચા-પાણીની વ્યવસ્થા કરવા કહ્યું. ભૂખ અમને કકડીને લાગી હતી.

જમ્યા પછી હું અને શિવાનંદ વાતો કરતા બેસી રહ્યા. અલબત્ત, અમારી વાતોનો વિષય પેલો અઘોરી અને મૂઠ જ હતો. સ્ટેથોસ્કોપ અને થર્મોમીટર જેવી વસ્તુઓની નિષ્ફળતાએ મને ખૂબ વ્યગ્ર બનાવ્યો હતો. રહી રહીને મને શંકા થયા કરતી હતી કે આમાં પેલા ડોક્ટરની કોઈ ચાલાકી તો નહીં હોય ને? ફરી થતું કે એ શા માટે આમ કરે? મેં, શિવાનંદે અને પ્રમોદે પણ થર્મોમીટર અને સ્ટેથોસ્કોપ તપાસી જોયાં હતાં. અમને એમાં કશું જ અજુગતું લાગ્યું નહોતું.

વર્ષોના પ્રયોગો, સાધના અને અનેક અનુભવો પછી મેં જે મેળવ્યું હતું એ બધું શું સાવ વ્યર્થ, ખોટું હતું? આત્મા જેવું કશું જ નથી. ચમત્કારોના નામે ધતિંગ જ ચાલે છે. દૈવી-અસુરી શક્તિના નામે ફક્ત માનસિક શક્તિના જ પ્રયોગો કરવામાં આવે છે. ગુરુ ચૈતન્યાનંદ સાથે વીતાવેલા એ દિવસો અને પછી પણ અનેક વર્ષોની મથામણે મેં એ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. વર્ષોના પ્રયોગો અને સાધના પછી એને દૃઢ કર્યું હતું. આજે એકાએક એને જબરદસ્ત ધક્કો લાગ્યો હતો.

બીજે દિવસે અમે પેલા ડોક્ટરની તપાસ કરી તો એ જગજીવનને તપાસવા તૈયાર જ ન થયો. ભયના કારણે એ રાતે ઊંઘી શક્યો ન હતો અને પોતે જ તાવમાં પટકાઈ પડ્યો હતો!

સવારે જગજીવનનો તાવ કંઈક ઊતર્યો હતો. અમે ત્યાંનું કામ પડતું મૂકી બેંગ્લોર પાછા ફરવાનું નક્કી કર્યું. બપોર સુધીમાં સામાન પેક કરી અમે રવાના થયા ત્યારે જગજીવને ફરીથી થોડી સ્વસ્થતા પ્રાપ્ત કરી હતી. સ્વામી શિવાનંદે બે એક દિવસ પછી બેંગ્લોરમાં મળવાનું વચન આપી વિદાય લીધી.

મેં જગજીનને સમજાવવાની કોશિશ શરૂ કરી :

‘જગજીવન, તું શા માટે તારા મન પર પેલી ઘટનાનો બોજ લઈને બેઠો છે? ભૂલી જા એ અઘોરી, એની મૂઠનો કોઈ અર્થ નથી. તારા મનમાં છુપાયેલો ડર જ તારા પર સવાર થઈ ગયો છે.. એ ડરને મનમાંથી કાઢી નાખ.’

જગજીવન અન્યમનસ્ક ભાવે મને સાંભળી રહ્યો. એ પછી મેં એને મનની અજબ શક્તિ વિશે કલાકેક ભાષણ આપ્યું. અનેક મારા અને બીજાના અનુભવોની વાતો કરી. મન કેવી રીતે ભ્રમણા ઊભી કરી મનુષ્યને ચકરાવે- ચડાવે છે એની દાખલા-દલીલો સાથે ચર્ચા કરી.

અમે બેંગ્લોરમાં અમારી હોટલ પર પહોંચ્યા. એ પ્રવાસ દરમિયાન અમે એ હોટલને જ અમારું હેડક્વાર્ટર રાખ્યું હતું. આજુબાજુના વિસ્તારોમાં બે-ચાર દિવસનો પ્રવાસ ખેડી અમે ત્યાં પાછા ફરતા. એ હોટલના મેનેજરના સહકારથી અમે અમારા રૂમના બાથરૂમને થોડો ફેરફાર કરી ડાર્કરૂમમાં ફેરવી નાખ્યો હતો. રોલ ડેવલપ કરવાનું અને થોડી આવશ્યક પ્રિન્ટો કાઢવાનું કામ અમે ત્યાં જ પતાવી લેતા.

બેંગ્લોર પહોંચી જગજીવનની ઈચ્છા ન હોવા છતાં અમે એક સારા ડોક્ટરને બોલાવ્યો. એને અમે બધી જ વાતો કરી. એણે થોડીક દવાઓ-ઈન્જેક્શનો આપ્યાં અને જગજીવનને સંપૂર્ણ આરામ લેવાની સલાહ આપી.

બીજે દિવસે જગજીવનને વધુ સ્વસ્થતા પ્રાપ્ત કરી હતી. એણે થોડો ખોરાક પણ લીધો. મેં અને પ્રમોદે બેંગ્લોરમાં થોડું શૂટિંગ કરવાનું નક્કી કર્યું. જગજીવનને ડાર્કરૂમમાં રોલ ડેવલપ કરવાની સૂચના આપી, જેથી એ પોતાના મનને કોઈ કામમાં રોકી રાખી શકે.

ચારેક કલાક પછી હું અને પ્રમોદ પાછા ફર્યા ત્યારે જગજીવન ડાર્કરૂમમાં હતો અને અંદરથી કોઈ ગીત ગણગણવાનો અવાજ આવતો હતો. મેં પ્રમોદ સામે જોયું. અમારા બંનેના ચહેરા પરથી ચિંતાનાં વાદળ હટવા લાગ્યાં. મેં ઈન્ટરકોમ પર ઈડલી અને કોફી લાવવાની સૂચના આપી અને કોચ પર લંબાવ્યું.

થોડી વાર પછી બાથરૂમનું બારણું ખૂલ્યું. જગજીત હાથમાં ભીના રોલ સાથે બહાર આવ્યો. એના અસલી મૂડમાં અમારી સામે જોઈ બોલ્યોઃ ‘ક્યોં બે, કબ આયે?’

અમે કંઈ જવાબ આપીએ તે પહેલાં જ એણે ભયાનક ચીસ પાડી. અમે બંને ચમક્યા. મેં એની તરફ જોયું ત્યારે એ પોતાના બંને હાથમાં ડેવલપ કરેલો ભીનો રોલ પકડી ઊભો હતો અને થરથર કાંપતો હતો. એના ચહેરા પર ભયાનક ભયની છાયા હતી. હું અને પ્રમોદ એની તરફ ધસ્યા. એણે મારા હાથમાં રોલ આપ્યો અને એ ચક્કર ખાઈ જમીન પર ફસડાઈ પડ્યો.

મેં રોલમાં જોયું. રોલની દરેક ફ્રેમ પર પેલા અઘોરીનો ભયાનક ચહેરો અંકાયેલો હતો.

બીજી જ ક્ષણે મારો હાથ પણ ધ્રૂજવા લાગ્યો..

(ક્રમશઃ)■

ફેશન

ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# વિચ બટન ડુ યુ વોન્ટ





**ગાર્મેન્ટમાં** બટન એ એક બહુ મહત્ત્વની એક્સેસરીઝ છે.બટન નાખવાથી ગારમેન્ટને એક ડેફિનેશન મળે છે.બટન માત્ર મેન્સ વેર એટલે કે શર્ટમાં જ નથી હોતા, પરંતુ લેડીસ કુર્તા,વેસ્ટર્ન ટોપ્સ,પેન્ટ,વન પીસ ,કે પછી ગાઉન આ બધાજ ગાર્મેન્ટમાં બટનનો ઉપયોગ થાય છે.નાનાં બાળકોના કપડામાં પણ બટનનો ઉપયોગ થાય છે.બટન જેમ અલગ અલગ એજ ગ્રુપ માટે વપરાય છે તેમ તેમ તેમાં ડિઝાઈનનું વેરિએશન જોવા મળે છે.ડિઝાઇન કરતાં પણ જે મટિરિયલમાંથી બનાવવામાં આવ્યા હોય તે પણ અલગ અલગ પ્રકારના હોય છે જેમકે,હાર્ડ પ્લાસ્ટિક,સી શેલ્સ,મેટલ, વુડન, ફેબ્રિક, ટ્રાન્સપેરન્ટ, કુંદન, પર્લ, જ્યૂટ, ટેસેલ સાથે, મીરર, કોડી વગેરે વગેરે. કપડાંની સ્ટાઇલિંગ પ્રમાણે બટનનો ઉપયોગ કરવામાં આવે છે.ચાલો જાણીયે બટનનો ઉપયોગ કઈ કઈ રીતે કરવામાં આવે છે.

કિડ્સ વેર - કિડ્સ વેર બટન વગર બની જ ના શકે. બટનથી તો કિડ્સ વેરમાં શો આવે છે. કિડ્સ વેરમાં ખાસ કરીને કોન્ટ્રાસ્ટ કલરમાં બટનનો ઉપયોગ થાય જેથી કરીને આખો ડ્રેસ અટ્રેક્ટિવ લાગે .કિડ્સ વેરમાં વપરાતા બટનની ક્વોલિટી ઘણી ઘણી સારી રાખવી પડે જેથી કરી બટન નવજાત શિશુઓને વાગે નહીં.મોટા ભાગે ટોડલર્સમાં બટન એ રીતે રાખવામાં આવ્યા હોય કે જેમાં બટનનો ઉપયોગ ગારમેન્ટ બંધ કરવામાં ન થાય પરંતુ કોઈ પ્રિન્ટમાં કરવાં આવે.જેમકે, કોઈ ફ્લાવરની પ્રિન્ટ હોય તો ફ્લાવરની વચ્ચે બટન મૂકવામાં આવે જેથી કરી ઓવર ઓલ લુક સુંદર આવે. થોડા મોટા બાળકો માટે બટન કોઈ કેરેક્ટરના શેપમાં હોય છે.અથવા તો કપડાના બટન હોય છે. કપડાના બટન એટલે, મેટલના બટન પર જે ફેબ્રિકમાંથી ડ્રેસ બનાવવામાં આવ્યો હોય તેજ ફેબ્રિકથી અથવા કોન્ટ્રાસ્ટ ફેબ્રિકથી તેને કવર કરવામાં આવે છે. નાનાં બાળકોના કપડામાં બટનની સાઈઝ ઘણી મેટર કરે છે. ઘણી વખત ડ્રેસ આખો પ્લેન હોય તો તેને મોટા બટનથી હાઈલાઈટ કરવામાં આવે છે. જેમકે ડાર્ક બ્લુ ડેનિમનો ડ્રેસ હોય તો તેમાં મોટી સાઈઝના મલ્ટી કલર બટન નાખી ડ્રેસને ઉઠાવ આપવામાં આવે છે.

વુમન્સ વેર- વુમન્સ વેરમાં બટનની ઘણી મોટી વેરાઈટી આવે છે. કુર્તા ,ફેન્સી ટોપ્સ, વેસ્ટર્ન ટોપ્સ વગેરેમાં બટનનો ઉપયોગ કરવામાં આવે છે.ઘણી વખત શો બટન તરીકે ઉપયોગ કરવામાં આવે છે જેમકે ,કુર્તાના ફ્રન્ટમાં ઓપનિંગ આપ્યું હોય જેમાં હુકનો ઉપયોગ થયો હોય. અને તે કુર્તા પટ્ટી પર બટન માત્ર શો માટે લગાડ્યા હોય તેને શો બટન કહેવાય.શો બટનની સાઈઝ ડ્રેસની સ્ટાઇલિંગ પર આધાર રાખે છે. ડ્રેસ ઇન્ડિયન છે કે , ફોર્મલ છે કે પછી ઈન્ડો વેસ્ટર્ન છે. ઘણી વખત આખા ડ્રેસમાં ફ્રન્ટમાં બટન આપ્યા હોય તેમાં માત્ર ચેસ્ટ સુધી જે બટન હોટ તે જ બંધ કરવાના હોય અને બાકી માત્ર શો માટે હોય .

ઘણી વખત આખા ડ્રેસમાં બટન આપ્યા હોય જે તમે બંધ કરી શકો. આવા ડ્રેસ ઘણી વખત રિસ્કી થઈ જાય છે જો ગાજ ઢીલા થઈ ગયા હોય તો બટન ખુલી પણ જાય. વુમન્સ વેરમાં પણ સેલ્ફ બટન કોમ્બિનેશન અને કોન્ટ્રાસ્ટ કલર કોમ્બિનેશન એમ ૨ પ્રકારના ઓપશન્સ હોય છે .જેમકે , ફોર્મલ વેર હોય તેમાં ટ્રાન્સપેરન્ટ અથવા સેલ્ફ કલરના બટનનો ઉપયોગ થાય છે. સેલ્ફ કલર એટલે કે, જે કલરનો ડ્રેસ હોય તે જ કલરના બટન હોય. ફોર્મલ વેરમાં સોબર કલર કોમ્બિનેશન સારા લાગે છે જ્યારે કેઝ્યુઅલ ડ્રેસમાં થોડી બ્રાઇટનેસની જરૂર હોય છે. કેઝ્યુઅલ વેર એટલે કે, ઇન્ડિયન વેરમાં કુર્ટસ અને વેસ્ટર્ન વેરમાં ફેન્સી ટોપ્સ અને પેન્ટ્સ કે પછી વન પીસ ડ્રેસ.આ બધા આઉટફિટમાં જેટલા કોન્ટ્રાસ્ટ બટન હશે તેટલા જ તે ડ્રેસ ઊઠીને આવશે .ઘણી મહિલાઓને અલગ અલગ બટનનો એટલો શોખ હોય છે કે, તેઓ ખાસ પ્લેન ડ્રેસ કરાવે અને પેટર્ન આપી બટનનો ઉપયોગ કરે.જો જ્યૂટના બટનનો ઉપયોગ કરવો હોય તો બ્લેક અથવા બેજ કલરનો ડ્રેસ સારો લાગશે. જો ફ્લોરલ પ્રિન્ટ હોય તો, ટ્રાન્સપેરન્ટ બટન સારા લાગશે . જો ટ્રેડિશનલ કુર્તી હશે તો ટેસેલ વાળા બટન સારા લાગશે. ફોર્મલ વેરમાં એક સોબર લુક હોવો જોઈએ ,તેથી ફોર્મલ વેરમાં ખાસ કરીને સેલ્ફ કલરના બટનનો ઉપયોગ કરવામાં આવે છે. બટન માત્ર રાઉન્ડ શેપના જ નથી હોતા પરંતુ ઓવલ, હાર્ટ, ચોરસ વગેરે શેપના હોય છે . ફેબ્રિકની ડિઝાઇન અને ડ્રેસના પેટર્ન પ્રમાણે તમે કઈ ટાઈપના બર્ટનના શેપ વાપરવા છે તે નક્કી કરી શકો. ■

# દ્રવિડ-શાસ્ત્રીએ જે ન કર્યું એ કામ હવે ગૌતમ ગંભીર કરશે!

## ▶ બ્રિટિશરો સામેની સિરીઝ માટે પ્રતિભાશાળી ખેલાડીઓ શોધવા ઈન્ડિયા ‘એ’ ટીમ સાથે ઈંગ્લૅન્ડ જશે

નવી દિલ્હીઃ ચૅમ્પિયન્સ ટ્રોફીનો તાજ વિક્રમજનક ત્રીજી વાર જીતીને પાછા આવેલા ભારતીય ખેલાડીઓ બાવીસમી માર્ચે શરૂ થનારી આઇપીએલ પહેલાં ગણતરીના દિવસો તેમના પરિવાર અને મિત્રો સાથે વીતાવવામાં વ્યસ્ત થઈ ગયા છે અને પછી તેઓ પોતાના ફ્રૅન્ચાઇઝી દ્વારા આયોજિત કૅમ્પમાં જોડાઈ જશે, પરંતુ હેડ-કોચ ગૌતમ ગંભીરની યોજના કંઈ ક જુદી જ છે. તે ફુરસદના દિવસોમાં ઇંગ્લૅન્ડના પ્રવાસે જવા માગે છે. ભૂતકાળમાં જે કામ રાહુલ દ્રવિડ અને રવિ શાસ્ત્રી નહોતા કરી શક્યા એ હવે ગૌતમ ગંભીર કરી રહ્યો છે.


ભારતીય ક્રિકેટમાં નૅશનલ ટીમના હેડ-કોચ ક્યારેય ઇન્ડિયા ‘એ’ ટીમ સાથે વિદેશ પ્રવાસ નહોતા ગયા. ગંભીર હવે એ જવાબદારી સંભાળશે. બીસીસીઆઇ દ્વારા છેલ્લા થોડા વર્ષો દરમ્યાન ઇન્ડિયા ‘એ’ તથા અન્ડર-૧૯ ટીમ સાથે વિદેશ પ્રવાસે નૅશનલ ક્રિકેટ ઍકેડેમી (એનસીએ)માંથી જ કોઈ પ્રશિક્ષકને મોકલવામાં આવ્યા છે. જોકે ગંભીર હવે નવો ચીલો પાડવા માગે છે. તે ઇન્ડિયા ‘એ’ ટીમ સાથે બ્રિટનના પ્રવાસે જઈને ત્યાં આ ટીમમાંથી ટીમ ઇન્ડિયા માટે પ્રતિભાશાળી ખેલાડીઓ શોધવા માગે છે.

આઇપીએલ પછી જૂનમાં ભારતની પ્રથમ સિરીઝ ઇંગ્લૅન્ડમાં રમાશે જ્યાં ભારતીય ખેલાડીઓ પાંચ મૅચની ટેસ્ટ-સિરીઝ રમશે અને એ શ્રેણી માટે આશાસ્પદ ખેલાડીઓ શોધવા ગૌતમ ગંભીર ઇન્ડિયા ‘એ’ની આગામી ટૂરમાં જોડાવા માગે છે જે વિશે તેણે બીસીસીઆઇને જાણ કરી હોવાનું મનાય છે. ■

# ભારતના મહાન ફીલ્ડર અને ઑલરાઉન્ડર સૈયદ આબિદ અલીનું નિધન

## ▶ ૧૯૯૬માં આબિદ અલીના અવસાનના ખોટા સમાચાર વાઈરલ થયા હતા!: બૅટિંગ અને બોલિગ, બન્નેમાં દાવની શરૂઆત કરવા માટે જાણીતા





હૈદરાબાદઃ ભારતના મહાન ક્રિકેટર સૈયદ આબિદ અલીનું ૮૩ વર્ષની ઉંમરે અવસાન થયું છે. તેઓ ફાસ્ટ બોલિંગ ઑલરાઉન્ડર હતા અને ખાસ કરીને ચુસ્ત ફીલ્ડિંગ માટે પ્રખ્યાત હતા.

તેમનું ગઈ કાલે અમેરિકાના કૅલિફોર્નિયામાં અવસાન થયું હતું. ૧૯૯૬માં આબિદ અલીએ બાયપાસ સર્જરી કરાવી હતી. કમનસીબે ત્યારે એવી અફવા ઊડી હતી કે આબિદ અલી હવે આપણી વચ્ચે નથી રહ્યા. ટીવી ચૅનલો પર ત્યારે તેમના નિધનની અફવા વાઇરલ થઈ હતી. ત્યારે ભારતીય ટીમ ઇંગ્લૅન્ડના પ્રવાસે હતી અને આબિદ અલીના અવસાનના ખોટા સમાચાર ફેલાતાં તેમને અંજલિઓ આપવામાં આવી હતી. તેમને શ્રદ્ધાંજલિ આપનારાઓમાં તેમના જ ભૂતકાળના કેટલાક સાથી ખેલાડીઓનો પણ સમાવેશ હતો. એવું મનાય છે કે એક પત્રકારે આબિદ અલીના જ ફોન પર કૉલ કરીને તેમના વિશે જાણવાની કોશિશ કરી હતી અને ત્યારે થોડી વારમાં સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું હતું કે આબિદ અલી જીવંત છે.

### છેલ્લી મૅચ વર્લ્ડ કપની હતી

ગઈ કાલે ૮૩ વર્ષ અને ૧૮૪ દિવસની ઉંમરે તેમનું અવસાન થયું છે. હૈદરાબાદમાં જન્મેલા આબિદ અલી ૧૯૬૭થી ૧૯૭૫ દરમ્યાન ભારત વતી ૨૯ ટેસ્ટ અને પાંચ વન-ડે રમ્યા હતા. તેમણે આંતરરાષ્ટ્રીય મૅચોમાં કુલ છ હાફ સેન્ચુરી સહિત કુલ ૧,૧૧૧ રન બનાવ્યા હતા તેમ જ ૫૪ વિકેટ લીધી હતી અને ૩૨ કૅચ પકડ્યા હતા. એ ઉપરાંત, તેમણે શાનદાર ફીલ્ડિંગમાં અસંખ્ય રન રોક્યા હતા. તેઓ ભારત વતી છેલ્લી મૅચ ૧૯૭૫માં મૅન્ચેસ્ટરમાં ન્યૂ ઝીલૅન્ડ સામે રમ્યા હતા. એ મૅચ પ્રુડેન્શિયલ વર્લ્ડ કપની વન-ડે હતી. એ મૅચમાં તેમણે ૧૦૭ મિનિટ સુધી ક્રીઝ પર ટકી રહીને ૯૮ બૉલમાં એક સિક્સર તથા પાંચ ફોરની મદદથી ૭૦ રન બનાવ્યા હતા. શ્રીનિવાસ વેન્કટરાઘવનના નેતૃત્વમાં રમેલી એ ભારતીય ટીમની ઇનિંગ્સમાં એ હાઇએસ્ટ સ્કોર હતો. પછીથી તેમણે જૉન પાર્કર (એક રન) તથા રિચર્ડ હેડલી (૧૫ રન)ની વિકેટ પણ લીધી હતી એમ છતાં ભારતનો એ રોમાંચક મૅચમાં પરાજય થયો હતો.

### ફર્સ્ટ-ક્લાસ મૅચોમાં ૮,૭૩૨ રન અને ૩૯૭ વિકેટ

આબિદ અલી નિવૃત્તિ પછી અમેરિકામાં સ્થાયી થયા હતા. તેમણે રણજી ટ્રોફી સહિતની ૨૧૨ ફર્સ્ટ ક્લાસ મૅચમાં ૧૩ સેન્ચુરી અને ૪૧ હાફ સેન્ચુરી સહિત ૮,૭૩૨ રન બનાવ્યા હતા તેમ જ ૩૯૭ વિકેટ લીધી હતી. તેમણે એ મૅચોમાં ૧૯૦ કૅચ ઝડપવા ઉપરાંત પાંચ બૅટરને સ્ટમ્પ-આઉટ પણ કર્યા હતા. તેઓ ફર્સ્ટ ક્લાસ સ્તરે હૈદરાબાદ અને સાઉથ ઝોન વતી રમ્યા હતા.

ઍથ્લીટ જેવા ચપળ આબિદ અલી ચુસ્ત ફીલ્ડર તો હતા જ, તેઓ રનિંગ-બિટવિન-ધ-વિકેટ્સની ચપળતા માટે પણ જાણીતા હતા.

### પહેલી ટેસ્ટ ઈનિંગ્સમાં લીધી છ વિકેટ

રાઇટ-આર્મ મિડિયમ ફાસ્ટ બોલર આબિદ અલીએ ૧૯૬૭માં ઍડિલેઇડમાં ટેસ્ટ સિરીઝમાં ડેબ્યૂ કર્યું હતું. ઑસ્ટ્રેલિયા સામે કરીઅરની એ પ્રથમ ટેસ્ટના પહેલા જ દાવમાં તેમણે પંચાવન રનમાં છ વિકેટ લઈને ક્રિકેટજગતમાં ધમાલ મચાવી દીધી હતી. તેમના છ શિકારમાં કૅપ્ટન બૉબી સિમ્પસન, બિલ લૉરી, બૉબ કાઉપર, વિકેટકીપર બૅરી જાર્મન, ગ્રેહામ મૅકેન્ઝી અને જૉન ગ્લીસનનો સમાવેશ હતો. એ ઇનિંગ્સમાં ત્રણ વિકેટ એરાપલ્લી પ્રસન્નાએ અને એક વિકેટ ભાગવત ચંદ્રશેખરે લીધી હતી.

આબિદ અલીએ પછીથી ૩૩ રન બનાવ્યા હતા તથા બીજા દાવમાં બૉબ કાઉપરની વિકેટ લીધી હતી તેમ જ બીજી ઇનિંગ્સમાં પણ ૩૩ રન બનાવ્યા હતા. જોકે ભારત એ મૅચ ૧૪૬ રનથી હારી ગયું હતું.

### ગાવસકરને વિનિંગ શૉટ મારવા દીધો હતો!

આબિદ અલીએ ભારત વતી ઘણી મૅચોમાં બૅટિંગ તથા બોલિંગ, બન્નેમાં દાવની શરૂઆત કરી હતી. ૧૯૭૧માં અજિત વાડેકરના સુકાનમાં વેસ્ટ ઇન્ડિઝ સામેની સિરીઝમાં પોર્ટ ઑફ સ્પેન ખાતેના ઐતિહાસિક વિજય વખતે આબિદ અલીએ નૉન-સ્ટ્રાઇક એન્ડ પર જ રહેવાનું પસંદ કરીને સુનીલ ગાવસકરને વિનિંગ શૉટ મારવા દીધો હતો. એ જ વર્ષમાં ઇંગ્લૅન્ડમાં ભારતે ઓવલમાં ઐતિહાસિક ટેસ્ટ જીતી હતી ત્યારે વિનિંગ ફોર આબિદ અલીએ ફટકારી હતી અને ત્યારે નૉન-સ્ટ્રાઇક એન્ડ પર ફરોખ એન્જિનિયર હતા.

### વન-ડે કરીઅર ટૂંકી, પણ ઐતિહાસિક

આબિદ અલીની પાંચ મૅચની વન-ડે ટૂંકી કારકિર્દી ઐતિહાસિક બની હતી. ૧૯૭૪માં વાડેકરના સુકાનમાં ભારત જે પ્રથમ વન-ડે રમ્યું ત્યારે આબિદ અલી એ ટીમમાં હતા. અલી ૧૯૭૫માં પ્રથમ વર્લ્ડ કપમાં પણ રમ્યા હતા.

### ક્રિકેટર પછી બન્યા કોચ

૧૯૭૮ની સાલ પછી આબિદ અલીએ કોચિંગ આપવાનું શરૂ કર્યું હતું. આંધ્ર પ્રદેશ ઉપરાંત યુએઇની ટીમને આપેલા કોચિંગ માટે તેઓ પ્રખ્યાત છે. આબિદ અલીના એક સંબંધીનો પુત્ર રેઝા ખાન નોર્થ અમેરિકા ક્રિકેટ લીગમાં રમે છે. ■

# રાજસ્થાન રૉયલ્સના હેડ-કોચ દ્રવિડને ક્રિકેટ રમતી વખતે પગમાં ગંભીર ઈજા



બેન્ગલૂરુઃ બાવીસમી માર્ચે શરૂ થનારી આઇપીએલ માટે રાજસ્થાન રૉયલ્સ (આરઆર)ની ટીમે પ્રૅક્ટિસ માટે કૅમ્પ શરૂ કર્યો છે, પણ એમાં હેડ-કોચ રાહુલ દ્રવિડની ગેરહાજરી છે. એનું કારણ એ છે કે બેન્ગલૂરુમાં ક્રિકેટ રમતી વખતે દ્રવિડને પગમાં ઈજા થઈ હતી જેને લીધે તે પછીથી ટીમ સાથે જોડાશે. સોશિયલ મીડિયામાં રાજસ્થાન રૉયલ્સની પોસ્ટમાં આ જાણકારીને સમર્થન અપાયું હતું.

આરઆરની પોસ્ટમાં દ્રવિડનો ફોટો પણ છે જેમાં તેનો ડાબો પગ પ્લાસ્ટરમાં જોવા મળે છે.

ફ્રૅન્ચાઇઝીએ આપેલી જાણકારી મુજબ થોડા દિવસ પહેલાં દ્રવિડને આ ઈજા થઈ હતી, પણ હવે તે સાજો થઈ રહ્યો છે અને જયપુરમાં ટીમ સાથે જોડાવાની તૈયારીમાં છે. સંજુ સૅમસન રાજસ્થાન રૉયલ્સનો કૅપ્ટન છે અને આ ટીમમાં ૧૩ વર્ષનો વૈભવ સૂર્યવંશી પણ સામેલ છે. તેને આ ફ્રૅન્ચાઇઝીએ હરાજીમાં ૧.૧૦ કરોડ રૂપિયામાં મેળવ્યો હતો. ■

# ગિલ ત્રીજી વાર ‘આઇસીસી પ્લેયર ઑફ ધ મન્થ’ અવૉર્ડ જીત્યો

દુબઈઃ ભારતની વન-ડે ટીમનો વાઇસ-કૅપ્ટન શુભમન ગિલ તાજેતરમાં ભારતના વિજેતાપદ સાથે પૂરી થયેલી ચૅમ્પિયન્સ ટ્રોફીમાં બાંગ્લાદેશ સામેની પ્રથમ મૅચની અણનમ સેન્ચુરી (અણનમ ૧૦૧) પછી એકંદરે સાધારણ રમ્યો હતો, પરંતુ ફેબ્રુઆરી મહિના માટેનો ‘આઇસીસી પ્લેયર ઑફ ધ મન્થ’ પુરસ્કાર ગિલને મળ્યો છે.

ગિલ ત્રીજી વાર આ પ્રતિષ્ઠિત પુરસ્કાર જીત્યો છે. ૨૦૨૩ની સાલમાં તે જાન્યુઆરીમાં અને સપ્ટેમ્બરમાં ‘આઇસીસી પ્લેયર ઑફ ધ મન્થ’ બન્યો હતો.

ગિલે બાંગ્લાદેશ સામેના અણનમ ૧૦૧ રન બાદ ૪૬, ૨, ૮ અને ૩૧ રનનું યોગદાન આપ્યું હતું. જોકે ફેબ્રુઆરીના સર્વશ્રેષ્ઠ ખેલાડીનો પુરસ્કાર તેણે ઑસ્ટ્રેલિયાના સ્ટીવ સ્મિથ અને ન્યૂ ઝીલૅન્ડના ગ્લેન ફિલિપ્સને પાછળ રાખીને જીતી લીધો છે. ■

# મહિલાઓની આઈપીએલમાં બેંગ્લૂરુએ મુંબઈને હરાવ્યું એમાં દિલ્હી ફાવી ગયું!

મુંબઈઃ વિમેન્સ પ્રીમિયર લીગ (ડબલ્યૂપીએલ) તરીકે ઓળખાતી મહિલાઓની આઇપીએલમાં મંગળવારે ચર્ચગેટના બ્રેબર્ન સ્ટેડિયમ ખાતે ડિફેન્ડિંગ ચૅમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લૂરુ (આરસીબી)ની મહિલા ટીમે ૨૦૨૩ની વિજેતા મુંબઈ ઈન્ડિયન્સ (એમઆઈ)ની ટીમને ૧૧ રનથી હરાવીને એને સીધો ફાઈનલ પ્રવેશ કરતા રોકી હતી.

જો એમઆઈની ટીમ મંગળવારે જીતી હોત તો એને સીધી ફાઇનલમાં એન્ટ્રી મળી હોત અને દિલ્હીની ટીમે ત્રીજા નંબરની ટીમ ગુજરાત જાયન્ટ્સ સામે આજ (સાંજે ૭.૩૦ વાગ્યાથી)ની એલિમિનેટર મૅચમાં રમવું પડ્યું હોત.

જોકે મુંબઈની ટીમ મંગળવારે હારી ગઈ એટલે દિલ્હીને મોખરાના સ્થાને રહીને ફાઈનલમાં સીધો પ્રવેશ મળી ગયો અને હવે આજની એલિમિનેટરમાં મુંબઈએ ગુજરાતનો સામનો કરવો પડશે. એમાં જીતનારી ટીમ દિલ્હી સામે શનિવારે ફાઇનલ રમશે.

આરસીબી તેમ જ યુપી વોરિયર્ઝની ટીમ આ સ્પર્ધામાંથી આઉટ થઈ ચૂકી છે.

મંગળવારે આરસીબીએ બૅટિંગ મળ્યા પછી ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૧૯૯ રન બનાવ્યા હતા જેમાં કેપ્ટન સ્મૃતિ મંધાનાનાં ૫૩ રન, એલિસ પેરીનાં ૪૯ રન, વિકેટકીપર રિચા ઘોષનાં ૩૬ રન તેમ જ્યોર્જીયા વેરહમનાં ૩૧ રન સામેલ હતા. એમઆઈની હૅલી મૅથ્યૂઝે સૌથી વધુ બે વિકેટ લીધી હતી.

હરમનના સુકાનમાં એમઆઈની ટીમ ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૮૮ રન બનાવી શકી હતી અને આરસીબીનો ૧૧ રનથી વિજય થયો હતો.

એમઆઈના ૧૮૮ રનમાં નૅટ સિવર-બ્રન્ટના ૬૯ રન હાઈએસ્ટ હતા. ખુદ હરમનપ્રીત ૨૦ રન બનાવીને આઉટ થઈ હતી. આરસીબી વતી ઑફ સ્પિનર સ્નેહ રાણાએ સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી. પેસ બોલર કિમ ગરેથ અને એલિસ પેરીએ બે-બે વિકેટ લીધી હતી.

આરસીબીની સ્નેહ રાણાને પ્લેયર ઑફ ધ મૅચનો અવૉર્ડ આપવામાં આવ્યો. ■

# વન-ડેમાં ટોચના પાંચ બૅટર્સમાં ત્રણ ભારતનાઃ ગિલ, રોહિત અને કોહલી

## ▶ કુલદીપની ત્રણ ક્રમની છલાંગ, જાડેજા પણ ટૉપ-ટેનમાં

દુબઈઃ અહીં હેડ ક્વૉર્ટર ધરાવતા આઇસીસીએ વન-ડેના નવા ક્રમાંકો જાહેર કર્યા છે જે અનુસાર બૅટર્સના ટોચના પાંચ સ્થાનમાં ત્રણ ભારતીય ખેલાડી છે. શુભમન ગિલ પ્રથમ સ્થાને જળવાઈ રહ્યો છે, જ્યારે રોહિત શર્મા ત્રીજા સ્થાને વિરાટ કોહલી પાંચમા સ્થાને છે.

ચૅમ્પિયન્સ ટ્રોફીના ભારતના ચારમાંથી બે સ્ટાર સ્પિનર કુલદીપ યાદવ તથા રવીન્દ્ર જાડેજાને ઘણો ફાયદો થયો છે. ગયા વખતે રૅન્કિંગ જાહેર કરાયા ત્યારે કુલદીપ ત્રણ સ્થાન નીચે ઊતરી ગયો હતો, પરંતુ આ વખતે તે ત્રણ ક્રમ ઉપર આવ્યો છે. તેની ત્રણ નંબરની આ છલાંગની સાથે રવીન્દ્ર જાડેજા ઘણા સમય બાદ ફરી વન-ડે બોલર્સના ટૉપ-ટેનમાં આવી ગયો છે.

કુલદીપ ત્રણ ક્રમની છલાંગ લગાવીને ત્રીજા નંબર પર આવી ગયો છે અને જાડેજાએ ફરી ટૉપ-ટેનમાં એન્ટ્રી કરીને ૧૦મા સ્થાન પર આવી ગયો છે.

વન-ડેના બૅટિંગના ક્રમાંકોમાં શુભમન ગિલે મોખરાનું સ્થાન જાળવી રાખ્યું છે. પાકિસ્તાનનો બાબર આઝમ બીજા નંબરે તેનાથી ઘણો દૂર છે.

વન-ડેના બૅટિંગના રૅન્કિંગમાં રોહિત શર્મા બે ક્રમ આગળ આવ્યો છે અને હવે પાંચમા સ્થાન પરથી ત્રીજા સ્થાને બિરાજમાન થયો છે. બીજી તરફ, વિરાટ કોહલી એક નંબર નીચે ઊતરીને પાંચમે જતો રહ્યો છે. ટૂંકમાં, રોહિત-કોહલીએ પોતપોતાના સ્થાનની અદલાબદલી કરી છે. ■

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| वात | વરાળ |
| वाफ | સમાચાર |
| विळा | વેચાતું |
| वृत्त | દિવેટ |
| विकत | દાતરડું |

### ઓળખાણ પડી?



૨૦૧૭થી ૨૦૨૩ દરમિયાન ન્યૂ ઝિલેન્ડનાં વડાં પ્રધાનનો હોદ્દો સંભાળનારાં લેબર પાર્ટીનાં સન્નારીની ઓળખાણ પડી?

અ) અરુણા આસફ અલી બ) ઉષા મહેતા ક) સુચેતા કૃપલાણી ડ) એની બિસેન્ટ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અં | ત | ૨ ક | ૩ ર | ણ | | ૪ ઉ | પ | કા | ૫ ર |
| તા | | ૬ રા | જ | | ૭ ભા | ષા | | | ખ |
| ૮ ક્ષ | ત્રિ | ય | | ૯ મ | | | ૧૦ હ | વ | ડ |
| રી | | | ૧૧ ફ | ના | ૧૨ ફા | ૧૩ તિ | યા | | પ |
| | ૧૪ કુ | ૧૫ મા | ર | | ૧૬ ગ | લ | તી | | ટ્ટી |
| ૧૭ સો | | ૧૮ ન | ક | ૧૯ લી | | ક | | ૨૦ વ | |
| ૨૧ ન | ણં | દ | | ૨૨ ક | ૨૩ દ | | ૨૪ સ | હા | ય |
| લ | | | ૨૫ આ | ર | સ | ૨૬ પ | હા | ણ | |
| ૨૭ વ | ળ | ૨૮ ત | ર | | | ૨૯ ત | ય | | ૩૦ છા |
| ર્ણી | | ૩૧ ભા | તી | ગ | ળ | | ૩૨ તા | પ | સ |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | ૫ | ૬ | | |
| ૭ | | | ૮ | ૯ | | | | | |
| ૧૦ | | | | ૧૧ | | | ૧૨ | | ૧૩ |
| | | | ૧૪ | | | ૧૫ | | | |
| | ૧૬ | | | | ૧૭ | | | ૧૮ | |
| ૧૯ | | | ૨૦ | | | | ૨૧ | | |
| ૨૨ | | | | | | | ૨૩ | | |
| | | ૨૪ | | | ૨૫ | | | | |
| ૨૬ | | | | ૨૭ | | | ૨૮ | ૨૯ | |
| ૩૦ | | | | ૩૧ | | | | | |

**આડી ચાવી**

૧. પ્રવાસ, પ્રર્યટન (૪)
૪. સમાન ગુણધર્મવાળું (૫)
૭. એક રંગ, દીકરો (૨)
૮. આતુર, ઉતાવળો, અધીર (૫)
૧૦. --- કાઢવું એટલે મારી નાખવો (૩)
૧૧. પંજાબીઓ હાથમાં પહેરે (૨)
૧૨. પ્યાસ (૨)
૧૪. રસોઈનું સાધન (૨)
૧૫. એક દિવસનો રાજા (૨)
૧૬. બધાનો --- માનો (૩)
૧૭. ના (૨)
૧૮. મધમાખીઓ બનાવે (૨)
૧૯. સાહેબ (અં.) (૨)
૨૦. હું તો બસ --- આવ્યો છું (૩)
૨૨. પ્રેમ, લગાવ, લાગણી (૨)
૨૩. સામાન (૩)
૨૪. ઊંડો (૨)
૨૫. ખાવા માટે જોઈએ (૩)
૨૮. એક નક્ષત્ર (૩)
૩૦. એક ચોપગું પ્રાણી (૩)
૩૧. ભાળવણ, કબજો, સત્તા (૩)

**ઊભી ચાવી**

૧. મળવું તે, મેળાપ (૪)
૨. નરમ સ્વભાવનું, ભલું, સરળ (૩)
૩. પદ્ધતિ (૨)
૪. આભાર, પાડ, વગ (૩)
૫. --- કાઢવું એટલે અંદાજ કાઢવો (૨)
૬. વિઘ્ન (૪)
૯. પક્ષાઘાત (૩)
૧૩. પત્ની (૭)
૧૪. તરફેણ કરવી તે (૫)
૧૫. નોંધપોથી, ચોપડો (જો.છૂ.) (૨)
૧૬. પીડિત, આતુર, કોડ (૩)
૧૭. એકદમ નવા (કામમાં) (૪)
૧૯. ફરવા જવું તે (૫)
૨૧. આંખનું પલકવું તે, ઝબકારો (૪)
૨૪. વજહ, સબબ, હેતુ (૩)
૨૭. શાબાશ (૨)
૨૯. ફાયદો (૨)

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ પુરુષના સાળાની એક માત્ર બહેનના સસરાની દીકરી સગપણમાં એ પુરુષને શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) ફોઈ બ) બહેન ક) સાળી ડ) ભત્રીજી

### જાણવા જેવું

પંખીઓને દૂર રાખવા રહેવાસીઓ ‘એન્ટી બર્ડ્સ સ્પાઈક’ તરીકે ઓળખાતી કાંટાળી જાળી રાખે છે. મેગપાઈ નામનું પંખી આ કાંટાળી જાળીના ટુકડા તોડી એનો જ માળો બાંધતા દેખાયા છે. આ પંખી લોઢાની કાંટાળી વાડના વાયર અને ગૂંથણકામના સોયાનો ઉપયોગ પણ માળો બાંધવા માટે કરે છે.

### સુડોકુ-૮૦૩૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | | ૫ | | | ૭ | ૩ | |
| ૫ | ૩ | | | | | | | |
| ૪ | ૧ | | ૮ | | | | | |
| | | ૫ | | ૧ | | | | ૪ |
| ૧ | ૪ | | | ૮ | | | ૬ | ૯ |
| ૨ | | | | ૬ | | ૧ | | |
| | | | | | ૩ | | ૨ | ૬ |
| | | | | | | | ૪ | ૭ |
| | ૫ | ૬ | | | ૯ | | | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૩૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૬ | ૩ | ૭ | ૧ | ૫ | ૨ | ૪ |
| ૧ | ૩ | ૨ | ૫ | ૪ | ૯ | ૮ | ૬ | ૭ |
| ૫ | ૪ | ૭ | ૨ | ૬ | ૮ | ૯ | ૩ | ૧ |
| ૨ | ૬ | ૩ | ૮ | ૫ | ૭ | ૪ | ૧ | ૯ |
| ૪ | ૮ | ૯ | ૧ | ૨ | ૬ | ૩ | ૭ | ૫ |
| ૭ | ૫ | ૧ | ૪ | ૯ | ૩ | ૨ | ૮ | ૬ |
| ૯ | ૭ | ૮ | ૬ | ૩ | ૪ | ૧ | ૫ | ૨ |
| ૩ | ૨ | ૪ | ૭ | ૧ | ૫ | ૬ | ૯ | ૮ |
| ૬ | ૧ | ૫ | ૯ | ૮ | ૨ | ૭ | ૪ | ૩ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં કપટને સમાનાર્થી શબ્દ સંતાઈને બેઠો છે એ શોધી કાઢો જોઉં.

નવા આલીશાન પ્રોજેક્ટ પાછળ કરોડો રૂપિયા ખર્ચાશે.

### નોંધી રાખો

પસ્તાવો બોલાયેલા શબ્દોનો જ થાય એવું નથી. યોગ્ય સમયે ન બોલાયેલા શબ્દોનો પસ્તાવો પણ કાયમ રહે છે.

### માઈન્ડ ગેમ

કેટલાક દેશ એકથી વધુ ખંડમાં અસ્તિત્વ ધરાવે છે. આપેલા વિકલ્પોમાંથી કયો દેશ એકથી વધુ ખંડમાં અસ્તિત્વ ધરાવે છે?

અ) સ્પેન બ) બલ્ગેરિયા ક) જર્મની ડ) ટર્કી

### ગયા ગુરુવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| चव | સ્વાદ |
| चंग | કમરપટ્ટો |
| चाप | ધનુષ્ય |
| चाक | પૈડું |
| चास | આંકો |

**ગુજરાત મોરી મોરી રે**
મામા

**ઓળખાણ પડી?**
ઉષા મહેતા

**માઈન્ડ ગેમ**
રશિયા

**ચતુર આપો જવાબ**
માથું ખંજવાળો
ક્ષીર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડૉ. પ્રકાશ કટકિયા (૩) ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) ખુશરૂ કાપડિયા (૬) હર્ષા મહેતા (૭) ભારતી બુચ (૮) મુલરાજ કપૂર (૯) નુતન વિપીન શાહ (૧૦) પુષ્પા પટેલ (૧૧) લજિતા ખોના (૧૨) મહેશ દોશી (૧૩) શ્રદ્ધા આશર (૧૪) મીનળ કાપડિયા (૧૫) તાહેર ઔરંગાબાદવાલા (૧૬) શીરીન એફ. મુનીમ (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૯) ભાવના કર્વે (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) મહેન્દ્ર લોઢાવિયા (૨૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૪) નંદકિશોર સંજાણવાળા (૨૫) નયના ગિરીશ મિસ્ત્રી (૨૬) જગદીશ ઠક્કર (૨૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૮) પુષ્પા ખોના (૨૯) ચૌહાણ જયેશભાઈ પરબતભાઈ (૩૦) અંજુ ટોલિયા (૩૧) વિણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) અરવિંદ કામદાર (૩૬) નિતિન બજરિયા (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) રમેશ દલાલ (૩૯) ઈનાક્ષી દલાલ (૪૦) હિના દલાલ (૪૧) અલકા વાણી

# અમેરિકાની આર્થિક વૃદ્ધિની ચિંતા હેઠળ આઈટી શૅરો ગબડતાં સેન્સેક્સમાં ૭૨ પૉઈન્ટનો અને નિફ્ટીમાં ૨૭ પૉઈન્ટનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પનાં ટેરિફ વૉરને કારણે થનારી ફુગાવામાં અપેક્ષિત વૃદ્ધિ અને આર્થિક વૃદ્ધિ પર માઠી અસર પડે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ખાસ કરીને આઈટી ક્ષેત્રના શૅરોમાં રોકાણકારોની આક્રમક વેચવાલીનું દબાણ રહેતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સતત ચોથા સત્રમાં પીછેહઠ જોવા મળી હતી, જેમાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સમાં એક તબક્કે ૫૦૪.૧૬ પૉઈન્ટનો ઘટાડો જોવા મળ્યા બાદ અંતે ૭૨.૫૬ પૉઈન્ટના ઘટાડા સાથે અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી એક તબક્કે ૧૬૮.૩૫ પૉઈન્ટ ઘટી આવ્યા બાદ અંતે ૨૭.૪૦ પૉઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. તેમ જ આજે બીએસઈ ખાતે લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન વધુ રૂ. ૧,૪૦,૯૨૨.૬૪ કરોડ ઘટીને ૩,૯૨,૮૪,૬૧૮.૦૮ કરોડ (૪.૫૦ ટ્રિલિયન ડૉલર)ની સપાટીએ રહ્યું હતું.

એક્સચેન્જની માહિતી અનુસાર આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૬૨૭.૬૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. તેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૫૧૦.૩૫ કરોડની ચોખ્ખી ખરીદી રહી હતી.

દરમિયાન ગત ફેબ્રુઆરી મહિનામાં ખાસ કરીને શાકભાજી અને પ્રોટીનથી સમૃદ્ધ ચીજોના ભાવમાં ઘટાડો આવ્યો હોવાથી દેશનો રિટેલ ફુગાવો ૩.૬૧ ટકા ઘટ્યો હોવાના તેમ જ ગત જાન્યુઆરી મહિનાના ઔદ્યોગિક ઉત્પાદનમાં પાંચ ટકાનો વધારો થયો હોવાના અહેવાલ બજાર બંધ થયા બાદ આવ્યા હતા. આમ બન્ને ડેટા સારા આવ્યા હોવાથી રિઝર્વ બૅન્ક વ્યાજદરમાં કપાત કરે તેવો આશાવાદ ઊભો થયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૪,૧૦૨.૩૨ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૭૪,૨૭૦.૮૧ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૩,૫૯૮.૧૬ અને ઉપરમાં ૭૪,૩૯૨.૧૫ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૦.૧૦ ટકા અથવા તો ૭૨.૫૬ પૉઈન્ટ ઘટીને ૭૪,૦૨૯.૭૬ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૨,૪૯૭.૯૦ના બંધ સામે ૨૨,૫૩૬.૩૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૨,૩૨૯.૫૫ અને ઉપરમાં ૨૨,૫૭૭.૪૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૧૨ ટકા ઘટીને ૨૨,૪૭૦.૫૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે વૈશ્વિક સ્તરે વેપારની અનિશ્ચિતતાઓ અને અમેરિકાની આર્થિક વૃદ્ધિની ચિંતાની સ્થાનિક બજાર પર માઠી અસર પડી રહી છે. વાસ્તવમાં જોઈએ તો હાલના વૅલ્યુએશન્સ પાંચ વર્ષની સરેરાશ આસપાસ છે તેમ જ ગ્રામીણ તથા શહેરી માગમાં પણ સુધારો જોવા મળી રહ્યો હોવા છતાં રોકાણકારોમાં વિશ્વાસના અભાવને કારણે બજાર દબાણ હેઠળ રહેતી હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવતા ઉમેર્યું હતું કે હકીકતમાં અમેરિકામાં ટેરિફ અંગે જે અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે તેને કારણે વિશ્વના બજારોમાં સ્થિરતા નથી જોવા મળતી. તેમાં પણ ખાસ કરીને અમેરિકાની બજારમાં પણ ટેરિફની નીતિની અનિશ્ચિતતા અને અર્થતંત્ર નબળું પડવાની ભીતિને કારણે પીછેહઠ જોવા મળી રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

આજે બીએસઈ ખાતે કુલ ૪૧૨૨ શૅરોમાં કામકાજ થયા હતા, જેમાં ૧૪૩૫ શૅરના ભાવ વધીને, ૨૫૬૪ શૅરના ભાવ ઘટીને અને ૧૨૩ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ ત્રણ શૅરના ભાવમાં નીચલી સર્કિટ લાગી હતી, જ્યારે ૨૭૪ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે અને ૬૩ શૅરના ભાવ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. વધુમાં આજે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી ૨૦ શૅરના ભાવ વધીને અને ૩૦ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જ્યારે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૧ શૅરના ભાવ વધીને અને ૧૯ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. આજે સેન્સેક્સ હેઠળના મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૪.૩૮ ટકાનો ઉછાળો ઈન્ડ્સઈન્ડ બૅન્કમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ટાટા મોટર્સમાં ૩.૧૮ ટકાનો, કોટક મહિન્દ્રા બૅન્કમાં ૨.૪૫ ટકાનો, બજાજ ફાઈનાન્સમાં ૧.૭૭ ટકાનો, એચડીએફસી બૅન્કમાં ૧.૬૦ ટકાનો અને આઈટીસીમાં ૧.૪૮ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ઈન્ફોસિસમાં ૪.૨૮ ટકાનો, ટેક મહિન્દ્રામાં ૨.૭૬ ટકાનો, નેસ્લેમાં ૨.૪૯ ટકાનો, ટીસીએસમાં ૧.૯૯ ટકાનો, એચસીએલ ટેક્નોલૉજિસમાં ૧.૯૧ ટકાનો અને એશિયન પેઈન્ટ્સમાં ૧.૫૬ ટકાનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે ભારતી એરટેલ અને રિલાયન્સે દેશમાં હાઈ સ્પીડ ઈન્ટરનેટ સર્વિસીસ માટે એલન મસ્કની સ્પેસ એક્સ સાથે ભાગીદારી કરી હોવાના અહેવાલને ધ્યાનમાં લેતાં બન્ને કંપનીઓના શૅરના ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું.

સેક્ટર અનુસાર જોઈએ તો આજે મુખ્યત્વે બીએસઈ ખાતે બીએસઈ ફોકસ્ડ આઈટી, આઈટી, ટેક્નોલોજી, રિઅલ્ટી, ટેલિકોમ્યુનિકેશન, મેટલ કેપિટલ ગૂડ્સ, સર્વિસીસ અને ઈન્ડસ્ટ્રીયલ ઈન્ડેક્સમાં ઘટાડાતરફી વલણ હતું. જોકે, અમેરિકાની આર્થિક વૃદ્ધિની ચિંતા હેઠળ આઈટી શૅરોમાં પાંચ ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. તેનાથી વિપરીત આજે એનર્જી, એફએમસીજી, ફાઈનાન્સિયલ સર્વિસીસ, હેલ્થકૅર, યુટિલિટીઝ, ઑટો, બૅન્કેક્સ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ઑઈલ ઍન્ડ ગૅસ અને પાવર ઈન્ડેક્સમાં સુધારો જોવા મળ્યો હતો.

આજે વિશ્વ બજારમાં ખાસ કરીને એશિયામાં ટોકિયો, સિઉલ, શાંઘાઈ અને હોંગકોંગની બજારોમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જ્યારે યુરોપના બજારોમાં મધ્યસત્ર દરમિયાન સુધારો જોવા મળ્યો હતો.

## ડૉલર મજબૂત થતાં રૂપિયામાં ત્રણ પૈસાની નરમાઈ

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી જળવાઈ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે ત્રણ પૈસાના ઘટાડા સાથે ૮૭.૨૪ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે મોડી સાંજે અમેરિકાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા જાહેર થવાના હોવાથી ટ્રેડરોએ સાવચેતીનું વલણ અપનાવ્યું હોવાથી એકંદરે કામકાજો પણ પાંખાં રહ્યાં હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૨૧ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૭.૨૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૩૨ અને ઉપરમાં ૮૭.૧૭ સુધી મજબૂત થયા બાદ અંતે આગલા બંધ સામે ત્રણ પૈસા ઘટીને ૮૭.૨૪ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૧૦ પૈસાના સુધારા સાથે ૮૭.૨૧ની સપાટીએ બંધ રહ્યો હતો. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૮ ટકા વધીને ૧૦૩.૪૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫૫ ટકા વધીને બેરલદીઠ ૬૯.૯૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

## સ્મોલ ગ્રેડની ખાંડમાં ગુણવત્તાલક્ષી સાધારણ નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૫ના ઘટાડા સાથે રૂ. ૩૭૬૦થી ૩૮૧૦માં થયા હોવાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં એકંદરે રિટેલ સ્તરની માગ જળવાઈ રહેવાની સાથે સ્ટોકિસ્ટોની લેવાલીનો છૂટોછવાયો ટેકો મળ્યો હોવા છતાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. છના સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ભાવ ટકેલા રહ્યા હતા. ઑલ ઈન્ડિયા સુગર ટ્રેડ એસોસિયેશન (આઈસ્ટા)એ ગત ઑક્ટોબર મહિનાથી શરૂ થયેલી વર્તમાન ખાંડ મોસમ ૨૦૨૪-૨૫નાં તાજેતરમાં બહાર પાડેલા બીજા અંદાજોમાં મહારાષ્ટ્રમાં ૮૦ લાખ ટન, ઉત્તર પ્રદેશમાં ૯૦ લાખ ટન, કર્ણાટકમાં ૪૧ લાખ ટન, તમિળનાડુમાં છ લાખ ટન, ગુજરાતમાં આઠ લાખ ટન અને અન્ય રાજ્યોમાં ૩૩ લાખ ટન ખાંડના ઉત્પાદનના અંદાજ સાથે કુલ ૨૫૮ લાખ ટન ખાંડના ઉત્પાદનનો અંદાજ મૂક્યો છે.

## વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૧૧૯નો સુધારો, ચાંદી ₹ ૧૪૭૪ ચમકી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રશિયા-યુક્રેન વચ્ચે શાંતિની શક્યતા સપાટી પર આવતાં આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં ઘટ્યા મથાળેથી સુધારો જોવા મળ્યો હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યા બાદ પુનઃ સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. જોકે, આજે મોડી સાંજે અમેરિકાના ફુગાવાના ડેટાની જાહેરાત થવાની હોવાથી રોકાણકારોએ નવી લેવાલીમાં સાવચેતીનું વલણ અપનાવ્યું હતું. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૮થી ૧૧૯નો સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૪૭૪નો ચમકારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ખાસ કરીને ચાંદીમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૪૭૪ના ઉછાળા સાથે રૂ. ૯૮,૦૦૦ની સપાટી કુદાવીને રૂ. ૯૮,૧૦૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં ઓવરનાઈટ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે અને આજે ભાવમાં મક્કમ વલણ રહ્યું હોવાથી ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૮ વધીને રૂ. ૮૫,૭૯૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૧૯ વધીને રૂ. ૮૬,૧૪૩ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોનો નવી લેવાલીનો અભાવ રહ્યો હતો.

તેમ જ પ્રવર્તમાન હોળાષ્ટકને કારણે રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પણ મર્યાદિત રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેવાની સાથે આજે મોડી સાંજે અમેરિકાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સની જાહેરાત થવાની હોવાથી રોકાણકારોએ સોના અને ચાંદીમાં નવી લેવાલીમાં સાવચેતીનું વલણ અપનાવતા આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ઔંસદીઠ ૨૯૧૯.૦૬ ડૉલરની સપાટીએ ટકેલા રહ્યા હતા, જ્યારે વાયદામાં ભાવ સાધારણ સુધારા સાથે ઔંસદીઠ ૨૯૨૪.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૩૩.૦૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી ફેડરલ રિઝર્વની આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કપાત અંગેના નિર્ણયમાં મહત્ત્વ ધરાવતા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સનાં ડેટાની આજે મોડી સાંજે જાહેરાત થનાર હોવાથી રોકાણકારોએ સોનામાં નવી લેવાલીમાં સાવચેતીનું વલણ અપનાવ્યું હોવાથી હાલના તબક્કે સોનાના ભાવ કોન્સોલિડેશનના તબક્કામાં હોવાનું કેસીએમ ટ્રેડના ચીફ માર્કેટ એનાલિસ્ટ ટીમ વૉટરરે જણાવતાં ઉમેર્યું હતું કે જો ફુગાવામાં વૃદ્ધિ જોવા મળશે તો ફેડરલ રિઝર્વ લાંબા સમયગાળા સુધી ઊંચા વ્યાજદર જાળવી રાખે તેવી શક્યતા પ્રબળ બનશે. નોંધનીય બાબત એ છે કે અમેરિકી પ્રમુખ ટ્રમ્પની ટેરિફ નીતિને કારણે ફુગાવો વધવાની સાથે સાથે અમેરિકામાં આર્થિક અનિશ્ચિતતા વધવાની ભીતિ હેઠળ ગત ૨૪ ફેબ્રુઆરીના રોજ સોનાના વૈશ્વિક ભાવ વધીને ૨૯૫૬.૧૫ ડૉલરની વિક્રમ સપાટીએ પહોંચ્યા હતા. આમ રોકાણકારોમાં ટેરિફ વૉરને કારણે આર્થિક મંદીની ભીતિ સપાટી પર હોવાથી સોનામાં સલામતી માટેની માગને ટેકે ભાવમાં તેજીનું વલણ જળવાઈ રહે તેવી શક્યતા ટીમ વૉટરરે વ્યક્ત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગઈકાલે કેનેડાએ ટેરિફ વધારતા અમેરિકાએ કેનેડાથી આયાત થતાં સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ૫૦ ટકા ટેરિફ લાદી હતી. દરમિયાન યુક્રેને રશિયા સાથેના વિવાદ સંદર્ભે અમેરિકાના ૩૦ દિવસીય શાંતિ પ્રસ્તાવ મંજૂર કર્યો હોવાના અહેવાલો હતા.

# ગુજરાત

## અનુસૂચિત જાતિ સહિતના પછાત વર્ગોને મકાન સહાયમાં માટે ₹ ૧૨૦ કરોડની જોગવાઈ કરાઈ

અમદાવાદઃ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની વર્ષ ૨૦૨૫-૨૬ની અંદાજપત્રીય માંગણીઓ અંગે વિધાનસભામાં સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્યપ્રધાન ભીખુસિંહ પરમારે જણાવ્યું હતું કે નાણાં પ્રધાને વર્ષ ૨૦૨૫-૨૬ માટે રાજ્યનું કુલ રૂા. ૩ લાખ ૭૦ હજાર ૨૫૦ કરોડનું ઐતિહાસિક બજેટ રજૂ કર્યું હતું. જેમાં અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ અને સમાજ સુરક્ષા તથા અનુસૂચિત જાતિ પેટા યોજના સહિત વિવિધ યોજનાઓ માટે કુલ રૂા. ૧૪,૧૦૨ કરોડ ૨૬ લાખની જોગવાઈ કરી છે. જે ગત વર્ષની સરખામણીએ રૂા. ૨૫૭૭ કરોડ ૭૮ લાખ જેટલી વધારે છે. રાજ્ય સરકાર દરેક નાગરિકને ઘરનું ઘર આપવા માટે તત્પર છે, ત્યારે અનુસૂચિત જાતિ સહિતના પછાતવર્ગોનું સપનું સાકાર કરવા આગામી વર્ષથી આ વિભાગ હસ્તકની આવાસ યોજનાઓ હેઠળ આપવામાં આવતી મકાન સહાયમાં રૂા.૫૦,૦૦૦ નો વધારો કરી, રૂા.૧,૭૦,૦૦૦ ની મકાન સહાય આપવામાં આવશે. જેના માટે રૂા. ૧૨૦ કરોડની જોગવાઈ સૂચિત કરવામાં આવી છે તેમ પ્રધાને જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વિવિધ કલ્યાણકારી યોજનાઓ દ્વારા વંચિતોના, પીડિતોના, શોષિતોના, અનુસૂચિત જાતિઓના, વિચરતી અને વિમુકત જાતિઓના, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના, દિવ્યાંગજનોના, વિધવા બહેનોના સર્વાંગી વિકાસ માટે અમારી સરકાર પ્રયત્નશીલ છે. જે અંતર્ગત અંદાજપત્રમાં શૈક્ષણિક યોજનાઓ માટે અનુસૂચિત જાતિ કલ્યાણની રૂા. ૬૨૪.૯૦ કરોડની અને વિકસતી જાતિ કલ્યાણ માટે અંદાજે રૂા.૧૬૧૨ કરોડની જોગવાઈ મળી કુલ રૂા. ૨૨૩૬.૯૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તે ઉપરાંત આર્થિક ઉત્કર્ષની યોજનાઓ માટે અનુસૂચિત જાતિ કલ્યાણની રૂા.૧૩૨.૦૮ કરોડની અને વિકસતી જાતિ કલ્યાણની રૂા. ૭૪૨.૭૦ કરોડની મળી કુલ રૂા. ૮૭૪.૭૮ કરોડ, આરોગ્ય, વસવાટ અને અન્ય સામાજિક યોજનાઓ માટે અનુસૂચિત જાતિ કલ્યાણની રૂા. ૨૩૩.૫૮ કરોડની અને વિકસતી જાતિ કલ્યાણની રૂા. ૨૯૫.૭૫ કરોડની મળી કુલ રૂા. ૫૨૯.૩૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## વિદ્યાર્થિની પર સાત જણે ૧૬ મહિના બળાત્કાર કર્યો

અમદાવાદઃ બનાસકાંઠાના પાલનપુરમાં કૉલેજમાં ભણતી એક યુવતીને તેની જાણ બહાર અશ્લીલ વીડિયો બનાવી સાત લોકોએ વારંવાર બ્લેકમેઈલ કરીને ૧૬ મહિના સુધી દુષ્કર્મ ગુજાર્યું હતું. પીડિત યુવતીએ એક સગીર સહિત છ ઇસમો સામે બળાત્કાર ગુજારવાની ફરિયાદ નોંધાવતાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. ૨૦૨૩માં પાલનપુરમાં કૉલેજમાં ભણતી ૨૦ વર્ષની યુવતી ઈન્સ્ટાગ્રામ પર આ ૬ આરોપીઓમાંથી એક આરોપીના સંપર્કમાં આવી હતી. નવેમ્બર ૨૦૨૩માં આ આરોપી યુવક યુવતીને હોટેલમાં નાસ્તો કરવા માટે લઈ ગયો હતો. જ્યાં યુવતી પર ફૂડ ઢોળાઈ જતાં તેના કપડાં બગડી ગયાં હતાં. પોલીસે કહ્યું હતું કે, જ્યારે આ યુવતી બાથરૂમમાં કપડાં બદલતી હતી. આ દરમિયાન આરોપી યુવક વિશાલ ચૌધરીએ તેની અવસ્થાનો વીડિયો ઉતારી લીધો હતો. ત્યાર બાદ આ વીડિયો વાયરલ કરવાની ધમકી આપીને આરોપીએ યુવતી સાથે શારીરિક સંબંધ બાંધવા દબાણ કરીને દુષ્કર્મ ગુજાર્યું હતું.

## ગુજરાત વિધાનસભા પરિસરમાં મુખ્ય પ્રધાન સહિત ધારાસભ્યોએ રંગોત્સવની ઉજવણી કરી

અમદાવાદઃ ગુજરાત વિધાનસભા પરિસરમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સહિત ધારાસભ્યોએ રંગોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરી હતી. આ ઉજવણીમાં ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી સહિત વિધાનસભાના સભ્યો જોડાયા હતા. આ હોળી ઉત્સવ ઉજવણી ગાંધીનગરમાં વિધાનસભા ગૃહની સામેના હરિયાળા પ્રાંગણમાં રંગ-ઉમંગની છોળો અને પરંપરાગત આદિવાસી નૃત્યોની રમઝટ સાથે ઊજવાયો હતો. ગુજરાત વિધાનસભાની બેઠકની બુધવારના દિવસની કાર્યવાહી પૂરી થયા બાદ ગૃહના નેતા અને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ તથા અધ્યક્ષ, પ્રધાનો, ધારાસભ્યો વિધાનસભા ગૃહની સામેના હરિયાળા પ્રાંગણમાં આ હોળી ઉત્સવ માટે એકત્ર થયા હતા. જેમાં આદિવાસી કલાકારો દ્વારા પ્રસ્તુત પરંપરાગત ઘેરૈયા નૃત્યોના તાલના સંગે સભ્યો પ્રાંગણમાં પહોંચ્યા હતા. હરિયાળા પ્રાંગણમાં હોળીગીતોની સંગીતમય પ્રસ્તુતિ તથા આદિવાસીઓનાં હોળીનૃત્યોના રંગસભર માહોલ વચ્ચે મુખ્ય પ્રધાન સહિત સૌએ એકબીજાને રંગો ઉડાડી રંગભીના કર્યા હતા

## ખાનગી શાળાઓમાં એફઆરસીની માર્ગદર્શિકા મુજબ ફી નિર્ધારિત કરાઈઃ ડૉ. કુબેર ડિંડોર

અમદાવાદઃ રાજ્યની ખાનગી શાળાઓમાં ફી નિયમન અંગે વિધાનસભા ગૃહમાં પુછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતાં શિક્ષણપ્રધાન ડૉ. કુબેર ડિંડોરે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સ્વનિર્ભર શાળા ફી અધિનિયમ ૨૦૧૮ હેઠળ એફઆરસીની રચના કરવામાં આવી છે. જેના ભાગરૂપે રાજ્યની ખાનગી શાળાઓમાં એફઆરસીની માર્ગદર્શિકા મુજબ નિયત ફી નિર્ધારિત કરવામાં આવી છે. તે મુજબ ફી લેવામાં આવે છે. સ્વનિર્ભર શાળા દ્વારા જ્યારે ફી નક્કી કરવામાં આવે છે. ત્યારે તેને સૌપ્રથમ એફઆરસી સમક્ષ રજૂ કરવામાં આવે છે. જ્યાં યોગ્ય ચકાસણી બાદ તેને ફેરફાર સાથે મંજૂર અથવા નામંજૂર કરવામાં આવે છે. ડૉ. ડિંડોરે કહ્યું હતું કે, એફઆરસી સમક્ષ જ્યારે શાળા કે સંસ્થા દ્વારા ફી મંજૂરી માટે માળખું રજૂ કરવામાં આવે છે. ત્યારે સમિતિ દ્વારા ટ્રાન્સપોર્ટ, બોર્ડિંગ, ઘોડેસવારી જેવી અન્ય પ્રવૃત્તિઓની ફી મંજૂર કરવામાં આવતી નથી. સંસ્થાએ રજૂ કરેલો ખર્ચ સીએ દ્વારા પ્રમાણિત કરવામાં આવ્યો હોય છે. તેમાં એફઆરસી દ્વારા અમાન્ય ખર્ચ મંજૂર કરવામાં આવતો નથી. આ માટે રાજ્ય સરકાર દ્વારા ૪ ઝોન એટલે કે, અમદાવાદમાં ૮ જિલ્લા, વડોદરામાં ૭ જિલ્લા, રાજકોટમાં ૧૧ જિલ્લા અને સુરતમાં ૭ જિલ્લાને સમાવતી એફઆરસી ફી નિયમન સમિતિ રચવામાં આવી છે. ડિંડોરે વધુમાં જણાવ્યું હતું કે, ઝોન કક્ષાની સમિતિમાં અધ્યક્ષ તરીકે નિવૃત્ત જિલ્લાના જજની નિયુક્તિ કરવામાં આવી છે આ ઉપરાંત સમિતિમાં સીએ, માન્ય સિવિલ ઇજનેર, સ્વનિર્ભર સંસ્થાના પ્રતિનિધિ, શિક્ષણશાસ્ત્રી અને જિલ્લાના શિક્ષણાધિકારીનો સમાવેશ થાય છે.

## ખેડૂતોને સ્માર્ટ ફોનની ખરીદી પર સહાય આપવાની પહેલ કરનાર ગુજરાત દેશનું સૌપ્રથમ રાજ્યઃ રાઘવજી પટેલ

અમદાવાદઃ વિધાનસભા ગૃહમાં કૃષિપ્રધાન રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતે દેશમાં સૌપ્રથમવાર ખેડૂતોને સ્માર્ટ ફોન ખરીદી પર સહાય આપવાની યોજના શરૂ કરી છે. ખેડા જિલ્લાના ૨,૨૪૬ ખેડૂત લાભાર્થીઓને સ્માર્ટ ફોન સહાય યોજના હેઠળ રૂા. ૧૦૦ લાખથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. ગુજરાતના ખેડૂતો હવામાન-વરસાદની આગાહી, સંભવિત રોગ-જીવાત ઉપદ્રવ અને તેના નિયંત્રણ માટેની માહિતી, ખેડૂત ઉપયોગી પ્રકાશનો, નવીનતમ ખેતપદ્ધતિ તેમ જ સરકારની કૃષિલક્ષી યોજનાઓની માહિતી ફોનના માધ્યમથી સરળતાથી મેળવી શકે તેવા શુભ આશય સાથે આ યોજના અમલમાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભવિષ્યમાં ગુજરાતના ખેડૂતો મોબાઈલ એપ્લિકેશન પર નોંધણી કરીને પોતાના ખેતરને જીઓ રેફરેંસિન્ગ દ્વારા માર્ક કરી શકશે.


**પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન**

**બીજી કોચનું એઆરટી / એઆરએમઇ કોચમાં રૂપાંતર ટેન્ડર દસ્તાવેજ**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડે. ચીફ મિકેનીકલ એન્જિનિયર, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, પશ્ચિમ રેલવે નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આવકારે છે. **ઈ-ટેન્ડર નં.: BVPW-2024-25-RSP-10; કામનું નામ:** બીવીપી વર્કશોપમાં બીજી કોચનું કાર્યક્ષેત્ર અનુસાર એઆરટી / એઆરએમઇ કોચમાં રૂપાંતર.; **કામનો અંદાજિત ખર્ચ:** ₹ 3,60,14,732.17/-; **બિડ સિક્યોરિટી:** ₹ 3,30,100/-; **ટેન્ડર ડોક્યુમેન્ટ ફી:** ₹ 0.00/-; **ટેન્ડર ઓફરની વેલિડિટી:** 60 દિવસ; **કામ પૂર્ણ કરવાનો સમયગાળો:** સ્વીકૃતિ પત્ર ઇસ્યુ થયાની તારીખથી 18 મહિના; **ટેન્ડર જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમય:** 02/04/2025 ના 10:30 કલાક; **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 02/04/2025 ના 11:00 કલાકે; **ઈસ્યુ કરનાર:** ડે. ચીફ મિકેનીકલ એન્જિનિયર, ચીફ વર્કશોપ મેનેજરની ઓફિસ, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, ભાવનગર - 364 003, પશ્ચિમ રેલવે; **મહત્વપૂર્ણ નોંધ:** ટેન્ડર ફક્ત ઇલેક્ટ્રોનિકલી રીતે https://www.ireps.gov.in પર જમા કરાવવાના રહેશે. અને ઈ-ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર સ્વિકારાશે નહીં અને આ ઓફિસમાં પ્રાપ્ત થયેલ કોઇપણ મેન્યુઅલ ઓફર ધ્યાનમાં લેવાશે નહીં અને ખોલાશે નહીં. 217

અમને લાઇક કરો: facebook.com/WesternRly

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

પેસ્ટ કન્ટ્રોલ ઓફિસ H/પશ્ચિમ વોર્ડ ઓફિસ, ભોંયતળિયે, રૂમ નં. ૦૪, રજી હસ્નાબાદ લેન, ખાર (પ), મુંબઈ-૪૦૦૦૫૦,
ટેલિ. નં. ૦૨૨-૨૬૪૨૨૩૧૧ એક્ષ્ટે. ૬૧૯, ૬૨૦, ૬૨૧.
**નં. AC/HW/૧૭૯૧/SR, તારીખઃ ૧૨-૦૩-૨૦૨૫**

**નોટિસ**

H/વેસ્ટ વોર્ડમાં ૭ મહિનાની મુદ્દત માટે બિલ્ડિંગ કંસ્ટ્રકસન સાઈટ્સ ખાતે ઈન્સેક્ટીસાઈડલ ટ્રીટમેન્ટ માટે ૪૩ વોલંટીયર્સ પૂરા પાડવા માટે મહારાષ્ટ્ર કો. ઓપ. સોસાયટી એક્ટ ૧૯૬૦ હેઠળ રજિસ્ટર્ડ હોય તેવી રજિસ્ટર્ડ સહકારી/ બેરોજગાર સેવા સહકારી સંસ્થાઓ (જેમનો ઉદ્દેશ્ય બેરોજગાર વ્યક્તિઓને નોકરી પૂરી પાડવાનો હોય) પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

ઈચ્છુક સંસ્થાઓએ B.M.C. પોર્ટલ http://portal.mcgm.gov.in પર અરજી ડાઉનલોડ કરી લેવી અથવા પેસ્ટ કંટ્રોલ અધિકારીની ઓફિસમાં સંપર્ક કરવો. ઓફિસનું સરનામુંઃ પેસ્ટ કંટ્રોલ ઓફિસ, H/વેસ્ટ વોર્ડ ઓફિસ, ગ્રાઉન્ડ ફ્લોર, રૂમ નં. ૦૪, રજી હસ્નાબાદ લેન, ખાર (વે.), મુંબઈ-૪૦૦૦૫૨ ટેલિ. નં. ૦૨૨-૨૬૦૦૮૭૩૭. એક્ષ્ટે. ૬૧૯, ૬૨૦, ૬૨૧.

પેસ્ટ કંટ્રોલ અધિકારીની ઓફિસમાં અરજીઓ સુપ્રત કરવાની અંતિમ તારીખઃ ૨૪.૦૩.૨૦૨૫ના બ. ૨ વાગ્યા પહેલાં કામના દિવસો પર રહેશે.

સહી/-
આસી. કમિશ્નર H/વેસ્ટ વોર્ડ

PRO/2809/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

**પશ્ચિમ રેલવે, ભાવનગર ડિવિઝન**

**પાર્સલ સ્પેસ ભાડા પટ્ટા પર આપવાના કોન્ટ્રેક્ટ માટે ઈ-હરાજી**

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરની ઓફિસ, પશ્ચિમ રેલવે, ભાવનગર પરા ડિવિઝન, પ્રથમ માળ, કોમર્શિયલ ડિપાર્ટમેન્ટ, ડીઆરએમ ઓફિસ, ગઢેચી વડલા, આરટીઓ સર્કલ પાસે, ભાવનગર પરા, ભાવનગર, ગુજરાત-364 003. **ઈમેલ: dcm.bvp.wr@gmail.com ફાઇલ નં.: C.78/1/36/E-Auction file (E-308148); તારીખ: 11/03/2025;** પશ્ચિમ રેલ્વે, ભાવનગર પરા ના ડિવિઝનલ રેલ્વે મેનેજર (વાણિજ્યિક) IREPS દ્વારા ભાવનગર ડિવિઝનથી ઉપડતી વિવિધ ટ્રેનોના SLR કમ્પાર્ટમેન્ટના લીઝ કોન્ટ્રાકટ માટે ઇ-ઓક્શન આમંત્રિત કરે છે. આ હરાજી IREPS વેબસાઇટ પર પ્રકાશિત કરવામાં આવી છે તેની વિગતો નીચે મુજબ છે:-

**ઈ-હરાજી આમંત્રણ નોટિસ**

કોન્ટ્રેક્ટના પ્રકાર: પાર્સલ સ્પેસનું લીઝિંગ કેટલોગ નંબર. LEASE-2024-28

સ્થાન અને એસેટની વિગતો

SLR ના 3.9/04 ટન પાર્સલ સ્પેસના લીઝ કોન્ટ્રાકટ માટે હરાજી:-

| અ.નં. | ટ્રેન નં. | કમ્પા. | ફ્રિક્વન્સી | થી | સુધી |
|---|---|---|---|---|---|
| 1 | 11087 | FSLR-I | શનિવાર | VRL (વેરાવળ) | PUNE (પુણે) |
| 2 | 22990 | FSLR | ગુરુવાર અને શનિવાર | MHV (મહુવા) | BDTS (બાંદ્રા ટર્મિનસ) |
| 3 | 20968 | RSLR-I | મંગળવાર | PBR (પોરબંદર) | SC (સિકંદરાબાદ જંક્શન) |
| 4 | 20968 | FSLR-I | મંગળવાર | PBR (પોરબંદર) | SC (સિકંદરાબાદ જંક્શન) |
| 5 | 20968 | FSLR-II | મંગળવાર | PBR (પોરબંદર) | SC (સિકંદરાબાદ જંક્શન) |
| 6 | 19256 | RSLR | રવિવાર, સોમવાર, મંગળવાર, બુધવાર અને શુક્રવાર | MHV (મહુવા) | ST (સુરત) |

(1) ઈ-હરાજી શરૂ થવાની તારીખ: **27/03/2025, 11:00 કલાકથી.** (2) હરાજીમાં ભાગ લેવા માટે IREPS E-Auction leasing portal પર રજીસ્ટ્રેશન જરૂરી છે. (3) વધુ વિગતો માટે, લોગ ઈન: www.ireps.gov.in 218

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

BRIHANMUMBAI MAHANAGARPALIKA

એન્જિનિયરિંગ હબ બિલ્ડીંગ, ભોંયતળીયે, વરલી નાકા નજીક, ડૉ. ઈ. મોસેસ રોડ, વરલી, મુંબઈ-૪૦૦૦૧૮.

નંબર ડે. ચીફ એન્જિ./૮૧૮૬/ટ્રાફિક ૧૧/૦૩/૨૦૨૫ના

ઈ-ટેન્ડર નોટીસ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચે દર્શાવેલ કામ માટે સીલબંધ ટેન્ડર આમંત્રિત કરે છે.

| ક્ર. નં. | કામનું નામ | વોર્ડ | રૂ.માં અંદાજિત કિંમત | બીડ નંબર | કરાર સમયગાળો | બારડી રૂ. | રૂ.માં સ્ક્રુટીની ફી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | 'A' વોર્ડમાં સર P.M. રોડ ખાતે અનરિઝર્વ્ડ કેટેગરી માટે સ્ટ્રીટ પે એન્ડ પાર્ક પર ચલાવવા માટેનું ટેન્ડર | 'A' વોર્ડ | રૂ. ૧,૫૦,૨૧,૬૦૦/- | ૨૦૨૫_MCGM_૧૧૫૯૪૬૭_૧ | ૨ વર્ષ | રૂ. ૩,૦૦,૫૦૦/- | રૂ. ૧૯,૪૭૦/- (GST સહિત) |

ઉપરોક્ત બિડની શરૂઆતની તારીખઃ ૧૩.૦૩.૨૦૨૫
વધુ વિગતો માટે મહાટેન્ડર પોર્ટલ પર લોગ ઓન કરો. (https://mahatenders.gov.in)

સહી/-
ડે. ચીફ એન્જી.(ટ્રાફિક)

PRO/2790/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

## રંગ ભરેલા ફુગ્ગા ફેંક્યા કે અશ્લીલ ચેનચાળા કર્યા

# તો આવી બનશે...

**હોળી-ધુળેટી નિમિત્તે મુંબઈ પોલીસે અમલી બનાવ્યા પ્રતિબંધાત્મક આદેશો**

મુંબઈઃ ધુળેટી નિમિત્તે થનારી ઉજવણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાને ખલેલ પહોંચાડનારા, અશ્લીલ ઇશારા કરનારા તેમ જ રંગ ભરેલા ફુગ્ગા ફેંકનારાઓની ખેર નથી, કારણ કે હોળી પહેલા જ મુંબઈ પોલીસે પ્રતિબંધાત્મક આદેશ જારી કર્યો છે. આ વખતે અશ્લીલ ગીતો ન ગાવા, અશ્લીલ શબ્દોનો ઉપયોગ ન કરવાની પોલીસ દ્વારા સૂચના આપવામાં આવી છે. આદેશનો ભંગ કરનારા લોકો સામે કાર્યવાહી કરવામાં આવશે.

મુંબઈ પોલીસ દ્વારા જારી કરાયેલા આ આદેશ અનુસાર ધુળેટી નિમિત્તે ૧૨થી ૧૮ માર્ચ દરમિયાન જાહેર સ્થળે અશ્લીલ ગીતો ગાવા, અશ્લીલ ઇશારા કરવા અને રસ્તા પરથી જતા લોકો પર રંગથી ભરેલા ફુગ્ગા ફેંકનારાઓ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. ડીસીપી (ઓપરેશન્સ) અકબર પઠાણે આ આદેશ જારી કર્યો છે, જેમાં કોમી તંગદિલી અને સાર્વજનિક શાંતિનો ભંગ થાય એવું કામ ન કરવું, એવું જણાવવામાં આવ્યું છે.

જાહેર સ્થળે અશ્લીલ ઇશારા-હાવભાવ કરવા, બીજાની મજાક ઉડાવવી, ચિત્રો, પ્રતીકો, બેનર કે અન્ય કોઇ પણ (જુઓ પાનું ૪) ▸▸

**કેટલા પોલીસ બંદોબસ્તમાં?**

| | |
|---|---|
| ૯,૧૪૬ | પોલીસ કર્મચારી |
| ૧,૭૬૭ | પોલીસ અધિકારી |
| ૫૯ | આસિસ્ટન્ટ પોલીસ કમિશનર |
| ૧૯ | ડેપ્યુટી પોલીસ કમિશનર |
| ૭ | એડિશનલ પોલીસ કમિશનર |



**અમે પણ કરી મજા...**

શહેરની દિવ્યાંગ બાળકો માટેની શાળાના વિદ્યાર્થીઓએ ગઈ કાલે મન મૂકીને રંગોના તહેવારની ઉજવણી કરી હતી. રંગોત્સવને કારણે તેમના ચહેરા પર આનંદનો રંગો વિખરાયા હતા અને તેમની ખુશીનો કોઈ પાર નહોતો રહ્યો. (અમય ખરાડે)

## સરકાર સે નારાઝ નહીં, પરેશાન હૂં: મુનગંટીવાર

### ભાજપના જ વિધાનસભ્યે ગૃહમાં સરકાર સામે કર્યા શરસંધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ 'હું પ્રધાનને કેટલાક સૂચનો કરવા જઈ રહ્યો છું, પરંતુ મને એક વાતનો અફસોસ પણ છે. મને આ અફસોસ વ્યક્ત કરવામાં મોટી મુશ્કેલી પડી રહી છે. જ્યારે હું કશુંક કહું છું, ત્યારે ટીવી ચેનલના લોકો એવા અહેવાલો ચલાવવા લાગે છે કે, તેઓ (મુનગંટીવાર) નારાજ છે, કારણ કે મને પ્રધાનપદું આપવામાં આવ્યું નથી. ખરેખર, મને એક ગીત ગમે છે. કારણ કે આપણા પ્રિય નેતા નીતિન ગડકરી, જેમને હું મારા હૃદયથી પ્રેમ કરું છું, તેઓ હંમેશા આ મહાન ગીત ગાતા હોય છે. તુઝસે નારાજ નહીં જિંદગી હૈરાન હૂં મૈં, તેરે માસુમ સવાલોં સે પરેશાન હૂં મૈં.' એમ ભાજપના વિધાનસભ્ય સુધીર મુનગંટીવારે વિધાનસભામાં ગીત ગાયું હતું.

'કેટલીકવાર પત્રકારો પૂછે છે કે શું તમે નારાજ છો? તમારા નિર્દોષ પ્રશ્નોથી હું પરેશાન છું. વાસ્તવમાં, અમે આ ગૃહમાં કોઈ પદ મેળવવા માટે નથી આવ્યા. અમારું લક્ષ્ય ચૂંટણી જીતવાનું નથી. અમે અમારા મતવિસ્તારના નાગરિકોના દિલ જીતવા માટે મુદ્દાઓ ઉઠાવીએ છીએ,' એમ સુધીર મુનંગટીવારે કહ્યું હતું.

'હું નાયબ મુખ્ય પ્રધાનનું ધ્યાન દોરવા માગું છું કે આપણે ખરેખર શું ધ્યાન આપવું જોઈએ? હજી રાજ્યની આવક વધી શકે છે. સૌથી વધુ સંસાધનોનો ઉપયોગ કરી શકાય છે. હવે આપણે ફક્ત આપણા પોતાના કરવેરા પર ધ્યાન આપવું જોઈએ. ૨૦૧૭-૧૮માં આપણું પોતાનું કરવેરાનું કલેક્શન વધારે હતું. હવે તેમાં થોડો ઘટાડો થયો (જુઓ પાનું ૪) ▸▸

## પીઓપીની મૂર્તિઓનો ઉપયોગ શક્ય બનશે?

### પીઓપીથી પ્રદૂષણ નથી ફેલાતું એવો કેટલીક સંસ્થાનો અહેવાલ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને રાજ્ય સરકાર મોકલશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોમ્બે હાઈકોર્ટે પ્લાસ્ટર ઓફ પેરિસ (પીઓપી)ની મૂર્તિઓ પર્યાવરણની દૃષ્ટિએ રીતે જોખમી હોવાનો ચુકાદો આપ્યા બાદ રાજ્ય સરકારે પીઓપીની મૂર્તિઓના નિર્માણ, વેચાણ અને વિસર્જન પર પ્રતિબંધ મૂક્યો હતો. આ ચુકાદા બાદ પહેલી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ મુંબઈ મહાનગરપાલિકાએ ખાડી અથવા દરિયામાં પીઓપીની મૂર્તિઓના વિસર્જન પર પ્રતિબંધ મૂકવાનો આદેશ જારી કર્યો હતો. જોકે, શિલ્પકાર અને ભક્તો આ નિર્ણયનો સખત વિરોધ કરી રહ્યા છે. બુધવારે વિધાનસભામાં મુદ્દો રજૂ કરવામાં આવ્યો હતો કે આ નિર્ણયની મુંબઈ અને થાણેમાં ગણેશોત્સવ અને નવરાત્રી ઉત્સવો પર ભારે અસર પડશે. પર્યાવરણ અને આબોહવા પરિવર્તન ખાતાના પ્રધાન પંકજા મુંડેએ આ મુદ્દે જવાબ આપ્યો હતો.

વિધાનસભ્ય ચંદ્રકાંત નવઘરેએ આ મુદ્દો માંડ્યો હતો. શિલ્પકારોએ આ પ્રતિબંધ સામે નારાજગી વ્યક્ત કરી છે અને રાજ્ય સરકારના નિર્ણય સામે આક્રમક (જુઓ પાનું ૪) ▸▸

**મહારાષ્ટ્રમાં પોલીસ જ છે અસલામત**

## ત્રણ વર્ષમાં તેમના પર ૨,૪૧૦ હુમલા

### આમાં મુંબઈનો છે પહેલો નંબર

મુંબઈઃ કાયદો અને સુવ્યવસ્થાની જવાબદારી જેમના શિરે છે તે ખુદ પોલીસ જ અસુરક્ષિત હોવાનું જાણવા મળે છે. છેલ્લાં ત્રણ વર્ષમાં રાજ્યમાં પોલીસ પર હુમલાની ૨,૪૧૦ ઘટનાઓ બની છે, જેમાંથી સૌથી વધુ મુંબઈમાં બની હોવાનું આંકડા દર્શાવે છે.

હાલમાં જ ચંદ્રપુરમાં બે પોલીસ કોન્સ્ટેબલ પર હુમલાની ઘટના બની હતી. બારમાલિક અને ગ્રાહક વચ્ચેની રકઝકમાં મધ્યસ્થી કરનારા કોન્સ્ટેબલો પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં દિલીપ ચવ્હાણનું મૃત્યુ થયું હતું અને સંદીપ ચાફલે ગંભીર રીતે ઘવાયો હતો. આ ઘટનાને પગલે રાજ્યમાં પોલીસ જ અસુરક્ષિત (જુઓ પાનું ૪) ▸▸

**દીકરી હોય તો આવી...**

## સવારે દસમાનું પેપર લખ્યું ને બપોરે માતાની ચિતાને અગ્નિ આપ્યો

મુંબઈઃ માતા-પિતાની અંતિમક્રિયામાં પુત્રની જ હાજરી હોવાની લાંબા સમયથી ચાલી આવતી પરંપરા હવે બદલાઈ રહી છે. રાજ્યના સાતાર્ડા જાધવ વાડી વિસ્તારમાં એક છોકરીએ સવારે ગણિતનું એસએસસીનું પેપર લખીને બપોરે માતાની ચિતાને મુખાગ્નિ આપ્યો હતો. આ ઘટનાને પગલે છોકરી અને તેને ટેકો આપનારા સમાજના સુધારાવાદી કાર્યકરોની હિંમતને શાબાશી આપવામાં આવી રહી છે.

સાતાર્ડા જાધવ વાડીની રહેવાસી રૂપાલી રાજન જાધવ (૪૮)નું રવિવારે સાંજે ટૂંકી માંદગી બાદ નિધન થયું હતું. પરિવારમાં તેમના પતિ અને બે પુત્રી હોવાથી તેમના અંતિમ સંસ્કાર કોણ કરશે એ સવાલ હતો. દેવસુ તાલુકા પેડને (ગોવા)માં આવેલી અંગ્રેજી માધ્યમની શાળામાં ધોરણ ૧૦માં અભ્યાસ કરતી અને સોમવારે જ ગણિતનું પેપર આપવાનું હોવાથી મોટી પુત્રી ધનશ્રીને એક તરફ માતાના દુઃખ અને બીજી તરફ ભવિષ્યનો પ્રશ્ન હોવાથી મોટી સમસ્યા ઊભી થઈ હતી.

જોકે, આ જ ગામના સામાજિક કાર્યકર અને સાહિત્યકાર ચંદ્રકાન્ત જાધવે આ બાબત પર શાળા પ્રશાસનનું ધ્યાન દોર્યું હતું. વહીવટી તંત્રએ તાત્કાલિક વિદ્યાર્થિનીના ઘરે જઈને તેને સાંત્વના આપી પરીક્ષાનું મહત્વ સમજાવ્યું હતું, ત્યારબાદ ધનશ્રી પરીક્ષા આપી શકે અને તેને પરત લાવવાની જવાબદારી શાળાના વહીવટી તંત્રએ ઉપાડી લીધી હતી. પરીક્ષા આપ્યા પછી ધનશ્રીને માતાના અંતિમ સંસ્કારમાં પરત લાવવાની જવાબદારી પણ લીધી હતી. પેપર પૂરું થયા પછી બપોરે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા (જુઓ પાનું ૪) ▸▸

## મરાઠીમાં કેમ ન બોલી?: ટેલિકોમ કંપની સાથે વિવાદ

**ટેલિકોમ કંપનીની મહિલા કર્મચારીએ મરાઠીમાં વાતચીત કરવાની સાફ ના પાડતાં ધમાલ**

મુંબઈઃ મહારાષ્ટ્રમાં સ્થાનિક ભાષાના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટેની હાકલ ભાજપનાં વિધાનસભ્ય ચિત્રા વાઘે બુધવારે કરી હતી. આ મામલે એક ટેલિકોમ કંપનીએ તેનો ઈનકાર કરી દેતાં વિવાદ મધપૂડો છંછેડાયો છે. એક અગ્રણી ટેલિકોમ કંપનીની મહિલા કર્મચારીનો મરાઠી ગ્રાહક સાથેનો વાતચીત કરવાનો ઈનકાર કરતો વીડિયો વાયરલ થયા બાદ વિવાદ સર્જાયો હતો.

ભાજપનાં મહિલા પાંખનાં વડાંનો પણ હોદ્દો ધરાવતાં વાઘે મરાઠી ભાષા પર ભાર મૂકતાં કહ્યું હતું કે જો કોઇ મહારાષ્ટ્રમાં રહે છે તો તેણે મરાઠી ભાષાને જાણવી જોઇએ. જો એ ન જાણતો હોય તો તેણે થોડું શીખવું જોઇએ અને તેનો આદર કરવો જોઇએ.

વાઘના આવા ફરમાન બાદ એક અગ્રણી ટેલિકોમ કંપનીની મહિલા કર્મચારીએ વીડિયો દ્વારા આ વાતનો ઈનકાર કરી દીધો હતો. આ વીડિયો વાયરલ થયો હતો અને એ વાઘે પણ જોયો હતો. તેમણે કહ્યું હતં કે એ ગેલેરીમાં અસભ્યતા અને ઘમંડ ભારોભાર છલકાતા જોવા મળતા હોય છે. તેમણે આ કંપની સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની પણ માગ કરી હતી.

તેમણે કંપનીને આપેલા એક સંદેશમાં કહ્યું હતું કે દરેક મેનેજર અને કર્મચારી મરાઠી ભાષામાં નિપુણ હોવા જોઇએ. નોકરી આપતા સમયે મરાઠી ભાષા અસ્ખલિત બોલી શકનારાઓને પ્રાથમિકતા આપવી જોઇએ.■

## રેડી રેકનર્સના રેટ્સમાં ૧૦થી ૧૫ ટકા વધારાની યોજના નથી: બાવનકુળે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રેડી રેકનરના દર અંગે રાજ્યભરમાં હાલમાં એક સર્વે ચાલી રહ્યો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, કેટલાક વિસ્તારોમાં રેડી રેકનર દરમાં વધારો થયો છે, જ્યારે અન્ય વિસ્તારોમાં દર સ્થિર રાખવામાં આવ્યા છે. ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫માં કોઈ ભાવ વધારો થયો નથી. કેટલાક મીડિયા અહેવાલોમાં ૧૦-૧૫ ટકાના ભાવ વધારા અંગે ચર્ચા થઈ રહી છે, પરંતુ મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ બુધવારે વિધાન પરિષદમાં એવી સ્પષ્ટતા કરી હતી કે આ અહેવાલો પાયાવિહોણા છે.

વિધાન પરિષદના સભ્યો સુનિલ શિંદે, એડવોકેટ અનિલ પરબ, સચિન આહિરે મિલકતોની ખરીદી અને વેચાણ સમયે વસૂલવામાં (જુઓ પાનું ૪) ▸▸




PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

## ૧૦૦ અને ૨૦૦ રૂપિયાની નવી નોટ આવી રહી છે

**ગભરાતા નહીં, જૂની નોટો પણ ચલણમાં તો રહેશે જ**

મુંબઈઃ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ ૧૦૦ અને ૨૦૦ રૂપિયાની નોટ અંગે મોટી જાહેરાત કરી છે. આરબીઆઈ નજીકના સમયમાં જ બંને નવી નોટો બહાર પાડવાની છે. જોકે આ નોટોમાં કોઇ મોટો ફેરફાર નહીં હોય, માત્ર ગવર્નરની સહી બદલાયેલી હશે. હવે ગવર્નર સંજય મલ્હોત્રાની સહીવાળી નોટો બહાર પાડવામાં આવશે, એવી જાહેરાત આરબીઆઈએ માહિતી આપી હતી. આ એક સામાન્ય પ્રક્રિયા છે અને દરેક નવા ગવર્નરની નિમણૂક બાદ તેની સહી ધરાવતી નોટો બહાર પાડવામાં આવતી હોય છે.

જોકે આરબીઆઈએ એક વાતની સ્પષ્ટતા કરી હતી કે ૧૦૦ અને ૨૦૦ રૂપિયાની જૂની નોટો ચલણમાં રહેશે અને તેને બદલવામાં આવશે નહીં. ફક્ત જૂની નોટોને સ્થાને નવી નોટો માર્કેટમાં આવશે. આ નોટો નજીકના સમયમાં જ બેંકો અને એટીએમમાં ઉપલબ્ધ થશે, એવું આરબીઆઈએ જણાવ્યું હતું.

દરમિયાન પાંચ વર્ષમાં રોકડ રકમનો આંકડો બમણાથી પણ વધી ગયો હોવાનું આરબીઆઈએ તેના એક અહેવાલમાં જણાવ્યું હતું. બે હજાર રૂપિયાની નોટને બાદ કર્યા બાદ દેશમાં રોકડનું ચલણ અગાઉ કરતાં વધ્યું છે. આરબીઆઈ ડેટા પર નજર કરીએ તો તમને જાણ થશે કે માર્ચ ૨૦૧૭માં રોકડ નોટો ૧૩.૩૫ લાખ કરોડ માર્કેટમાં ઉપલબ્ધ હતી, જ્યારે માર્ચ, ૨૦૨૪માં એ આંકડો ૩૫.૧૫ લાખ કરોડ પર પહોંચી ગયો છે. આ ઉપરાંત યુપીઆઈ દ્વારા ડિજિટલ વ્યવહાર પણ ઝડપથી વધી રહ્યો છે. માર્ચ, ૨૦૨૦માં યુપીઆઈનો વ્યવહાર ૨.૦૬ લાખકરોડ હતો, જે ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી ૧૮.૦૭ લાખ કરોડ રૂપિયા સુધી વધી ગયો છે. ■

## પુણે બળાત્કાર કેસમાં બેદરકારી બદલ ચાર પરિવહન અધિકારીઓ સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે મંગળવારે પુણે શહેરના સ્વારગેટ બસ ડેપો પરિસરમાં એક મહિલા પર બળાત્કારની ઘટનામાં બેદરકારી દાખવવા બદલ રાજ્ય સરકાર દ્વાર સંચાલિત મહારાષ્ટ્ર રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (એમએસઆરટીસી)ના એક સિનિયર મેનેજર સહિત ચાર અધિકારીઓને સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી હતી. પરિવહન ખાતાના પ્રધાન પ્રતાપ સરનાઈકે મુંબઈમાં ચાલી રહેલા વિધાનસભાના બજેટ સત્રમાં આ જાહેરાત કરી હતી.એક નિવેદનમાં, સરનાઈકે જણાવ્યું હતું કે પચીસ ફેબ્રુઆરીએ ડેપોમાં (જુઓ પાનું ૪) ▸▸

### પુણેના બળાત્કારીને ૨૬ માર્ચ સુધી પોલીસ કસ્ટડી

પુણેઃ રાજ્યની અદાલતે બુધવારે પુણેના સ્વારગેટ વિસ્તારના બસ રેપ કેસના આરોપીને ૨૬ માર્ચ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યો છે. પોલીસે જણાવ્યું હતું કે, આરોપી દત્તાત્રેય ગાડેએ પચીસ ફેબ્રુઆરીની વહેલી સવારે પુણેના સ્વારગેટ બસ ટર્મિનસ પર ઊભેલી રાજ્ય પરિવહન (એમએસઆરટીસી) બસની અંદર ૨૬ વર્ષની મહિલા પર કથિત રીતે બળાત્કાર ગુજાર્યો હતો. ૧૨ દિવસની પોલીસ કસ્ટડી બાદ ગાડેને બુધવારે બપોરે અદાલતમાં રજૂ કરવામાં આવ્યો હતો.

ક્રાઇમ બ્રાન્ચના અધિકારીએ જણાવ્યું હતું કે 'અમે તેની (જુઓ પાનું ૪) ▸▸

## નકલી અને આર્ટિફિશ્યલ પનીરના વેચાણ સામે કડક કાર્યવાહી: અજિત પવાર

### ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન પ્રયોગશાળાઓને નોંધપાત્ર ભંડોળ અપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નકલી પનીર અથવા કૃત્રિમ પનીર ચોક્કસપણે નાગરિકોના સ્વાસ્થ્ય માટે જોખમી છે. આ પનીર વેચનારાઓ અને તેમાં સામેલ લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. એનાલોગ પનીરના નામ હેઠળ કૃત્રિમ પનીર અથવા નકલી પનીરના વેચાણ અંગે સંબંધિત અધિકારીઓ, જનપ્રતિનિધિઓ અને ક્ષેત્રના નિષ્ણાતો સાથે બેઠક યોજવામાં આવશે એમ વિધાનસભામાં એક ધ્યાનાકર્ષક સૂચનાના જવાબમાં નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે બુધવારે જણાવ્યું હતું અને કહ્યું હતું કે આ બેઠકમાં નિર્ણય લીધા બાદ નકલી પનીરના વેચાણ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

રાજ્યમાં એનાલોગ ચીઝ, એનાલોગ પનીર, કૃત્રિમ પનીર અથવા નકલી પનીર નામથી વેચાઈ રહ્યું છે તે અંગે સભ્ય વિક્રમ પાચપુતેએ અને કૈલાસ પાટીલે આ મુદ્દો વિધાનસભામાં ઉપસ્થિત કર્યો હતો.

જવાબમાં માહિતી આપતાં નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે જણાવ્યું હતું કે, ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ ઓળખવા માટે નમૂના લેવામાં આવે છે. આ નમૂનાઓની તપાસ (જુઓ પાનું ૪) ▸▸




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**